સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...

Year : 04, Issue : 107, Dt. 02-09-2026 (WEDNESDAY) Rs. 02/- Page : 34, RNI No. GUJGUJ/2023/84789

## લોકમેળો શરૂ : રાજકોટ બનશે ગોકુળિયુ : શાળાઓમાં 6 દિવસનું વેકેશન

# મોજ કરાવશે ‘મેળો’!

**સિટી ન્યૂઝ**
**સૌરાષ્ટ્રનો ધબકાર...**

### અંક બંધ

જન્માષ્ટમી પર્વ નિમિતે ‘સિટી ન્યૂઝ’ કાર્યાલય તા. 03, 04, 05, 06ને ગુરુ, શુક્ર, શનિ, રવિવારે રજા પાળશે. જેથી અંક પ્રસિદ્ધ થશે નહીં. તા. 07/09/2026ને સોમવારથી રાબેતા મુજબ અંક પ્રકાશિત થશે.

– મુખ્ય વ્યવસ્થાપક



## પરંપરા, સંસ્કૃતિ, ખાનપાન, ખુશીઓનો મેળાવડો

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટમાં લોકમેળાની શરૂઆત સાથે જ શહેરમાં ઉત્સવનો માહોલ જોવા મળશે. લોકમેળો એટલે રાજકોટવાસીઓ માટે મોજ-મસ્તી, આનંદ અને ઉત્સાહનો અનોખો અવસર. મેળાને લઈને બાળકો, યુવાનો તેમજ પરિવારોમાં અત્યારથી જ ઉત્સુકતા જોવા મળી રહી છે.

લોકમેળામાં પરંપરા, સંસ્કૃતિ, ખાનપાન અને ખુશીઓનો મેળાવડો જોવા મળશે. ગુજરાતની લોકસંસ્કૃતિ અને પરંપરાગત જીવનશૈલીની ઝલક સાથે વિવિધ પ્રકારના સ્ટોલ અને મનોરંજનના આકર્ષણો મેળાની રંગત વધારશે. ખાસ કરીને બાળકો અને પરિવારજનો માટે મેળો આનંદનો મોટો અવસર બની રહેશે. લોકમેળાની સાથે રાજકોટમાં રજાનો માહોલ પણ જોવા મળશે. શાળાઓમાં ૬ દિવસનું વેકેશન જાહેર થતાં મોટી સંખ્યામાં લોકો પરિવાર સાથે મેળાની મુલાકાત લે તેવી શક્યતા છે. રજાના દિવસોમાં શહેર ઉપરાંત આસપાસના વિસ્તારોમાંથી પણ લોકો રાજકોટના લોકમેળામાં ઉમટી પડે તેવી અપેક્ષા છે. મેળામાં મનોરંજન ઉપરાંત ખાણીપીણીના વિવિધ સ્ટોલ પણ લોકો માટે આકર્ષણનું કેન્દ્ર બનશે. પરંપરાગત ગુજરાતી વાનગીઓ સહિત વિવિધ પ્રકારની ખાણીપીણીની વસ્તુઓનો સ્વાદ માણવાની તક મળશે. સાથે જ ખરીદી માટેના સ્ટોલ, લોકકળા અને વિવિધ પ્રવૃત્તિઓ મેળાની મુલાકાતને વધુ યાદગાર બનાવશે.

રાજકોટનો લોકમેળો માત્ર મનોરંજન પૂરતો સીમિત નથી, પરંતુ ગુજરાતની લોકપરંપરા અને સંસ્કૃતિને જીવંત રાખતો ઉત્સવ પણ છે. મેળાની શરૂઆત સાથે રાજકોટમાં ઉત્સવની રોનક વધશે અને આગામી દિવસોમાં શહેરમાં લોકમેળાની રંગત જોવા મળશે. પરિવાર સાથે આનંદ માણવા માટે રાજકોટવાસીઓમાં લોકમેળાને લઈને ખાસ ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

### મંત્રી જીતુ વાઘાણીનો કાર્યક્રમ રદ્દ, સ્થાનિક નેતાઓ જ મેળાનું ઉદ્દઘાટન કરશે

## મેળો શરૂ, રાઈડ્સ લોક?

### વિવિધ વિભાગો દ્વારા તપાસ શરૂ છે SOP અને સેફ્ટી ચકાસણી બાદ જ અંતિમ મંજૂરી : DCP

રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રના સૌથી મોટા ૫ દિવસીય લોકમેળાનો આજથી પ્રારંભ થવા જઈ રહ્યો છે ત્યારે મેળાના ઉદ્દઘાટનના ૪ કલાક પૂર્વે એક પણ યાંત્રિક રાઈડસને મંજૂરી આપવામાં આવી નથી. જેના કારણે સતત બીજા વર્ષે રાજકોટનો લોકમેળો ‘ચકડોળે’ ચડ્યો છે. જો કે નિયમ મુજબ જરૂરી ડોક્યુમેન્ટ્સ પૂર્ણ કરી દેવામાં આવશે અને સેફ્ટી એન્ડ ઈન્સ્પેક્શન કમિટી દ્વારા હકારાત્મક અભિપ્રાય આપવામાં આવશે ત્યારબાદ રાઈડસને મંજૂરી આપવામાં આવશે. રાજકોટ શહેર ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવાએ જણાવ્યું હતું કે, લોકમેળામાં લોકોની સુરક્ષાને ધ્યાનમાં રાખી રાઈડ્સ માટે SOPની કડક અમલવારી ચોક્કસ કરવામાં આવશે.

**આજે તમામ રાઈડ્સને મંજૂરી મળી જવાની શક્યતા**

પરવાનગી માટે ૧૧ અરજદાર દ્વારા કુલ ૩૪ યાંત્રિક રાઈડ્સ માટે મંજૂરી માંગવામાં આવી છે જેની અલગ અલગ વિભગના અધિકારીઓ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે જે તપાસ પૂર્ણ થયા બાદ હકારાત્મક રિપોર્ટ મળશે, ત્યાર બાદ યાંત્રિક રાઈડસને મંજૂરી આપવામાં આવશે. આજે બપોરના ૧૨ વાગ્યા સુધી એક પણ રાઈડસને મંજૂરી આપવામાં આવી નથી.



# રાજકોટમાં મટકીફોડની સાથે ગીરનો ધમાલ રાસ

## ચૌધરી હાઈસ્કૂલ ગ્રાઉન્ડમાં 4 સપ્ટેમ્બરે રાત્રે 8થી 11 સુધી ભવ્ય સ્પર્ધા, સીદી બાદશાહની ટીમ ગીરનો પ્રખ્યાત ધમાલ રાસ રજૂ કરશે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવ નિમિત્તે ૪ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ ચૌધરી હાઈસ્કૂલ ગ્રાઉન્ડ ખાતે ભવ્ય મટકીફોડ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. રાત્રે ૮થી ૧૧ વાગ્યા સુધી યોજાનારા આ રંગારંગ કાર્યક્રમમાં શહેરની વિવિધ મટકીફોડ મંડળીઓ ભાગ લેશે. જન્માષ્ટમીની પરંપરાગત ઉજવણીને વધુ ભવ્ય અને આકર્ષક બનાવવા માટે આ વર્ષે કાર્યક્રમમાં ખાસ નવું આકર્ષણ પણ ઉમેરવામાં આવ્યું છે.

મટકીફોડ સ્પર્ધા દરમિયાન સીદી બાદશાહની ટીમ દ્વારા ગીરનું પ્રખ્યાત ધમાલ રાસ એટલે કે આદિવાસી નૃત્ય રજૂ કરવામાં આવશે. મટકી ફોડની રોમાંચક સ્પર્ધા સાથે ધમાલ રાસની રંગત જોવા મળતાં સમગ્ર કાર્યક્રમમાં ઉત્સવનો માહોલ વધુ જીવંત બનશે. શહેરની વિવિધ મટકીફોડ મંડળીઓને મોટી સંખ્યામાં જોડાઈ રાજકોટની ઉત્સવપ્રિય પરંપરાને વધુ જીવંત બનાવવા મહાનગરપાલિકા દ્વારા



આહ્વાન કરવામાં આવ્યું છે.

કાર્યક્રમમાં સ્પેશિયલાઈઝ્ડ પિરામિડ મંડળીઓ એટલે કે ગોવિંદા મંડળીઓ દ્વારા મટકી ફોડવામાં આવશે. સાથે DJ દ્વારા કૃષ્ણ ભક્તિના ગીતો રજૂ કરવામાં આવશે અને ભવ્ય લાઈટિંગ તથા શોભાસજ્જા કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ રહેશે. મટકી ફોડ દરમિયાન રોમાંચ, ઉત્સાહ અને ટીમવર્કનો સંગમ જોવા મળશે, જેના પગલે મોટી સંખ્યામાં લોકો ચૌધરી હાઈસ્કૂલ ગ્રાઉન્ડ ખાતે ઉમટી પડે તેવી શક્યતા છે.

મટકીફોડ સ્પર્ધામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનારી મંડળીઓ માટે આકર્ષક ઈનામો પણ જાહેર કરવામાં આવ્યા છે. પ્રથમ ક્રમે આવનારી મંડળીને રૂ.૧,૫૦,૦૦૦, દ્વિતીય ક્રમે આવનારી મંડળીને રૂ.૧,૨૧,૦૦૦ અને તૃતીય ક્રમે આવનારી મંડળીને રૂ.૧,૦૧,૦૦૦નું ઈનામ આપવામાં આવશે. સ્પર્ધામાં ભાગ લેનારી તેમજ વિજેતા મંડળીઓને પુરસ્કાર સાથે શિલ્ડ આપી સન્માનિત કરવામાં આવશે.

મહાનગરપાલિકા દ્વારા જન્માષ્ટમીના પાવન પર્વની રાત્રે યોજાનારા આ ભવ્ય કાર્યક્રમમાં રાજકોટના નાગરિકોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા અને મટકીફોડ મંડળીઓનો ઉત્સાહ વધારવા હાર્દિક આમંત્રણ આપવામાં આવ્યું છે. મેયર ડૉ. નેહલ શુક્લ, ડેપ્યુટી મેયર દક્ષાબેન વસાણી, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પરેશભાઈ પીપળીયા, મ્યુનિ. કમિશનર તુષાર સુમેરા સહિતના પદાધિકારીઓએ નાગરિકોને ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવની ઉજવણીમાં સહભાગી બનવા અપીલ કરી છે.

### વિજેતા મંડળીઓ માટે ઈનામો

- પ્રથમ ઈનામ રૂ. 1,50,000
- દ્વિતીય ઈનામ રૂ. 1,21,000
- તૃતીય ઈનામ રૂ. 1,01,000
- સ્પર્ધામાં ભાગ લેનાર તેમજ વિજેતાઓને પુરસ્કાર સહિત શિલ્ડ આપી સન્માનિત કરાશે.

## ખેતરોમાં પાક ઉભો છે, પરંતુ પાકની આંખોમાં પાણી નથી

# હે દ્વારકાધીશ ; સૌરાષ્ટ્રની તરસેલી ધરતી પર વરસાદ લાવો, મોંઘવારી હળવી કરો



## નાથ તમે ખેડૂતના ખેતરમાં લીલોતરી લાવો અને ગરીબના ઘરમાં ચૂલો શાંતિથી સળગે તેવી સ્થિતિ બનાવો....




સૌરાષ્ટ્રની ધરતી આજે આકાશ સામે મીટ માંડીને બેઠી છે. ખેતરોમાં પાક ઊભો છે, પરંતુ પાકની આંખોમાં પાણી નથી. કૂવા-બોરના તળિયા દેખાવા લાગ્યા છે અને ખેડૂતોના હૈયામાં ચિંતા ઊંડી થતી જાય છે. આકાશ વાદળો તો બતાવે છે, પણ મેઘરાજા મન મૂકીને વરસતા નથી. સૌરાષ્ટ્રમાં વરસાદની અછત એટલી ગંભીર બની છે કે અનેક વિસ્તારોમાં દુકાળ જેવી સ્થિતિનો ભય ઊભો થયો છે. તાજેતરના આંકડા પણ સૌરાષ્ટ્રની વરસાદી અછતની ગંભીરતા દર્શાવે છે.

આ માત્ર ખેડૂતની મુશ્કેલી નથી. વરસાદ ખૂટે એટલે ખેતરમાં પાક ખૂટે, પાક ખૂટે એટલે બજારમાં પુરવઠો ઘટે અને પુરવઠો ઘટે એટલે મોંઘવારીનો માર સામાન્ય માણસ સુધી પહોંચે. એટલે આજે સૌરાષ્ટ્રની સુકાતી ધરતી અને બજારમાં વધતા ભાવ--- બંને એકબીજા સાથે જોડાયેલા પ્રશ્નો છે.

એક તરફ ખેડૂત મગફળી, કપાસ અને અન્ય ખરીફ પાકને બચાવવા આકાશ તરફ જોઈ રહ્યો છે; બીજી તરફ ગૃહિણી રસોડાનું બજેટ કેવી રીતે સંભાળવું તેની ચિંતા કરી રહી છે.

વરસાદની અછતથી ખેતી અને પશુપાલન પર દબાણ વધે તો આવનારા દિવસોમાં ખાદ્યપદાર્થોના ભાવ પર પણ અસર પડી શકે છે. દેશભરમાં વરસાદની અછતને કારણે પાક અને ખાદ્ય પુરવઠા અંગે ચિંતા વ્યક્ત થઈ રહી છે.આ સંજોગોમાં જન્માષ્ટમીનો પવિત્ર તહેવાર સામે છે. કાનુડાની જન્મજયંતિએ સૌરાષ્ટ્રની પ્રજા આજે એક જ પ્રાર્થના કરે છે.

"હે વરુણદેવ, હવે તો રીજો! હે કાનુડા, સૌરાષ્ટ્રની ધરતી પર કૃપા વરસાવો. ખેડૂતના ખેતરમાં લીલોતરી લાવો અને ગરીબના ઘરમાં ચુલો શાંતિથી સળગે તેવી સ્થિતિ બનાવો." પરંતુ પ્રાર્થનાની સાથે સરકાર અને સમાજની જવાબદારી પણ એટલી જ મોટી છે. વરસાદ ન પડે ત્યારે ખેડૂતોને માત્ર આશ્વાસન નહીં, પરંતુ સમયસર રાહત, પાક નુકસાનનું યોગ્ય મૂલ્યાંકન, પાણીની વ્યવસ્થા અને પશુઓ માટે ઘાસચારાની વ્યવસ્થા જરૂરી છે. જ્યાં પીવાના પાણીની તંગી ઊભી થવાની શક્યતા હોય ત્યાં આગોતરી વ્યવસ્થા કરવી પડશે. સરકાર દ્વારા સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં પીવાના પાણીની પ્રાથમિકતાને ધ્યાનમાં રાખીને પાણી પહોંચાડવાના પગલાં લેવાયા છે, પરંતુ પરિસ્થિતિ પર સતત નજર રાખવી જરૂરી છે.

સાથે સાથે મોંઘવારીના નામે કોઈ વેપારી કૃત્રિમ ભાવવધારો કરે નહીં, સંગ્રહખોરી કે કાળાબજારીને સ્થાન ન મળે અને જરૂરી ચીજવસ્તુઓ સામાન્ય માણસને વાજબી ભાવે મળે તે માટે તંત્રએ કડક નજર રાખવી પડશે. સૌરાષ્ટ્ર વરસાદ માગે છે, દયા નહીં. ખેડૂત રાહત માગે છે, ઉપકાર નહીં. અને સામાન્ય માણસ મોંઘવારીમાંથી મુક્તિ માગે છે, ખાલી આશ્વાસન નહીં.આ જન્માષ્ટમીના પર્વે દ્વારકાધીશના દ્વારે સૌરાષ્ટ્રની પ્રાર્થના પહોંચે

"હે દ્વારકાધીશ! આ ધરતીને તરસેલી ન રાખશો. વરુણદેવને રીઝવશો. મેઘોને સૌરાષ્ટ્ર તરફ વાળશો. ખેડૂતના પાકને બચાવશો અને જનતાના જીવનમાંથી મોંઘવારીનો ભાર હળવો કરશો." હવે સૌરાષ્ટ્રની નજર આકાશ પર છે. વાદળો માત્ર ઘેરાય નહીં વરસે પણ! અને મેઘરાજા એવા વરસે કે ધરતી તૃપ્ત થાય, ખેડૂત હસે અને જનતાના ચહેરા પર ફરી આશાનો ઉજાસ દેખાય. વરુણદેવ, હવે તો રીજો! સૌરાષ્ટ્રની ધરતી તમને પોકારી રહી છે.

## ‘લાલ ઝેર’નો ધીકતો ધંધોઃ હોટલ-લારીઓમાં બેફામ વેંચાણ

# રાજકોટમાં તહેવારોમાં પીરસાશે નકલી ટમેટા સોસ?

» **ટમેટાં વગરના સોસથી લઈને કેમિકલ-કલરના ઉપયોગ સુધીનો ખેલઃ નકલી સોસનું કરોડોનું બજાર**

» **સસ્તા ભાવે મળતા સોસ પાછળ ગ્રાહકોના આરોગ્ય સાથે ખુલ્લેઆમ થઈ રહ્યા છે ચેડાં**

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ટામેટાં વગરના સોસથી લઈને કેમિકલ-કલરના ઉપયોગ સુધીનો ખેલ; સસ્તા ભાવે મળતા સોસ પાછળ ગ્રાહકોના આરોગ્ય સાથે થઈ ચેડાં ગુજરાતના નાના-મોટા શહેરોમાં લારી-ગલ્લા, ફાસ્ટ ફૂડની દુકાનો અને કેટલીક નાની હોટલોમાં સસ્તા અને નકલી ટામેટાં સોસના ઉપયોગનું ચલણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે. દેખાવમાં એકદમ લાલ અને સ્વાદમાં તીખો-મીઠો લાગતો આ સોસ ગ્રાહકોને સરળતાથી આકર્ષે છે.પરંતુ ફૂડ સેફ્ટી વિભાગની કાર્યવાહી દરમિયાન અનેક વખત સામે આવ્યું છે કે આવા કેટલાક સોસમાં ટામેટાંનું પ્રમાણ ખૂબ ઓછું હોય છે અથવા ટામેટાંનો ઉપયોગ જ થતો નથી. સસ્તા સોસની વધતી માંગ અને ઊંચા નફાના કારણે આ ગેરકાયદે કારોબારને વેગ મળી રહ્યો હોવાનો દાવો કરવામાં આવે છે. હવે સવાલ એ છે કે લોકોના આરોગ્ય સાથે ચેડા કરતા આવા સોસ સામે આરોગ્ય વિભાગ અને FDCA ક્યારે કડક કાર્યવાહી કરશે?ગુજરાતમાં અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર, જૂનાગઢ, ભુજ અને મહેસાણા સહિતના શહેરોના ખાણીપીણી બજારો, હાઈવેના ધાબા અને લારી-ગલ્લાઓમાં સોસનો મોટા પ્રમાણમાં ઉપયોગ થાય છે. આ જ માંગનો લાભ લઈને નકલી સોસ બનાવતું નેટવર્ક ઊભું થયું હોવાના આક્ષેપો છે. ઉપલબ્ધ અંદાજ




મુજબ ગુજરાતમાં દરરોજ હજારો લીટર નકલી સોસનું ઉત્પાદન થતું હોવાનું કહેવાય છે અને રાજ્યમાં આ બજારનું વાર્ષિક ટર્નઓવર અંદાજે ૧૫૦થી ૨૦૦ કરોડ રૂપિયા સુધી પહોંચી શકે છે. દેશભરમાં મેટ્રો સિટી અને નાના શહેરોને ગણવામાં આવે તો આ પ્રકારના સસ્તા કલર-કેમિકલ સોસનું બજાર રૂ.૧૫૦૦થી ૨૦૦૦ કરોડથી વધુ હોવાનો અંદાજ વ્યક્ત કરવામાં આવે છે. ખાસ વાત એ છે કે આવા કેટલાક ગેરકાયદે ઉત્પાદન એકમો ફૂડ લાયસન્સ વગર અથવા રહેણાંક વિસ્તારોમાં ગુપ્ત રીતે ચલાવવામાં આવતા હોવાના કારણે તેઓ સરળતાથી તંત્રની નજરે પડતા નથી.નકલી સોસના સમગ્ર કારોબારમાં સૌથી મોટો ફાયદો ઉત્પાદકોને થતો હોવાનું કહેવાય છે. કેટલાક કિસ્સામાં પ્રખ્યાત બ્રાન્ડના નામ જેવા સ્ટીકર લગાવીને અથવા કોઈ બ્રાન્ડ વગર સોસ હોલસેલ માર્કેટમાં પહોંચાડવામાં આવે છે. આપેલા અંદાજ પ્રમાણે, આશરે રૂ.૫ના ખર્ચે તૈયાર થતો એક લીટર સોસ હોલસેલરને ૧૫ રૂપિયા સુધીમાં વેચાઈ શકે છે. દરરોજ ૫ હજાર લીટર ઉત્પાદન કરતી નાની ફેક્ટરી પણ મોટા પ્રમાણમાં રોકડ કમાણી કરી શકે છે. ત્યારબાદ જથ્થાબંધ વેપારીઓ આ સોસ શહેરોના કરિયાણા અને શાકભાજી માર્કેટની આસપાસથી લારી-ગલ્લા તથા નાની હોટલો સુધી પહોંચાડે છે. આ સમગ્ર પ્રક્રિયામાં વચ્ચેના વેપારીઓ પણ કમિશનથી મોટો નફો મેળવે છે.નકલી સોસનો ઉપયોગ કરવાનું સૌથી મોટું કારણ તેની ઓછી કિંમત છે. સામાન્ય રીતે લારીવાળો રોજ આશરે ૫ કિલો અસલી સોસ વાપરે તો તેને લગભગ રૂ.૬૦૦નો ખર્ચ થઈ શકે છે. તેની જગ્યાએ સસ્તો નકલી સોસ વાપરવાથી આ ખર્ચ ઘટીને આશરે રૂ.૧૦૦ થઈ જાય છે. એટલે રોજ રૂ.૫૦૦ અને મહિને લગભગ રૂ.૧૫ હજારની બચત થઈ શકે છે. અમદાવાદનું માણેકચોક, સુરતની ખાઉગલી ઉપરાંત રાજકોટ, વડોદરા, જામનગર, જૂનાગઢ અને ભુજ જેવા શહેરોમાં ભુજિયા, સમોસા, પકોડા, પફ, સેન્ડવિચ, ચાઈનીઝ અને વડાપાઉં સાથે સોસ ફ્રીમાં પીરસવામાં આવે છે.

## શેરડીના રસના પૈસા માંગ્યાનો ખાર રાખી છરીથી હૂમલો

# પોપટપરામાં મિયાણા ગેંગનો આતંક બેફામ!

■ આસ્થા ચોક પાસે સ્કૂટર આંતરીને યુવાનને માર માર્યો

■ પોલીસ આ ગેંગ સામે લાલ આંખ નહીં કરે તો સામાન્ય લોકોને માર ખાવો જ પડશે

## લોખંડના પાઈપ અને છરીના ઘા ઝીંકી હવે પછી અહીંથી નીકળ્યો તો જાનથી મારી નાંખીશું તેવી ધમકી આપતા પોલીસ ફરિયાદ



મહમદ હનીફ ઉર્ફે મંગણી







યાસીન ઉર્ફે ધોનો મિયાણા

**સિટી ન્યૂઝ@મોસ્કોa**

રાજકોટના પોપટપરા વિસ્તારમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેમાં સામાન્ય બાબતની જૂની અદાવત રાખીને એક યુવાન પર ઘાતક હુમલો કરવામાં આવ્યો છે. પોપટપરામાં રહેતા અને ઘર પાસે જ સીઝન સ્ટોર ચલાવતા ૨૧ વર્ષીય ફેઝલ રસીદભાઈ શેખ નામના યુવાને આ અંગે પ્ર.નગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જેમાં પોપટપરા મિયાણાવાસમાં રહેતા મહમદ હનીફ ઉર્ફે મંગણી અને યાસીન ઉર્ફે ધોનો મિયાણા નામના બે શખ્સોએ તેને રસ્તામાં આંતરીને હથિયારો વડે માર માર્યો હોવાનો ગંભીર આરોપ મૂકવામાં આવ્યો છે.

પોલીસ ફરિયાદમાં જણાવ્યા અનુસાર, ગત ૩૧ તારીખની સાંજે ફેઝલ પોતાનું એક્સેસ લઈને આસ્થા ચોક તરફ ચા-પાણી પીવા જતો હતો, ત્યારે રસ્તામાં ઊભેલા આ બંને શખ્સોએ તેને અટકાવ્યો હતો. આરોપીઓએ બેફામ ગાળો ભાંડીને જૂનો ખાર કાઢ્યો હતો અને કહ્યું હતું કે, "ઉનાળામાં તારી દુકાને શેરડીના રસનો ચિચોડો ચાલતો ત્યારે અમે રસ પીવા આવતા. અમે તને પૈસા લેવાની ના પાડી હતી, છતાં તેં અમારી પાસેથી પૈસા કેમ લીધા?" આટલું કહીને તેમણે ફેઝલને ત્યાંથી નીકળવાની મનાઈ ફરમાવી હતી અને અચાનક જ ઉશ્કેરાઈને હુમલો કરી દીધો હતો.

આ હુમલામાં મહમદ હનીફે ફેઝલ પર લોખંડના પાઈપ વડે પાંચ જેટલા ઘા ઝીંકી દીધા હતા. ત્યારબાદ તેનો સાગરીત યાસીન ઉર્ફે ધોનો પણ ઉપરાણું લઈને આવી પહોંચ્યો હતો અને તેની પાસે રહેલી છરી વડે ફેઝલના પેટના ભાગે ચાર-પાંચ ઘા મારી દીધા હતા. એટલું જ નહીં, યાસીને છરી ઊંધી કરીને ફેઝલના માથામાં પણ મારી ઈજા પહોંચાડી હતી. ઈજાગ્રસ્ત યુવાને બૂમાબૂમ કરતા બંને હુમલાખોરો હથિયારો લઈને નાસી છૂટ્યા હતા અને જતાં-જતાં "હવે પછી અહીંથી નીકળીશ તો જાનથી મારી નાખીશું" તેવી જીવલેણ ધમકી આપી હતી. હાલમાં પોલીસે ગુનો નોંધીને બંને આરોપીઓને ઝડપી પાડવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

### સમયસર ઓડિટ ન કરાવવા અને લોનની વિગતો ન દર્શાવતા 440 શાહૂકારો સામે આકરા દંડતી તૈયારી

# રાજકોટમાં પ્રજાને લૂંટતા શાહૂકારો સામે તંત્રની લાલ આંખ; 29 લાયસન્સ રદ

- વ્યાજખોરી અને ગેરકાયદે ધિરાણની કમર તોડી નાખવા તંત્ર મેદાને, સૌથી વધુ 406 શાહુકારો એકલા રાજકોટ તાલુકામાં નોંધાયેલા
- ઓનલાઈન પોર્ટલ પર લોનની વિગતો ન દર્શાવવા અને હિસાબોનું ઓડિટ ન કરાવવા બદલ જિલ્લા રજિસ્ટ્રાર કચેરીનો સપાટો

## જિલ્લામાં નોંધાયેલા 538 શાહુકારોમાંથી 15 દિવસમાં સંતોષકારક ખુલાસો ન કરનારના લાયસન્સ કાયમી ધોરણે રદ કરવાની ચીમકી




**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ જિલ્લામાં સામાન્ય નાગરિકોનું આર્થિક શોષણ કરતા અને નિયમોને ઘોળીને પી જનારા શાહુકારો (ફાયનાન્સર) સામે જિલ્લા રજિસ્ટ્રાર કચેરીએ લાલ આંખ કરી છે. 'ગુજરાત નાણાં ધીરધાર કરનારા અધિનિયમ, ૨૦૧૧' અને 'નિયમો, ૨૦૧૩' હેઠળ નોંધાયેલા શાહુકારો દ્વારા આચરાતી ગેરરીતિઓ ડામવા માટે જિલ્લા રજિસ્ટ્રાર ડૉ. બિમલકુમાર એન. પટેલના માર્ગદર્શન હેઠળ સહકારી અધિકારી શ્રી વી. વી. જાડેજાની ટીમે સઘન ચેકિંગ હાથ ધર્યું હતું. આ તપાસમાં નિયમોનું ખુલ્લેઆમ ઉલ્લંઘન કરતા કુલ ૪૪૦ શાહુકારોને કારણદર્શક નોટિસ ફટકારવામાં આવી છે, જ્યારે ગંભીર ગેરરીતિઓ બદલ ૨૯ શાહુકારોના લાયસન્સ રદ કરી દેવાતા ધિરાણના ધંધાર્થીઓમાં મોટો ફફડાટ વ્યાપી ગયો છે.

કાયદાકીય જોગવાઈ અનુસાર, તમામ લાયસન્સધારક શાહુકારોએ દર મહિનાની ૧ થી ૫ તારીખ સુધીમાં લોનની વિગતો દર્શાવતું ફોર્મ નંબર-૧૧ સરકારી પોર્ટલ (ecooperative.gujarat.gov.in) પર ફરજિયાત અપલોડ કરવાનું હોય છે. પરંતુ તપાસમાં ખૂલ્યું હતું કે મોટાભાગના શાહુકારો પોર્ટલ પર સમયસર વિગતો અપડેટ કરવામાં અને છેલ્લા ૩ વર્ષના નાણાકીય હિસાબોનું ઓડિટ કરાવવામાં ઘોર બેદરકારી દાખવી રહ્યા હતા. આ નિયમભંગ બદલ કલમ-૨૧(૨)(ક)(૧) અને કલમ-૪૩ હેઠળ તમામ કસૂરવારોને ૧૫ દિવસમાં ખુલાસો કરવા આદેશ અપાયો છે. તંત્રએ સ્પષ્ટ તાકીદ કરી છે કે જેનો ધંધો શૂન્ય (Nil) હોય તેમણે પણ નિયત સમયમર્યાદામાં 'નીલ પત્રક' રજૂ કરવું ફરજિયાત રહેશે.

હાલ સમગ્ર રાજકોટ જિલ્લામાં કુલ ૫૩૮ નાણાં ધીરધારના લાયસન્સ સક્રિય છે. તાલુકાવાર આંકડાઓ જોઈએ તો સૌથી વધુ રાજકોટ તાલુકામાં ૪૦૬ શાહુકારો નોંધાયેલા છે. આ ઉપરાંત ઉપલેટામાં ૫૨, જેતપુરમાં 30, ગોંડલમાં ૨૧, જામકંડોરણામાં ૮, ધોરાજીમાં ૭, જસદણમાં ૬, કોટડાસાંગાણીમાં ૩, લોધિકામાં ૨, પડધરીમાં ૨ અને વિંછીયામાં ૧ લાયસન્સધારક છે. ચાલુ નાણાકીય વર્ષમાં ૬૮ જેટલા શાહુકારોની પ્રત્યક્ષ ચકાસણી કરાઈ છે અને એક શાહુકાર સામે કોર્ટ કેસ પણ દાખલ કરાયો છે. નિર્ધારિત વ્યાજદર કરતા વધુ વસૂલાત કરતા કે ગેરકાયદે ધિરાણ કરતા તત્વો સામે આગામી દિવસોમાં પણ આ કડક ઝુંબેશ જારી રહેશે તેવી તંત્ર દ્વારા સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે.

સિટી ન્યૂઝ સૌરાષ્ટ્રનો ધબકાર...

# દ્વારિકાધામ

**મોક્ષ અને સ્વર્ગના બે પવિત્ર દ્વાર**

» સ્વર્ગ દ્વારઃ શ્રદ્ધાળુઓ ગોમતી નદીના કિનારેથી ૫૬ પગથિયાં ચડીને આ દ્વારથી મંદિરમાં પ્રવેશ કરે છે.

» મોક્ષ દ્વારઃ દર્શન કર્યા પછી ભક્તો આ દ્વારથી બહાર નીકળે છે, જે સંસારના બંધનોમાંથી મુક્તિનું પ્રતીક માનવામાં આવે છે.

## પરંપરા : નિત્ય શ્રૃંગાર પરંપરા, વાઘા, મુગટ, આભુષણોમાં વૈવિધ્ય

# દ્વારકાધીશના વાઘાનું મહાતમ્ય

# અઠવાડિયાના 7 વાર, 7 રંગ પરંપરા અને ઋતુ સાથે બદલાવાય છે ઠાકોરજીના વાઘા

સિટી ન્યૂઝ@દ્વારકા

ભારતના સુપ્રસિધ્ધ યાત્રાધામ દ્વારકાના જગતમંદિરમાં બિરાજમાન ભગવાન દ્વારકાધીશની પૂજા અર્ચના સાથે જોડાયેલી પરંપરાઓ આજે પણ અવિરતપણે જળવાઈ રહી છે. ભગવાનના દૈનિક શણગારમાં પણ ખાસ પરંપરાનું પાલન કરવામાં આવે છે. અઠવાડિયાના સાતેય દિવસ ભગવાનને અલગ-અલગ રંગના વાઘા અર્પણ કરવામાં આવે છે, જ્યારે વિશેષ તિથિ અને ધાર્મિક પ્રસંગોએ શણગારમાં પણ વિશેષતા જોવા મળે છે.

પરંપરા મુજબ સોમવારે ભગવાનને ગુલાબી રંગના વાઘા, મંગળવારે પીળા, બુધવારે લીલા, ગુરુવારે કેસરી, શુક્રવારે સફેદ, શનિવારે વાદળી અને રવિવારે લાલ રંગના વાઘા ધારણ કરાવવામાં આવે છે. આ રંગોની સાથે ભગવાનના શણગાર અને વસ્ત્રોની ડિઝાઈનમાં પણ સમય સંજોગ પ્રમાણે ફેરફાર કરવામાં આવે છે. દ્વારકાધીશના દૈનિક શણગારની ખાસિયત એ છે કે માત્ર વાઘાના રંગમાં જ નહીં, પરંતુ મુગટ અને અન્ય આભૂષણોમાં પણ વિશ્વ જેવું છે. ભગવાનના શણગાર સુસંગત રહે તે રીતે મુગટની રચના અને વસ્ત્રોની પેટર્ન તૈયાર કરવામાં આવે છે. ફૂલ, આભૂષણો તથા અન્ય શણગાર સામગ્રીથી ભગવાનને અલંકૃત કરવામાં આવે છે.





## દિવાળી સહિતના પર્વોમાં અલગ શણગાર

દિવાળીના પાવન અવસરે પણ દ્વારકાધીશના શણગારમાં વિશેષતા જોવા મળે છે. તહેવારને અનુરૂપ ખાસ વસ્ત્રો, આભૂષણો અને શણગાર સામગ્રીથી ભગવાનને શણગારવામાં આવે છે. ભક્તો માટે ભગવાનના બદલાતા નિત્ય શણગાર અને વિશેષ પર્વોના દર્શન પણ આસ્થાનો વિશેષ અનુભવ બની રહે છે. આ રીતે દ્વારકાધીશના દૈનિક શણગારમાં વર્ષો જૂની પરંપરા, ધાર્મિક માન્યતા, પંચાંગની તિથિ અને તહેવારોનો સુંદર સમન્વય જોવા મળે છે.

## તિથિ પ્રમાણે શણગારમાં ખાસ વિશેષતા, ધાર્મિક પ્રસંગોએ વિશેષ શ્રૃંગાર

ભગવાન દ્વારકાધીશજીના શણગારમાં માત્ર વારનો જ નહીં, પરંતુ હિંદુ પંચાંગની તિથિનો પણ વિશેષ પ્રભાવ જોવા મળે છે. ધાર્મિક પ્રસંગો અને વિશેષ તહેવારો દરમિયાન સામાન્ય દિવસોની સરખામણીએ અલગ પ્રકારના વસ્ત્રો અને આભૂષણોથી ભગવાનનો શણગાર કરવામાં આવે છે.,ભગવાન શ્રીકૃષ્ણના જન્માષ્ટમી, રામનવમી, નરસિંહ જયંતિ, વામન જયંતિ સહિત વિવિધ અવતારોની જન્મજયંતિના દિવસોએ અઠવાડિયાના નિર્ધારિત રંગથી અલગ રંગના વાઘા અર્પણ કરવાની પરંપરા પણ જોવા મળે છે. આ પ્રસંગોએ મંદિરના શણગારમાં વિશેષ ધાર્મિક ભાવ જોવા મળે છે.

## વાર મુજબ વાઘાનો નિર્ધારિત રંગ...

- સોમવાર ગુલાબી
- મંગળવાર પીળો
- બુધવાર લીલો
- ગુરુવાર કેસરી
- શુક્રવાર સફેદ
- શનિવાર વાદળી
- રવિવાર લાલ

સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...

રાજકોટ

## જન્માષ્ટમીની શોભાયાત્રાનો ઈતિહાસ

» ચાર દાયકા જૂની ભવ્ય પરંપરા (શરૂઆત):રાજકોટમાં જન્માષ્ટમીના પાવન પર્વે શોભાયાત્રા કાઢવાની આ ભવ્ય પરંપરા વર્ષ ૧૯૮૫-૮૬ની આસપાસ વિશ્વ હિન્દુ પરિષદ (VHP) દ્વારા શરૂ કરવામાં આવી હતી. વર્ષ ૨૦૨૬માં આ યાત્રા પોતાના ગૌરવપૂર્ણ ૪૧મા વર્ષમાં પ્રવેશ કરી રહી છે.

### છેલ્લા 42 વર્ષથી શહેરમાં જન્માષ્ટમીની શોભાયાત્રા નિકળે છે

# રાજકોટમાં વર્ષ 1986માં પ્રથમ જન્માષ્ટમીની શોભાયાત્રા નીકળી હતી



## પ્રથમ અદભૂત રથ આવો હતો



સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટમાં પ્રથમ જન્માષ્ટમીની શોભાયાત્રામાં પ્રથમ ૧૯૮૬માં નીકળેલ હતી જેમાં અદભુત રથ બનાવેલ હતો. રાજકોટમાં જન્માષ્ટમી શોભાયાત્રાની શરૂઆત ૧૯૮૪ માં થઈ. શરૂઆતમાં ઓછા સાધનોમાં શોભાયાત્રામાં શણગાર કરવામાં આવતો હતો તેમાં પણ એક આકર્ષણ રથ બનાવવામાં આવતો વર્ષો સુધી અને કાર્યકર્તાઓએ કામ કરેલું હતું તેમાં વિશ્વ હિન્દુ પરિષદના હરીશભાઈ ખંભાયતાની અનન્ય સેવા આપતા હતા તેઓ પ્રમાણિકતા, સ્પષ્ટ વક્તા, નિષ્ઠાવાન, કડક શિસ્તના પાલનહાર, મહેનતુ હતા. રથયાત્રા હોય કે પછી રાક્ષસ દહન હોય તેમાં તેઓ ની કલા કારીગીરીની અનન્ય સેવા હતી. ઘરની ચિંતા કર્યા વગર દિવસ રાત જોયા વગર અદભુત કાર્ય કરતા હતા તેમને પ્રસિદ્ધિનો જરાય પણ મોં રાખેલ નહોતા. મૂકસેવક હતા માટે જન્માષ્ટમી હોય તે રાક્ષસ દહન હોય ત્યારે હરીશભાઈ ખંભાયતા અચૂક યાદ આવે.

## કૃષ્ણ જન્મોત્સવ રથયાત્રામાં યોગદાન આપનાર દિવંગત અગ્રણીઓ

* સ્વ.ચીમનભાઈ શુક્લ પૂર્વ સાંસદ માર્ગદર્શક VHP કૃષ્ણ જન્મોત્સવ સમિતી
* સ્વ.પ્રવીણકાકા મણિયાર RSS પ્રાંત કાર્યવાહ
* માર્ગદર્શક VHP કૃષ્ણ જન્મોત્સવ સમિતિ
* સ્વ.ડો.કુંવરજીભાઇ જાદવ પૂર્વ રાષ્ટ્રીય પ્રમુખ ભારતીય કિસાન સંઘ,માર્ગદર્શક VHP. કૃષ્ણ જન્મોત્સવ સમિતિ
* સ્વ.ડો. પી. વી. દોશીપૂર્વ પ્રાંતસંઘ ચાલકજી
* સ્વ.કાંતિભાઈ વૈધપૂર્વ ડેપ્યુટી મેયર રાજકોટ,
* યશવંતભાઈ ભટ્ટ VHP કેન્દ્રીય મંત્રી ટ્રસ્ટી રામજન્મભૂમિ ન્યાસ,
* સ્વ. લાભુભાઈ ત્રિવેદી ગુરુ (પૂર્વ કુલપતિ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી)
* સ્વ.ડો. પ્રફુલભાઈ દોશી પૂર્વ પ્રમુખ સેવા ભારતી
* સ્વ. પ્રવીણભાઈ કારિયાપૂર્વ ડિરેક્ટર RNSB પૂર્વ પ્રમુખ VHP સૌરાષ્ટ્ર પ્રાંત,
* સ્વ. લાલજીભાઈ રાજદેવપૂર્વ ચેરમેન RNSB
* સ્વ. ચંદ્રકાન્તભાઈ પાવાગઢી પૂર્વ ચેરમેન RNSB,
* સ્વ. વજુભાઈ માવાનીપૂર્વ પ્રમુખશ્રી
* રાજકોટએન્જીનીયરીંગએસોસિએશન
* સ્વ. નરોતમભાઈ પોપટ પૂર્વ પ્રમુખ VHP રાજકોટ મહાનગર
* સ્વ. જનકભાઈ કોટક પૂર્વ મેયર
* સ્વ. રામભાઈ ઠાકર ABVP / PA/
* વજુભાઈ વાળા,
* સ્વ. નરેન્દ્રભાઈ ડી. જાની
* ABVP/ RNSB/ રાજકોટ હોમગાર્ડ કમાન્ડર
* સ્વ. ચંદ્રકાન્ત ભાઈ હિરાણીABVP /પત્રકાર/ અને પ્રિન્સિપાલ,અર્જુનલાલ હિરાણી પત્રકાર કોલેજ રાજકોટ,
* રથયાત્રા શુશોભન/ શણગાર
* (૧) સ્વ. હરીશભાઈ ખંભાયતા
* વ્યવસાય એન્જીનીયર, જુના જનસંઘના અગ્રણી, અપના બજારમાં ડીરેક્ટર તરીકે
* (૨) દોઢ દાયકા સુધી સોરઠીયા વાડી ચોક શુશોભન અને લાઈટિંગ સુશોભન
* સ્વ. રમેશભાઈ ચાંગાણી, પૂર્વ કોર્પોરેટર,
* સ્વ. હરિભાઈ ઘવા પૂર્વ કોર્પોરેટર
* રથયાત્રા ટ્રાન્સપોર્ટ કમિટી
* (૧)સ્વ.નાથાભાઈડોડીયા મમતાટ્રાન્સપોર્ટ
* (૨)સ્વ.રણજીતસિંહ ડોડીયા પૂર્વ કોર્પોરેટર હરસિધ્ધિ ટ્રાન્સપોર્ટ
* (૩)સ્વ. નૌતમભાઈ રાઘવાની જુના જનસંધી
* (૪)સ્વ. દેવજીભાઈ વાઘેલાપૂર્વ સભ્ય શિક્ષણ સમિતિ
* ૫) રાણા બાપુરાજકોટ ટ્રાન્સપોર્ટ એસોસિએશન ના પ્રમુખ

**ડાકોરઃ શ્રદ્ધા અને ભક્તિનું પરમધામ**

પૌરાણિક માન્યતા અનુસાર, પરમ ભક્ત બોડાણાની અખંડ ભક્તિથી પ્રસન્ન થઈને ભગવાન દ્વારકાથી સ્વયં ગાડામાં બેસીને ડાકોર પધાર્યા હતા. મંદિરની નજીક પવિત્ર ગોમતી તળાવ આવેલું છે.

## રણછોડરાય મંદિરે જન્માષ્ટમીની તૈયારી પૂર્ણ, આઠમે ઉત્સવ

# સોનાના પારણે ઝૂલશે ડાકોરના ઠાકોર !





**સિટી ન્યૂઝ@રાજકોટ**

ડાકોરમાં આવેલા ઐતિહાસિક રણછોડરાય મંદિરે દર વર્ષે ધામધૂમથી જન્માષ્ટમીની ઉજવણી કરવામાં આવે છે. જન્માષ્ટમીને હવે ગણતરીના કલાકો બાકી રહ્યા છે. ત્યારે રણછોડરાય મંદિરમાં જન્માષ્ટમીની ઉજવણીની તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે.જન્માષ્ટમીના દિવસે ડાકોર, દ્વારકા, મથુરા જેવા અગ્રણી તીર્થસ્થળોએ નંદ ઉત્સવ અને જન્માષ્ટમીની ધામધૂમથી ઉજવણી કરવામાં આવે છે. આણંદ પાસે આવેલા ડાકોરનું રણછોડરાય મંદિર દર વર્ષે જન્માષ્ટમીની વિશેષ રીતે ઉજવણી કરે છે. જન્માષ્ટમીના દિવસે ડાકોર ખાતે સોનાના પારણામાં લાલાજીને ઝુલાવવામાં આવે છે. આ ઉપરાંત આ બે દિવસ દરમિયાન ભક્તો પણ મોટી સંખ્યામાં બાલ કૃષ્ણના દર્શન કરવા આવે છે અને મંદિરમાં ઉજવતા ઉત્સવોનો લ્હાવો માણે છે.જન્માષ્ટમીના દિવસે ડાકોર નું મંદિર છે ખૂબ જ સુંદર રીતના સજાવવામાં આવે છે. આ ઉપરાંત આ દિવસે વિવિધ પ્રકારની આરતી અને



ઉત્સવ ઉજવાય છે. જેમાં સૌપ્રથમ જન્માષ્ટમીના દિવસે સવારે રોજની જેમ સાડા છ વાગ્યે નિજ મંદિર ખોલીને મંગળા આરતી કરવામાં આવશે. ત્યારબાદમાં ઠાકોરજીની પૂજા કરીને ભક્તોના દર્શન માટે મંદિરના દ્વાર ખુલ્લા રાખવામાં આવશે. બપોરે એક વાગ્યે ઠાકોરજી પોઢી જશે. જેથી મંદિર બંધ કરવામાં આવશે. જેથી કોઈ ભક્તને મંદિરમાં પ્રવેશ મળશે નહીં.સાંજના પાંચ વાગ્યાની આસપાસ ઉત્થાપનની આરતી કરવામાં આવશે. પછી ઠાકોરજી શયનભોગ આરોગવા બીરાજસે. જન્માષ્ટમીની રાત્રિના બાર વાગે કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી ચાલુ કરવામાં આવશે. જેમાં કૃષ્ણ જન્મ થયા બાદ ઠાકોરજીને પંચામૃતથી સ્નાન કરાવીને શૃંગાર કરવામાં આવશે. શૃંગાર બાદ તેઓનને મોર મુકુટ ધારણ કરાવીને તિલક-ચાંદલો કરવામાં આવશે. ત્યારબાદ તેમની આરતી કરવામાં આવશે.આરતી બાદ ઠાકોરજીને સોનાના પારણામાં બિરાજમાન કરીને ઝુલાવવામાં આવશે અને મહાભોગ લગાવવામાં આવશે. મહાભોગની આરતી થયા બાદ ઠાકોરજી પોઢી જશે અને મંદિર બંધ કરી દેવામાં આવશે. બીજે દિવસે નંદ ઉત્સવ નિમિત્તે સવારે ૮:૪૫ વાગ્યે નિજ મંદિર ખોલીને ૯:૦૦ વાગે મંગળા આરતી કરવામાં આવશે ત્યારબાદ ઠાકોરજીની પૂજા અર્ચના કરીને ગોપીઓ નંદ ઉત્સવ કરવા માટે નીકળશે.આ દિવસે લોકો દ્વારા ગોકુળવાસી બનીને ભગવાન શ્રીકૃષ્ણના આગમનની ઉજવણી કરવામાં આવે છે. જેમાં મટકી ફોડ પણ કરવામાં આવશે. આ બંને દિવસ બહારના રાજભોગ બંધ રાખવામાં આવ્યા છે. જન્માષ્ટમી દરમિયાન ખૂબ જ ભીડ હોવાના કારણે દરેક ભક્તજનોએ ધ્યાન રાખવું ખૂબ જ જરૂરી છે.જન્માષ્ટમી નિમિત્તે ઠાકોરજીને જે સોનાના પારણામાં ઝુલાવવામાં આવે છે. આ પારણું ૫૦ વર્ષથી પણ વધારે જૂનું છે. જે ૨૪ કેરેટ સોનાનું બનેલું છે. આ પારણું આશરે ચારથી સાડા ચાર કિલો જેટલું વજન ધરાવે છે. દર વર્ષે ફક્ત જન્માષ્ટમીના દિવસે જ આ પારણા ને બહાર કાઢીને તેમાં ઠાકોરજીને ઝુલાવવામાં આવે છે.

સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...

# જય શ્રી કૃષ્ણ

**ભગવાન શ્રીકૃષ્ણની ૧૬ કલાઓ**

ભગવાન કૃષ્ણ ૧૬ કલાથી પરિપૂર્ણ હોવાથી તેમને પૂર્ણાવતાર કહેવાયા, અહીં કથા વક્તા મોરારિ બાપુ કૃષ્ણની વિભિન્ન કલા વિશે સમજાવી રહ્યા છે

## શ્રી કૃષ્ણની 16 કલા જે આપે છે જીવન જીવનની અનોખી શીખ

# શ્રી કૃષ્ણની 16 કલા; વાંસળીના સૂરથી ગીતાના જ્ઞાન સુધી, આ ગુણોએ બતાવ્યા તેમને પૂર્ણાવતાર



### 1 નર્તનકલા

કૃષ્ણે ગોપીઓની વચ્ચે નૃત્ય કર્યા, પોતાની માયાથી જગત આખાને નચાવ્યું. ગોપીઓએ માખણનું પ્રલોભન આપી કૃષ્ણને નચાવ્યા. ક્યારેક કૃષ્ણ કાળિયા નાગની ફેણ પર નાચ્યા, તો ક્યારેક વૃંદાવનના વંશીવટ પર મહારાસ કર્યો.



### 2 વાદનકલા

કૃષ્ણે ગોપીઓથી માંડી ગાયોને વાંસળીના સૂરથી મોહિત કરી. રણભૂમિમાં વાંસળી ન વગાડી, પણ જરૂર મુજબ ત્યાં શંખનાદ કર્યો.




### 3 ગાયનકલા

કૃષ્ણનું એક માત્ર ગીત છે- 'ગીતા'. કૃષ્ણના આ ગીતમાં ૭૦૦ શ્લોક છે. આ પરમગીતમાં જ્ઞાન, કર્મ, ભક્તિ યોગની પરાકાષ્ઠા છે. ગીતા એ સંપૂર્ણ વૈદિક જ્ઞાનનો નિચોડ છે.



### 4 કેશ કલા

કૃષ્ણની એક એક લટ પર તેમનું અસ્તિત્વ મોહિત થતું હતું. વાળ ઓળવા પણ એક કલા છે. વ્રજનાં મંદિરોની અષ્ટયામ સેવામાં કૃષ્ણનું વેણી ગૂંથન એક લીલા છે.



### 5 સુદર્શન ચક્ર કલા

શિશુપાળે ૧૦૦ ગાળ આપી, તો પણ માફ કર્યા અને પછી સુદર્શન ચક્રથી વધ કર્યો. યુદ્ધમાં ભીષ્મે લલકાર્યા તો રથનાં પૈડાંનું ચક્ર બનાવ્યું.



### 6 વાક કલા

જ્યારે કૃષ્ણ દુર્યોધનની સભામાં સંધિ પ્રસ્તાવ લઈ ગયા તો તેમની વાણી સાંભળવા માટે હિમાલયની ગુફાઓમાં તપ કરી રહેલા ઋષિમુનિઓ હજારો વર્ષની તપસ્યા છોડી ત્યાં પહોંચી ગયા હતા.



### 7 કામ કલા

તુલસીદાસે રામચરિત માનસમાં લખ્યું છે કે, 'કામ કલા કછુ મુનિહિ ન વ્યાપી, નિજ ભયમ્ ડરેઉ મનોભવ પાપી'. ચૈતન્ય પરંપરામાં ઉજ્જ્વલ નીલમણિ વગેરે ગ્રંથોમાં તેનું વર્ણન છે. કામ તો કૃષ્ણનું જ સંતાન છે.



### 8 પ્રેમ કલા

કૃષ્ણનો પ્રેમ શાશ્વત છે. એટલે કે હંમેશાં હતો અને હંમેશાં રહેશે. તેમનો પ્રેમ અનશ્વર હતો. તેમણે પ્રેમને પરમાત્મા સાથેના મિલનનું માધ્યમ બનાવ્યો.





### 9 યુદ્ધ કલા

શસ્ત્ર ક્યારે ઉપાડવું તે કૃષ્ણ પાસેથી શીખો. જરાસંઘ સાથેના યુદ્ધમાં તેમણે રણ છોડી દીધું હતું. જ્યારે મહાભારતમાં શસ્ત્ર ન ઉઠાવવાની પ્રતિજ્ઞા લીધી હતી, તેમ છતાં તેમણે જરૂર પડ્યે શસ્ત્ર ઉપાડ્યું.



### 10 રાજ કલા

કૃષ્ણની રાજકલામાં જબરદસ્તી નથી, ન આધિપત્ય જમાવવાની વાત છે. રાજપદ કૃષ્ણે સ્વીકાર્યું ન હતું, પરંતુ તેઓ દ્વારકાધીશ કહેવાયા. કૃષ્ણે જીવનભર જગતની સેવા કરી છે.



### 11 સારથ્ય કલા

મહાભારત યુદ્ધમાં સારથિપણાનું તેમનું એવું કૌશલ્ય છે કે, રથના અશ્વોને તીર ન વાગવા દીધું. તેમને બચાવવાની અદભુત કળા કૃષ્ણની છે.



### 12 અનાસકત કલા

ગોપીઓ વચ્ચે, ગાયોનાં ઝૂંડમાં કે રાજસભામાં, દરેક જગ્યાએ કૃષ્ણ અનાસક્ત રહ્યા. જે મિત્રો, વાછરડાં સાથે રહ્યા, તેમને છોડી અનાસક્ત નીકળી ગયા.



### 13 કર્મયોગ કલા

કર્મ 'મોક્ષ' સુધી પહોંચવાનો માર્ગ છે. કર્મમાં યોગફળની આશા હોતી નથી. તેમાં માત્ર કર્મનો ભાવ હોય છે. કર્મનું મહત્ત્વ ફળથી મોટું છે.



### 14 સેવા કલા

સેવા પણ કલા છે. રાધિકાના પગ દબાવ્યા, પર્ણ ઉઠાવ્યાં. કોઈએ પૂછ્યું કે, 'રાજા થઈ પગ દબાવો છો?' તો કૃષ્ણે કહ્યું, 'હું રાજા નથી, વૃંદાવનની મહારાણી તો રાધા છે.'



### 15 રંગ કલા

મત્સ્ય, કૂર્મ અવતારમાં હોળી રમી શકાતી નથી. વામન હજુ નાનો છે. રામ હોળી રમ્યા છે, પરંતુ રંગ કળા તો કૃષ્ણની જ એક કલા છે.



### 16 શાંત કલા

શાંત રહેવું એ પણ કલા છે. આપણામાં કોઈ કલા પ્રવેશે છે તો આપણે શાંત રહી શકતા નથી. જ્યારે અર્જુન કહે છે કે, હવે હું યુદ્ધ કરીશ- 'સ્થિતોસ્મિ' હવે હું શાંત છું. હું કર્તા નહિ, માત્ર નિમિત્ત છું.

**નંદલાલા માટે ચાંદીના પારણા**

બજારમાં ૧૧ ગ્રામથી લઈને ૨ કિલો સુધીના વજન ધરાવતા અવનવા અને આકર્ષક ચાંદીના પારણાનો ક્રેઝ છે, જેમાં રૂ. ૫ હજારથી ૮ લાખ સુધીની કિંમતના ભવ્ય પારણાંમાં ભગવાન શ્રીકૃષ્ણ ઝૂલશે.

## 8 લાખના પારણામાં ઝૂલશે નટખટ કાનુડો


# નંદલાલાને ઝુલાવવા ચાંદીના પારણાનો ક્રેઝ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

આ જન્માષ્ટમીએ 'નંદલાલા' માટે ચાંદીના પારણા ખરીદવાનો વિશેષ ક્રેઝ જોવા મળી રહ્યો છે. સુરતના બજારમાં ૧૧ ગ્રામથી લઈને ૨ કિલો સુધીના વજન ધરાવતા અવનવા અને આકર્ષક ચાંદીના પારણાનો ક્રેઝ છે, જેમાં રૂ. ૫ હજારથી ૮ લાખ સુધીની કિંમતના ભવ્ય પારણાંમાં ભગવાન શ્રીકૃષ્ણ ઝૂલશે. ભક્તો બજેટ મુજબ અલગ-અલગ ડિઝાઈન અને વજનના પારણાંની હોંશે-હોંશે ખરીદી કરીને કાનુડાના ઉત્સવની ભક્તિભાવપૂર્વક તૈયારીઓ કરી રહ્યા છે.

આ વખતે ચાંદીના પારણાંની ખરીદી માત્ર ભક્તિભાવ પૂરતી મર્યાદિત ન રહેતાં રોકાણકારો માટે પણ એક ઉત્તમ તક બની ગઈ છે. થોડા સમય અગાઉ ચાંદીના ભાવ વિક્રમજનક સપાટીએ પહોંચી ગયા હતા, પરંતુ હાલમાં બજારમાં ચાંદીના ભાવ સ્ટેબલ થયા છે. આગામી દિવસોમાં ચાંદીના ભાવમાં ફરી તેજી આવવાની સંભાવના હોવાથી સુરતના લોકો આ ખરીદીને 'ભક્તિ સાથે ઈન્વેસ્ટમેન્ટ' તરીકે જોઈ રહ્યા છે. ભક્તોનું માનવું છે કે ઘરમાં ઠાકોરજીની સેવા-પૂજા પણ થશે અને ભવિષ્ય માટે ચાંદીના રૂપમાં મૂલ્યવાન મૂડીનું સુરક્ષિત રોકાણ પણ થઈ જશે.

બજારમાં ગ્રાહકોની પસંદગી અને બજેટને ધ્યાનમાં રાખીને નાના-મોટા તમામ સ્વરૂપના પારણાં ઉપલબ્ધ કરાવાયા છે. શોરૂમ્સમાં નાનામાં નાના ૧૧ ગ્રામથી લઈને વિશાળ ૧.૫૦થી ૨ કિલો વજન સુધીના કલાત્મક ચાંદીના પારણાં તૈયાર કરવામાં આવ્યા છે. તેની કિંમત ૫,૦૦૦ થી શરૂ થઈને અંદાજિત ૭થી ૮ લાખ સુધી પહોંચે છે. આ ઉપરાંત લાલાની મૂર્તિઓમાં પણ ૨૦ ગ્રામથી લઈને ૧ કિલો સુધીની વિવિધ સાઈઝ અને મનમોહક સ્વરૂપો ઉપલબ્ધ છે. ભક્તો પોતાની ક્ષમતા અને ઘરના બાળગોપાલની સાઈઝ મુજબ મનપસંદ પારણું હોંશે હોંશે ઘરે પધરાવી રહ્યા છે.




### વુડન બેઝ પર ચાંદીનું નકશીકામ બજેટ ફ્રેન્ડલી બન્યું

ગત વર્ષની સરખામણીએ ચાંદીના ભાવમાં ઉછાળો રહ્યો હોવાથી મધ્યમ વર્ગના ભક્તોના બજેટને અનુરૂપ એક ખાસ અને આકર્ષક કોન્સેપ્ટ પણ બજારમાં લોન્ચ કરવામાં આવ્યો છે. ઝવેરીઓએ વુડ (લાકડા) ઉપર ઉત્કૃષ્ટ કોતરણી અને નકશીકામ કરીને તેની ઉપર ચાંદીનું લેયરિંગ ચડાવ્યું છે. આ વુડન-સિલ્વર ફ્યુઝન પારણાને કારણે ગ્રાહકોને શુકનિયાળ ચાંદીની ધાતુનો સ્પર્શ પણ મળી રહે છે, પારણાંનો દેખાવ ભવ્ય અને મોટો લાગે છે તથા ખિસ્સા પર પણ બહુ ભાર પડતો નથી. આ આધુનિક અને ટ્રેડિશનલ ડિઝાઈનની માગ યુવા વર્ગમાં પણ ખૂબ વધી રહી છે. જન્માષ્ટમી પૂર્વે જ્વેલર્સ શોરૂમ્સમાં ભક્તોની ભીડ ઉમટી પડી છે અને ખરીદીનો માહોલ ચરમસીમાએ પહોંચ્યો છે.

## જન્માષ્ટમીએ બજારમાં ખરીદી જામી 11 ગ્રામથી લઈ 2 કિલો સુધીના અવનવા પારણા








**સારંગપુરના રણછોડરાયજી**

સારંગપુર દરવાજા પાસે આવેલું આ મંદિર અમદાવાદના સૌથી પ્રાચીન અને ચમત્કારિક સ્થાનોમાંનું એક ગણાય છે, જ્યાં ભગવાન રણછોડરાય અને લક્ષ્મીજી બિરાજમાન છે.

## સારંગપુરમાં રણછોડરાયજી મંદિર 500 વર્ષ જુનું છે

# અહીં રાધા નહીં, પણ પત્ની જાંબુવતી સાથે 150 વર્ષ જૂના વસ્ત્રો પહેરીને બિરાજે છે ઠાકોરજી






## જે ભક્તો ડાકોર કે દ્વારકા જઈ શકતા નથી તેઓ અહીં દર્શન કરી ત્યાંના જેટલું પુણ્ય પ્રાપ્ત કરે તેવી માન્યતા છે

શહેરમાં ભગવાન કૃષ્ણનું એક એવું મંદિર છે, જ્યાં તેઓ રાધા નહિ, પણ તેમનાં પત્ની જાંબુવતી સાથે બિરાજમાન છે. સારંગપુરમાં રણછોડરાયજી મંદિર ૫૦૦ વર્ષ જૂનું છે. આ વિસ્તારના એક કૂવામાંથી બંને મૂર્તિ મળી હતી, ત્યાર બાદ તેમની સ્થાપના કરવામાં આવી. મંદિરની બીજી એક ખાસિયત એ છે કે, અહીં રણછોડરાયજીને જન્માષ્ટમી, હોળી, દેવદિવાળી જેવા ખાસ દિવસોએ ૧૫૦થી વધુ વર્ષથી સાચવેલાં સોના-ચાંદીના તારથી બનેલાં વસ્ત્રો, આભૂષણો પહેરાવી પૂજા કરાય છે. મંદિરના પ્રમુખ લવલેશ મહેતાના જણાવ્યાનુસાર, જે ભક્તો પૂનમે ડાકોર કે દ્વારકા જઈ શકતા નથી તેઓ અહીં દર્શન કરી ત્યાંના જેટલું પુણ્ય પ્રાપ્ત કરે તેવી માન્યતા છે. સારંગપુરના યુવાનો ત્રણ વર્ષથી દૂધના હલવાનો ભોગ ધરાવે છે.

### સુરતના પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદની ચાર્જશીટ કોર્ટે રદ કરી

# સ્પા કે કુટણખાનામાં પકડાયેલા ગ્રાહક સામે કેસ કરી શકાય નહીંઃ હાઈકોર્ટ

### ગ્રાહક તરીકે અટકાયત કરાયેલા અરજદારે ક્વોશિંગ પિટિશન કરી હતી




**સિટી ન્યૂઝ@અમદાવાદ**

ગુજરાત હાઈકોર્ટે સ્પા અને કૂટણખાના (વેશ્યાગૃહ) પર થતા પોલીસ દરોડા મામલે એક અત્યંત મહત્વનો અને મોટો ચુકાદો આપ્યો છે. કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે આવા સ્થળો પરથી પકડાયેલા ગ્રાહક સામે માત્ર તેની હાજરીના આધારે ગુનાહિત કેસ ચલાવી શકાય નહીં.હાઈકોર્ટે નોંધ્યું કે સ્પા કે કૂટણખાનામાં ગયેલો ગ્રાહક માત્ર ત્યાં નાણાં ચૂકવીને પોતાના અંગત સંતોષ માટે સેવા લેવા જાય છે. ગ્રાહક વેશ્યાવૃત્તિના વ્યવસાયમાંથી કોઈ કમાણી કરતો નથી કે તે જગ્યાના સંચાલન કે માલિકી સાથે જોડાયેલો હોતો નથી. ગ્રાહક તરીકે અટકાયત કરેલા અરજદારે કોર્ટમાં કરી ક્વોશિંગ પિટિશન હતી જેની પર સુનાવણી કરતા હાઈકોર્ટે આવો ચુકાદો જાહેર કર્યો હતો.ગુજરાત હાઈકોર્ટે સુરતના ઓલપાડ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી આવી જ એક FIR, પોલીસ ચાર્જશીટ અને નીચલી કોર્ટમાં ચાલતી ફોજદારી કાર્યવાહીને કાયદાકીય રીતે અયોગ્ય ગણાવીને સંપૂર્ણપણે રદ કરવાનો હુકમ કર્યો છે. ભારતીય કાયદા મુજબ, વેશ્યાગૃહ ચલાવવું, તેનાથી કમાણી કરવી અથવા કોઈ યુવતીને આ ધંધામાં બળજબરીથી ધકેલવી એ ગુનો છે.પરંતુ, આ કાયદો મુખ્યત્વે દલાલો, સંચાલકો અને માલિકોને સજા આપવા માટે છે, નહીં કે ત્યાં માત્ર ગ્રાહક તરીકે જનાર વ્યક્તિનો કોઈ ગુનો બનતો નથી.

# રાજકોટમાં જામજોધપુરના પ્રૌઢના 50 હજાર સેરવી લેનાર રીક્ષા ગેંગનો સાગરીત ઝડપાયો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટમાં ઉલ્ટી-ઉબકાનું નાટક કરી રિક્ષામાં બેઠેલા મુસાફરના ખિસ્સામાંથી ૫૦ હજારની રોકડ રકમ સેરવી લેવાના બનાવમાં રીક્ષા ગેંગના એક સાગરીતને બી ડિવિઝન પોલીસે ઝડપી લઇ આરોપી પાસેથી રિક્ષા સહિત ૧.૪૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. જામજોધપુરના વાંસજાળીયા ગામે રહેતા મહેન્દ્રભાઇ હમીરભાઇ મકવાણા નામના પ્રોઢે ગઇ તા. ૨૭ ઓગસ્ટના દીકરીને લેપટોપ અપાવવા માટે ખિસ્સા રોકડ રકમ રાખી દીકરીને લેવા માટે જતા હતા દરમિયાન કુવાડવા રોડ પર રણછોડદાસ બાપુના આશ્રમ પાસેથી રિક્ષામાં બેઠા હતા રિક્ષામાં પાછળની સીટ પર અગાઉથી બે અજાણ્યા શખ્સો બેઠા હતા. એક શખ્સે ઉલ્ટી-ઉબકા થવાનું નાટક કરી ફરિયાદીની નજર ચૂકવી તેમના પેન્ટના ડાબી બાજુના આગળના ખિસ્સામાંથી ૫૦ હજાર રોકડા ચોરી લીધા હતા. રસ્તામાં ફરિયાદીનો સામાન પડી ગયો હોવાનું બહાનું કરી રિક્ષામાંથી ઉતરી ત્રણેય શખ્સો ફરાર થઈ ગયા હતા.આ અંગે બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો બનાવને લઇ બી ડિવિઝન પોલીસ મથકના પીઆઇ જી.આર.ચૌહાણની રાહબરી હેઠળ પીએસઆઇ એન.આર.ડોબરીયા તથા તેમની ટીમ પેટ્રોલીંગમાં હતી. દરમિયાન હેડ કોન્સ્ટેબલ ક્રિપાલસિંહ જાડેજા, કોન્સ્ટેબલ અજીતસિંહ પરમાર અને સુખદેવ દાંતીને બાતમીના આધારે પોલીસે રીક્ષા ગેંગના એક સાગીરત ધનજી ઉર્ફે ધનો દેવજીભાઇ ગેડાણીને ઝડપી લઇ તેની પાસેથી ૧.૨૫ લાખની સીએનજી રિક્ષા અને ૧૫ હજાર રોકડા મળી કુલ ૧.૪૦ લાખનો મુદ્દામાલ કબજે કરાયો છે. જ્યારે આ શખસની પુછતાછ કરતા તેના સાથીદારના નામ મોહિત દાનભાઇ ચૌહાણ અને સંજય જેશીંગ ચૌહાણ હોવાનું જણાવતા તેને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.





### દેશભરમાં ઈડીના દરોડા પાડતા ગેરકાયદે વસૂલીના નેટવર્કનો પર્દાફાશ

# બોગસ સોફ્ટવેરથી ટોલ વસૂલીનું મહાકૌભાંડ

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

ઈડીએ એનએચએઆઈ ટોલ પ્લાઝા પ બોગસ વસૂલાત અને મની લોન્ડ્રીંગના મામલામાં દેશભરમાં જુદા-જુદા ૧૪ ઠેકાણે દરોડા કાર્યવાહી કરી છે. ઈડીએ ધન શોધન વિરોધી કાનુન અંતર્ગત આ કાર્યવાહી કરી છે. ઈડીએ આજે ઉત્તરપ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્ર, જમ્મુ, મધ્ય પ્રદેશ, એનસીઆર અને કોલકાતામાં અલગ-અલગ ઠેકાણે દરોડા પાડવામાં આવ્યા છે.

આ મામલે એવો સનસનીખેજ ખુલાસો થયો છે કે બોગસ સોફ્ટવેર બનાવી કરોડોનું કૌભાંડ આચરવામાં આવ્યું છે. આરોપીઓએ નેશનલ હાઈવે ઓથોરિટીના સમાંતર એક બોગસ સોફ્ટવેર બનાવીને કરોડો રૂપિયાની ગેરકાયદે વસૂલી કરી હતી.




**આરોપીઓએ માત્ર 5% જ સરકારી રેકોર્ડમાં બતાવ્યા હતા બાકી 95%નું કૌભાંડ થઈ રહ્યું હતું**

યુપીએસટીએફે આ કૌભાંડનો ભાંડાફોડ કર્યો હતો. તપાસમાં બહાર આવ્યું હતું કે આરોપીઓએ ટોલ વસુલીના માત્ર પાંચ ટકા જ સરકારી રેકોર્ડમાં બતાવ્યા હતા અને બાકી ૯૫ ટકાનું કૌભાંડ થઇ રહ્યું હતું. ઈડીએ આ મામલામાં નોંધાયેલી એફઆઈઆરને ધ્યાનમાં લઈ મામલાની તપાસ શરૂ કરી હતી.

એફઆઈઆરમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે બોગસ સોફ્ટવેરથી રસીદો બનાવીને કૌભાંડ આચરવામાં આવતું હતું. ટોલથી થયેલી કમાણીને અધિકૃત એકાઉન્ટીંગ સિસ્ટમની બહાર ડાયવર્ટ કરવામાં આવી હતી.

ઈડીના તપાસમાં ફોરેન્સિક અને નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડિયાના રેકોર્ડથી બોગસ સોફ્ટવેરના ઉપયોગની પુષ્ટિ થઇ ચૂકી છે. ઈડીના તાજેતરના દરોડાનો ઉદ્દેશ બોગસ સાથે જોડાયેલા પુરાવા એકત્ર કરવા, આરોપીઓની ઓળખ કરવી, અપરાધથી કરેલી કમાણીનો પતો લગાવવાનો છે.

**બિહારમાં પૂરનો ખતરો, પટના જળમગ્ન, ઉત્તરાખંડમાં 172 રસ્તાઓ બંધ**

# ઉત્તરાખંડમાં વરસાદથી તબાહી; 15નાં મોત

## મધ્યપ્રદેશના ચિત્રકુટમાં 400 દુકાનો ડૂબી : નદીઓ ગાંડીતૂર





**સિટી ન્યૂઝ@દહેરાદૂન**

ઉત્તરાખંડમાં છેલ્લા ત્રણ દિવસથી સતત વરસાદ ચાલુ છે. મંગળવારે વરસાદ સંબંધિત અલગ-અલગ ઘટનાઓમાં ૧૨ લોકોના મોત થયા છે. નૈની તળાવનું જળસ્તર ૮૮ ફૂટ પાર થયા બાદ ચેનલો ખોલી દેવામાં આવી છે. રાજ્યમાં ૧૭૨ રસ્તાઓ બંધ છે. નૈનીતાલ, બાગેશ્વર અને દેહરાદૂનમાં આજે ઓરેન્જ એલર્ટ છે. પાંચ જિલ્લાઓમાં શાળાઓ અને આંગણવાડી કેન્દ્રો બંધ કરી દેવામાં આવ્યા છે.

આ તરફ, બિહારમાં પૂરનો ખતરો વધી ગયો છે. રાજ્યમાં ગંગા-પુનપુન સહિત અનેક નદીઓ ભયજનક સપાટીથી ઉપર વહી રહી છે. પટનામાં સવારથી વરસાદ પડી રહ્યો છે. મંગળવારે ભારે વરસાદને કારણે શહેરના અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયું હતું. ભાગલપુરમાં ૧૦૦ વર્ષ જૂનું દુર્ગા મંદિર ધોવાણને કારણે ગંગામાં સમાઈ ગયું, જ્યારે જહાનાબાદમાં જાફરગંજ પુલથી લગભગ ૨ ફૂટ ઉપરથી દરધા નદીનું પાણી વહી રહ્યું છે.

ઉત્તર પ્રદેશના સીતાપુરમાં ભારે વરસાદને કારણે દીવાલ ધરાશાયી થતાં બે લોકોના મોત થયા. ગાઝીપુરમાં ગંગામાં નહાતી વખતે બે સગીર વહી ગઈ. ઉન્નાવમાં વરસાદ બાદ ગંગા એક્સપ્રેસવે પર લગભગ ૭ ફૂટ ઊંડો ખાડો પડી ગયો. આ ચોમાસામાં ગંગા એક્સપ્રેસવે ધસી પડવાની આ બીજી ઘટના છે. જ્યારે બલિયામાં લગભગ ૨૦ હજાર લોકો પૂરથી પ્રભાવિત છે. જ્યારે, મધ્ય પ્રદેશના પૂર્વીય ભાગમાં મજબૂત ચોમાસાની સિસ્ટમ સક્રિય છે. જબલપુર, રીવા, શહડોલ અને સાગર સંભાગમાં ભારે વરસાદ થઈ રહ્યો છે. ચિત્રકૂટમાં મંદાકિની નદી ભયજનક સપાટીથી ઉપર છે. રામઘાટની  લગભગ ૪૦૦ દુકાનો અને ૨૦-૨૫ હોટલ ડૂબી ગઈ છે.

# ગુજરાતમાં ચાર વરસાદી સિસ્ટમ સક્રિય છતાં મેઘરાજા ગાયબ

**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

ગુજરાતમાં ચોમાસાની સીઝન હોવા છતાં વરસાદની ખેંચ અને વધતી ગરમીએ લોકોની ચિંતા વધારી છે. સામાન્ય રીતે ઓગસ્ટ અને સપ્ટેમ્બર દરમિયાન રાજ્યમાં સારો વરસાદ જોવા મળે છે, પરંતુ આ વર્ષે અનેક વિસ્તારોમાં અપેક્ષા મુજબ વરસાદ થયો નથી. બીજી તરફ, સપ્ટેમ્બરની શરૂઆતમાં જ અનેક શહેરોમાં તાપમાન ૩૫થી ૩૬ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું છે. જેના કારણે લોકોને ભર ચોમાસે ઉનાળા જેવી ગરમી અને બફારાનો સામનો કરવો પડી રહ્યો છે.

હવામાન વિભાગના આંકડા મુજબ સપ્ટેમ્બરની શરૂઆતમાં ગુજરાતના અનેક શહેરોમાં મહત્તમ તાપમાન સામાન્ય કરતાં ઊંચું નોંધાયું છે. ભાવનગરમાં મહત્તમ તાપમાન ૩૬.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. આ ઉપરાંત અમદાવાદ અને કંડલામાં તાપમાન ૩૫ ડિગ્રીની આસપાસ રહ્યું છે. જ્યારે ભુજ, વડોદરા અને રાજકોટમાં મહત્તમ તાપમાન લગભગ ૩૪ ડિગ્રી નોંધાયું છે. વરસાદી સિઝન હોવા છતાં બપોરના સમયે ગરમી અને ઉકળાટનો અનુભવ થઈ રહ્યો છે. કેટલાક વિસ્તારોમાં ગરમીના કારણે રસ્તાઓ પર પણ સામાન્ય દિવસોની સરખામણીએ ઓછી અવરજવર જોવા મળી રહી છે. વરસાદી માહોલમાં પણ વધતી ગરમીએ નાગરિકોને પરેશાન કર્યા છે.

હાલમાં ગુજરાત સહિત આસપાસના વિસ્તારમાં લગભગ ચાર અલગ-અલગ વરસાદી સિસ્ટમ સક્રિય હોવાનું હવામાન નિષ્ણાતો જણાવી રહ્યા છે. જોકે આ સિસ્ટમો નબળી હોવાથી રાજ્યમાં વ્યાપક અને ભારે વરસાદ થવાની શક્યતા ઓછી છે. તેના બદલે કેટલાક વિસ્તારોમાં હળવાથી સામાન્ય વરસાદી ઝાપટાં પડી શકે છે. વરસાદની અછતના કારણે વાતાવરણમાં ગરમી અને ભેજ બંનેનો અનુભવ થઈ રહ્યો છે. ચોમાસાના સમયગાળામાં આવી સ્થિતિને કારણે લોકોમાં સારો વરસાદ ક્યારે થશે તે અંગે ઉત્સુકતા વધી છે. ખાસ કરીને ખેડૂતો માટે આગામી દિવસોમાં વરસાદની સ્થિતિ મહત્વપૂર્ણ બની રહેશે. આગામી દિવસોમાં ગુજરાતમાં વરસાદનું પ્રમાણ બહુ વધારે રહેવાની શક્યતા નથી. સપ્ટેમ્બર મહિનામાં અતિ ભારે કે મૂશળધાર વરસાદની શક્યતા પણ હાલ નહિવત દર્શાવવામાં આવી રહી છે. હવામાન નિષ્ણાતોના મતે અલ નીનોની અસર સહિતના પરિબળોને કારણે વાતાવરણમાં ભેજ અને તાપમાનનું સંતુલન પ્રભાવિત થયું છે, જેના કારણે વરસાદની ખેંચ જોવા મળી રહી છે.

## અમેરિકી બચાવ ટૂકડી નેપાળ પહોંચી સુરંગોની અંદર ફસાયેલા લોકોને બહાર કાઢશે



# નેપાળમાં હજુ પુરની ચેતવણી 1200ના મોત; 4900 હજુ ગુમ

## નેપાળ માટે ભારતે પાંચમી રાહત ઉડાન મોકલી



**સિટી ન્યૂઝ@નેપાળ**

નેપાળના વડાપ્રધાન બાલેન શાહે પૂર રાહત અને બચાવ કાર્યોમાં મદદ કરવા બદલ સંસદમાં ભારત અને ચીનનો આભાર માન્યો. બુધવારે સંસદને સંબોધતા તેમણે કહ્યું કે બંને પાડોશી દેશોએ સમયસર રાહત સામગ્રી, ટેકનિકલ ટીમો અને તાત્કાલિક મદદ મોકલી. ભારતે રાહત સામગ્રીનો પાંચમો જથ્થો મોકલ્યો છે. ભારતીય ટીમો સુરંગોમાં સર્ચ ઓપરેશન અને મૃતદેહોની ઓળખમાં મદદ કરી રહી છે. જ્યારે, ચીને ગ્યિરોંગ બોર્ડર સુધી જતો હાઈવે ખોલી દીધો છે, જેનાથી રાહત ટીમો અસરગ્રસ્ત વિસ્તારો સુધી પહોંચી રહી છે.

પૂરમાં અત્યાર સુધીમાં ૧૧૨૭ લોકોનાં મોત થયા છે અને ૪૮૦૦ થી વધુ લોકો ગુમ છે. ઘણા હાઈડ્રોપાવર પ્રોજેક્ટ્સના કર્મચારીઓ પણ ગુમ છે. એવી આશંકા છે કે કેટલાક લોકો હજુ પણ સુરંગોમાં ફસાયેલા હોઈ શકે છે. નેપાળમાં પૂર પછી ચિતવનમાં નારાયણી (ગંડક) અને ત્રિશૂલી નદીઓનું જળસ્તર વધેલું છે. બુધવાર, ૨ સપ્ટેમ્બરના રોજ આ નદીઓનો એરિયલ વ્યૂ સામે આવ્યો, જેમાં પૂર પછી વિસ્તારમાં ફેલાયેલી તબાહી સ્પષ્ટ દેખાઈ રહી છે. નેપાળમાં પૂરના કાટમાળમાં ચાર દિવસ સુધી દટાયેલા રહ્યા બાદ એક ૫ વર્ષના બાળકને જીવતો બચાવી લેવામાં આવ્યો. બચાવ બાદ બાળક એટલો થાકેલો હતો કે તે બરાબર બોલી પણ શકતો ન હતો. એક વીડિયોમાં નેપાળી સેનાનો જવાન બાળકને ખીચડી અને પાણી પીવડાવતો જોવા મળ્યો. જવાને તેને દિલાસો આપતા કહ્યું કે તે જલ્દી તેના પરિવારને મળશે અને પછી શાળાએ જઈ શકશે.

## પૂરનું મોટું કારણ ક્લાઈમેટ ચેન્જઃ નેપાળી PM



નેપાળના વડાપ્રધાન બાલેન શાહે કહ્યું છે કે પૂર પાછળ ક્લાઈમેટ ચેન્જની મોટી ભૂમિકા છે. તેમના મતે, હિમાલય ક્ષેત્રમાં તાપમાન ૧.૮ ડિગ્રી સેલ્સિયસ સુધી વધી ગયું છે. શાહે કહ્યું કે નિષ્ણાતો પૂરનું કારણ બરફ અને હિમખંડોના મોટા ભાગના તૂટવાને માની રહ્યા છે. ક્લાઈમેટ ચેન્જથી નેપાળ જેવા દેશોને ભોગવવી પડી રહી છે. તેવી આફતોનો મુદ્દો આંતરરાષ્ટ્રીય મંચો પર મજબૂતીથી ઉઠાવવો જરૂરી છે.

## પૂર પીડિતોની મદદ માટે સોનું સૂદ કાઠમંડુ પહોંચ્યા



બોલિવૂડ અભિનેતા સોનુ સૂદ નેપાળમાં પૂરથી પ્રભાવિત લોકોની મદદ માટે કાઠમંડુ પહોંચ્યા. આ દરમિયાન તેમણે રાહત સામગ્રીનું વિતરણ કર્યું અને પીડિત પરિવારો સાથે મુલાકાત કરી.સોનુ સૂદે કહ્યું કે રાહત સામગ્રીમાં મોટી સંખ્યામાં ધાબળા અને ખાદ્ય સામગ્રીનો સમાવેશ થાય છે. તેમણે કહ્યું, "અમે પૂર પીડિતોને મળવા અને તેમને રાહત સામગ્રી આપવા આવ્યા છીએ. અમે તેમના જીવનને ફરીથી પાટા પર લાવવાનો પ્રયાસ કરીશું."સોનુ સૂદે એમ પણ કહ્યું કે તેમની ટીમ આવનારા મહિનાઓમાં પણ નેપાળ માટે રાહત સહાય ચાલુ રાખવાનો પ્રયાસ કરશે.

## ચોથા ભાગના લોકો રોટલી અને ભાત પર જ નિર્ભર

# પાકિસ્તાનમાં ભૂખમરાનું સંકટ

**સિટી ન્યૂઝ@ઈસ્લામાબાદ**

પાકિસ્તાન ખૂબ જ ખરાબ પરિસ્થિતિમાં છે. લાંબા સમયથી આર્થિક સંકટનો સામનો કરી રહેલા દેશના લોકો ખૂબ જ ખરાબ પરિસ્થિતિમાં છે અને મૂળભૂત જરૂરિયાતો માટે પણ સંઘર્ષ કરી રહ્યા છે. પાકિસ્તાન સરકારના આંકડા પોતે જ શાહબાઝ શરીફ સરકારની પોલ ખોલી રહ્યા છે. અહેવાલો અનુસાર, પાકિસ્તાનમાં ખાદ્ય સંકટ સતત વકરી રહ્યું છે. લોકો દૂધ, બ્રેડ, ચોખા, માંસ અને અન્ય ખાદ્ય ચીજો માટે પણ સંઘર્ષ કરી રહ્યા છે. પાકિસ્તાન બ્યુરો ઓફ સ્ટેટિસ્ટિક્સ દ્વારા જાહેર કરાયેલા ડેટા જોઈને પાકિસ્તાનમાં વધતી જતી ખાદ્ય અસુરક્ષાનો અંદાજ લગાવી શકાય છે. પાકિસ્તાનના ચોથા ભાગના લોકો રોટલી અને ભાત પર નિર્ભર બની ગયા છે.

પાકિસ્તાન મીડિયામાં પ્રકાશિત એક અહેવાલ, પાકિસ્તાન બ્યુરો ઓફ સ્ટેટિસ્ટિક્સના ડેટાને ટાંકીને, પડોશી દેશની દુર્દશાને ઉજાગર કરે છે. તેમાં



**માંસ ઓછું ખાઈ રહ્યા છે, બાળકોને અપાતું દૂધનું પ્રમાણ ઘટાડ્યું**

જણાવાયું છે કે પાકિસ્તાની પરિવારો મોટાભાગની ખાદ્ય શ્રેણીઓમાં ઓછો ખોરાક ખાઈ રહ્યા છે. પૌષ્ટિક ખોરાકની પહોંચ ઘટી રહી હોવાથી દેશમાં ખાદ્ય અસુરક્ષા સતત વધી રહી છે.

પરિસ્થિતિ એટલી વણસી ગઈ છે કે, ખાદ્ય અસુરક્ષા વધતાં, પરિવારોને તેમના ખોરાકના સેવનની માત્રા અને વિવિધતા ઘટાડવાની ફરજ પડી રહી છે. પીબીએસ ડેટા અનુસાર, છેલ્લા છ વર્ષમાં પાકિસ્તાની પરિવારોએ લગભગ તમામ મુખ્ય ખાદ્ય શ્રેણીઓમાં ઓછો વપરાશ કર્યો છે. આ ઘટાડો ગ્રામીણ અને શહેરી બંને વિસ્તારોમાં જોવા મળ્યો છે. પાકિસ્તાની પરિવારો ઘઉં, ચોખા, માંસ, દૂધ અને ચા જેવા મુખ્ય ખોરાકનો વપરાશ પણ ઘટાડી રહ્યા છે.

અહેવાલ મુજબ, પાકિસ્તાનમાં મધ્યમથી ગંભીર રીતે ખાદ્ય અસુરક્ષિત પરિવારોનો હિસ્સો ૨૦૧૯માં ૧૫.૯૨ ટકાથી વધીને ૨૦૨૫માં ૨૪.૩૫ ટકા થયો. આ સમયગાળા દરમિયાન ગંભીર ખાદ્ય અસુરક્ષા પણ બમણી થઈ ગઈ, જે ૨.૩૭ ટકાથી વધીને ૫.૦૪ ટકા થઈ ગઈ. આનો અર્થ એ થયો કે પાકિસ્તાનના એક ચતુર્થાંશથી વધુ પરિવારો હવે ભૂખમરા અને કુપોષણનો સામનો કરી રહ્યા છે.

પાકિસ્તાની પરિવારો હવે ઓછી માત્રામાં ચોખા રાંધી રહ્યા છે, નાની રોટલી બનાવી રહ્યા છે, માંસ ઓછું ખાઈ રહ્યા છે અને બાળકોને આપવામાં આવતા દૂધનું પ્રમાણ ઘટાડી રહ્યા છે. વધુમાં, ચાના વપરાશમાં પણ ઘટાડો થયો છે.



## અમેરિકાએ ઈરાનમાં લગ્ન સમારોહ પર હૂમલો કર્યો : 5નાં મોત

**સિટી ન્યૂઝ@ઈસ્લામાબાદ**

અમેરિકાએ ઈરાન પર ૩ દિવસમાં બીજી વાર હુમલો કર્યો છે. અમેરિકી સેનાએ મંગળવારે રાત્રે સિરિક, ખુજસ્તાન, કેશ્મ દ્વીપ અને બંદર અબ્બાસ પર મિસાઈલ અને ડ્રોનથી હુમલા કર્યા. ઈરાન મુજબ સિરિકમાં એક લગ્ન સમારોહ દરમિયાન મિસાઈલ છોડવામાં આવી. જેમાં ૫ લોકોના મોત થયા જ્યારે ૫૦થી વધુ લોકો ઘાયલ થયા. મેહર ન્યૂઝ મુજબ મૃતકોમાં ૪ વર્ષનો એક બાળક પણ સામેલ છે. હુમલા બાદ સામે આવેલા વીડિયો અને તસવીરોમાં ઘાયલ બાળકો હોસ્પિટલમાં સારવાર લેતા દેખાઈ રહ્યા છે. બીજી તરફ, ખુજસ્તાન પ્રાંત પરના હુમલામાં ૭ લોકોના મોત થયા, જ્યારે ૮ લોકો ઘાયલ થયા. જોકે અમેરિકાનો દાવો છે કે તેમણે ઈરાનના સૈન્ય ઠેકાણાઓને નિશાન બનાવ્યા છે. આ હુમલાઓના જવાબમાં ઈરાને જોર્ડન અને બહેરીનમાં અમેરિકી સૈન્ય ઠેકાણાઓને નિશાન બનાવવાનો દાવો કર્યો છે. જેમાં ઘણા લોકો માર્યા ગયા છે.

## રિપોર્ટ : જો ડોનબાસ પર કબજો કર્યા વિના યુધ્ધ રોકવામાં આવે તો ફાંસી આપવામાં આવશે


# પુતિનને સત્તા ગુમાવવાનો ડર

**સિટી ન્યૂઝ@મોસ્કો**

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનને ડર છે કે જો તેઓ આખો ડોનબાસ કબજે કર્યા વિના યુક્રેન યુદ્ધ સમાપ્ત કરશે, તો રશિયાના શક્તિશાળી લોકોમાં તેમની સામે નારાજગી વધી શકે છે. આનાથી તેમની સત્તા પર પણ ખતરો આવી શકે છે. ધ ઈકોનોમિસ્ટના એક અહેવાલ મુજબ, પુતિનને લાગે છે કે પોતાની મોટી માંગણીઓ પૂરી કર્યા વિના યુક્રેન યુદ્ધ સમાપ્ત કરવું રશિયામાં તેમની નબળાઈ ગણાશે. ક્રેમલિનના એક નજીકના સૂત્રએ જણાવ્યું કે યુદ્ધ સમાપ્ત કરવાના પરિણામો વિશે વાત કરતી વખતે પુતિને એકવાર કહ્યું હતું કે, "તેઓ મને ફાંસી આપી દેશે.

પુતિનું માનવું છે કે જો રશિયાનો નેતા નબળો દેખાય છે, તો તેના માટે સત્તામાં ટકી રહેવું મુશ્કેલ બની શકે છે. આ જ કારણ છે કે તેઓ યુદ્ધ સમાપ્ત કરવા માટે મોટા કરારો કરવાથી બચી રહ્યા છે. યુક્રેનના ડોનેત્સ્ક અને લુહાંસ્ક પ્રદેશોને ભેગા કરીને ડોનબાસ કહેવાય છે. રશિયાનો ડોનબાસના લગભગ ૯૦% હિસ્સા પર નિયંત્રણ છે.

રિપોર્ટ અનુસાર, પાંચ વર્ષથી વધુ સમયથી ચાલી રહેલા યુદ્ધે પુતિન માટે સ્થિતિ મુશ્કેલ બનાવી દીધી છે. યુદ્ધ ચાલુ રાખવા પર યુક્રેન



રશિયાના તેલ અને ઊર્જા ઠેકાણાઓ પર સતત હુમલા કરી રહ્યું છે. આનાથી રશિયાનો ખર્ચ સતત વધી રહ્યો છે. યુદ્ધ રોકવું પણ પુતિન માટે સરળ નથી. રિપોર્ટ અનુસાર, તેમને સામાન્ય લોકોની નારાજગી કરતાં રશિયાના એ શક્તિશાળી લોકોની વધુ ચિંતા છે, જેમની પાસે પૈસા, હથિયાર અને સત્તા સુધી પહોંચ છે. એસ્ટોનિયન ગુપ્તચર પ્રમુખ રોસિન અનુસાર, આ લોકો વચ્ચે હવે પહેલાની જેમ રશિયાની સંપૂર્ણ જીતની વાત નથી થઈ રહી. તેના બદલે તેઓ વિચારી રહ્યા છે કે આ યુદ્ધને યોગ્ય રીતે કેવી રીતે સમાપ્ત કરવું.

### ઝારખંડ સરકારે નવી વ્યવસ્થા લાગુ કરવાની તૈયારી કરી

# 12 કલાક જેલની બહાર કામ સાંજે પાછા જેલમાં




## જે કેદીઓનો ટ્રેક રેકોર્ડ સારો હશે તેમને જ સવારે 7 થી સાંજના 7 વાગ્યા સુધી કામ કરવાની મંજૂરી આપવામાં આવી છે

**સિટી ન્યૂઝ@રાંચી**

ઝારખંડ સરકાર અને જેલ વહીવટીતંત્રે રાજ્યમાં જેલ સુધારણા અંતર્ગત એક નવી વ્યવસ્થા લાગુ કરવાનો નિર્ણય લીધો છે. આ નવી વ્યવસ્થા હેઠળ કેદીઓને રોજગારી સાથે જોડવામાં આવશે. કેદીઓને આત્મનિર્ભર બનાવવા અને તેમના પરિવારને આર્થિક સહાય આપવાની દિશામાં આ પગલું ભરવામાં આવ્યું છે.

આ વ્યવસ્થા હેઠળ સારા આચરણવાળા કેટલાક પસંદગીના કેદીઓને સવારે ૬ કે ૭ વાગ્યાથી સાંજ સુધી બહાર જઈને કામ કરવાની મંજૂરી આપવામાં આવશે. પરંતુ શરત માત્ર એ છે કે, તેમણે ૧૨ કલાકની અંદર એટલે કે સાંજ સુધીમાં જેલમાં પરત ફરવું પડશે. ખાસ વાત એ છે કે, આનો લાભ તમામ કેદીઓને નહીં મળે. માત્ર એ જ કેદીઓને તેનો લાભ મળશે જેમનું આચરણ સારું હશે. આ માટે એક એસઓપી (SOP) તૈયાર કરવામાં આવશે અને જે કેદીઓનો ટ્રેક રેકોર્ડ સારો હશે તેમને બહાર જઈને કામ કરવાની મંજૂરી આપવામાં આવશે.

જો કેદી નિયમોનું ઉલ્લંઘન કરતો ઝડપાશે, તો તેની સામે કાર્યવાહી કરવામાં આવશે. હાલમાં આ સમગ્ર વ્યવસ્થાને લઈને SOP તૈયાર કરવામાં આવી રહી છે. SOP પછી જ કંઈક સ્પષ્ટ થઈ શકે છે.

ઝારખંડ જેલ એન્ડ સુધારાત્મક સેવા અધિનિયમ, ૨૦૨૫માં ઓપન કરેક્શનલ ઈન્સ્ટીટ્યુશન એટલે કે OCI સ્થાપિત કરવાની જોગવાઈ કરવામાં આવી છે. તેનો ઉદ્દેશ્ય જેલના કેદીને જેલમાંથી બહાર નીકળ્યા બાદ પુનર્વસન અને રોજગારી આપવાનો છે, જેથી તેઓ પોતાના પરિવાર સાથે સામાન્ય જીવન જીવી શકે.

### શું છે આ યોજનાનો ઉદ્દેશ્ય

હાલમાં રાજ્યની ચાર જેલોમાં આ વ્યવસ્થા શરૂ કરવાની તૈયારી છે. જેલ IG સુદર્શન મંડળના જણાવ્યા અનુસાર, જે જેલોમાં આ વ્યવસ્થા શરૂ કરવા પર વિચાર કરવામાં આવી રહ્યો છે તે શહેરી વિસ્તારોમાં છે. આ યોજનાનો ઉદ્ધેશ્ય કેદીઓને રોજગારી આપવાનો અને આત્મનિર્ભર બનાવવાનો છે.

### ચાર જેલોમાં શરૂ થશે વ્યવસ્થા

હેમંત સોરેન સરકાર હાલમાં રાજ્યની ચાર મધ્યસ્થ જેલોમાં આ વ્યવસ્થા લાગુ કરવાની તૈયારી કરી રહી છે. બિરસા મુંડા મધ્યસ્થ જેલ, રાંચી સ્થિત જયપ્રકાશ નારાયણ મધ્યસ્થ જેલ, હજારીબાગ સ્થિત ઘાઘીડીહ મધ્યસ્થ જેલ અને પૂર્વ સિંહભૂમ સ્થિત દુમકા મધ્યસ્થ જેલ ખાતે આ વ્યવસ્થા લાગુ કરવા અંગે તૈયારી ચાલી રહી છે. આ જેલોમાં એવા બેરેકની ઓળખ કરી લેવામાં આવી છે, જેને ઓપન અથવા સેમિ-ઓપન બેરેકમાં બદલી શકાય છે. સરકારનું કહેવું છે કે, આ પહેલનો ઉદ્ધેશ્ય કેદીઓને જેલમાંથી મુક્ત કરવાનો નથી, પરંતુ તેમને રોજગારી સાથે જોડીને આત્મનિર્ભર બનાવવાનો છે.

### ગુરૂવારથી ત્રણ દિવસ ગુજરાતના પ્રવાસે હતા

# અમિત શાહનો અચાનક ગુજરાત પ્રવાસ રદ



**સિટી ન્યૂઝ@નવીદિલ્હી**

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહનો આવતીકાલથી શરૂ થનારો ત્રણ દિવસીય ગુજરાત પ્રવાસ રદ્દ કરવામાં આવ્યો છે. અમિત શાહ આગામી ત્રણ દિવસ દરમિયાન ગુજરાતના વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપવાના હતા, પરંતુ અચાનક પ્રવાસ રદ્દ થતા આયોજન કરાયેલા તમામ કાર્યક્રમોને લઈને નવી તારીખોની રાહ જોવાઈ રહી છે. માહિતી અનુસાર, ગૃહમંત્રી અમિત શાહ રેલવે સહિતના અનેક વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કાર્યક્રમોમાં હાજરી આપવાના હતા.
તેમના પ્રવાસ દરમિયાન અમદાવાદ અને ગાંધીનગર સહિત વિવિધ સ્થળોએ સરકારી તેમજ સંગઠનાત્મક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.
પ્રવાસ રદ્દ થવાના કારણે સંબંધિત વિભાગો અને આયોજકો દ્વારા કાર્યક્રમોની નવી તારીખો અંગે ટૂંક સમયમાં નિર્ણય લેવામાં આવે તેવી શક્યતા છે. જોકે, પ્રવાસ રદ્દ થવાનું ચોક્કસ કારણ હજુ સુધી સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યું નથી. અમિત શાહના ગુજરાત પ્રવાસને લઈને ભાજપના કાર્યકરો અને સ્થાનિક આગેવાનોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો હતો, પરંતુ પ્રવાસ રદ્દ થતાં હવે આગામી કાર્યક્રમોની નવી તારીખોની જાહેરાત પર સૌની નજર મંડાઈ છે.

### કારખાના બંધ થવાના સંકેત

# મોરબી સિરામિક ઉદ્યોગમાં વપરાતા નેચરલ ગેસના ભાવમાં રૂા.11નો વધારો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

મોરબીના સિરામિક ઉદ્યોગકારો માટે આગળ ખાઈ અને પાછળ કૂવા જેવો ઘાટ સર્જાયો છે કેમ કે, નેચરલ ગેસના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે ચાલુ મહિને નેચરલ ગેસના ભાવમાં ૧૧ રૂપિયાનો પ્રતિ ક્યુબિક મિતરે ભાવ વધારો કરવામાં આવેલ છે .
જેથી કરીને ઉદ્યોગકારોએ પોતાના કારખાનામાં મોંઘા ભાવનો નેચરલ ગેસ અથવા તો પ્રોપેન ગેસ વાપરીને કારખાના કેવી રીતે ચાલુ રાખવા તે પ્રશ્ન ઉભો થયો છે કેમ કે, હાલમાં લોકલ કે ઈન્ટરનેશનલ માર્કેટમાં ટાઈલ્સની ડિમાન્ડ ન હોવાથી માલ વેંચવો કોને તે પ્રશ્ન છે.અને જો આવીને આવી સ્થિતિ રહી તો સંભવતઃ આ મહિનામાં ઘણા બધા સિરામિક કારખાના બંધ કરવા પડે તેવી પરિસ્થિતિનું નિર્માણ થાય તો પણ નવાઈ નથીમોરબીની આસપાસના વિસ્તારમાં સીરામીક ઉદ્યોગ પથરાયેલો છે અને ત્યાં બનતી સિરામિક પ્રોડક્ટને દેશના દરેક રાજ્યમાં તથા વિદેશમાં મોકલવામાં આવતી હોય છે જોકે ઈરાન



અને ઈઝરાયેલ વચ્ચે જે યુદ્ધ શરૂ થયું ત્યાર પછીથી મોરબીના સિરામિક ઉદ્યોગની માઠી શરૂ થઈ હોય તેવો ઘાટ સર્જાયો છે કારણ કે ઈંધણ તરીકે વપરાતો નેચરલ અને પ્રોપેન ગેસની પહેલા બે મહિના સુધી સપ્લાય ઠપ્પ થઈ ગઈ હતી.જેથી ઉદ્યોગ બંધ થઈ ગયો હતો ત્યારબાદ નેચરલ અને પ્રેપેન ગેસના ભાવમાં લાકડા જેવો વધારો કરવામાં આવ્યો હતો તેમ છતાં પણ ઉદ્યોગકારોએ પોતાના ઉદ્યોગને મોંઘા ભાવનો ગેસ લઈને શરૂ કર્યો હતો અને ત્યારે માલ મહિના સુધી માર્કેટમાં આવેલ ન હોવાથી ડિમાન્ડ હતી પરંતુ હાલમાં માર્કેટમાં ડિમાન્ડ ન હોવાથી ઉદ્યોગકારોને ટકવું કેવી રીતે તે સૌથી મોટો પ્રશ્ન ઊભો થયો છે.

# રાજકોટ કટારીયા ચોકનું કામ હજુ 17 મહિના ચાલશેઃ એજન્સીને છ નોટિસ



**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મહાપાલિકા દ્વારા પશ્ચિમ રાજકોટના ગૌરવપથ કાલાવડ રોડ અને ન્યૂ રિંગ રોડ જંક્શન ખાતે કટારીયા ચોકમાં રૂ.૧૬૭ કરોડના ખર્ચે નિર્માણાધિન આઈકોનિક કેબલ સ્ટેડ ફ્લાય ઓવરબ્રિજ અને અંડરપાસ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત તા.૨૬ માર્ચ ૨૦૨૫ના રોજ થયાને હાલ સપ્ટેમ્બર-૨૦૨૬માં ૧૭ મહિના પૂર્ણ થયા છે અને વર્ક પ્રોગ્રેસ ૫૧ ટકા છે. આ સ્થિતિ જોતા પ્રોજેક્ટ ૩૦ માસની સમયમર્યાદામાં પૂર્ણ થાય તેવી શક્યતા નહીંવત જણાય રહી છે.દરમિયાન એવું સામે આવ્યું છે કે રાજકોટ મહાપાલિકા અને આર.એન્ડ બી.વિભાગ વચ્ચે સંકલનના અભાવે બ્રિજ પ્રોજેક્ટ અંતર્ગત લેવા પાત્ર થતી વિવિધ વચગાળાની મંજૂરીઓ સમયસર મળતી ન હોય પ્રોજેક્ટનું કામ ધીમું ચાલી રહ્યું છે. આ બ્રિજ પ્રોજેક્ટની કોન્ટ્રાક્ટર એજન્સીને મહાપાલિકા દ્વારા પ્રોજેક્ટના વિવિધ તબક્કે સમયાંતરે કુલ છ નોટિસ ફટકારીને કામ નિર્ધારિત સમયમાં પૂર્ણ કરવા તાકિદ કરાઈ છે.
માઈલ સ્ટોન-૩ મુજબ ૭૫ ટકા પ્રગતિના તબક્કા માટે ૬૮૪ દિવસનો સમયગાળો નિર્ધારિત છે. હાલની ફિઝિકલ પ્રોગ્રેસ ૫૧ ટકા છે. આ પ્રોજેક્ટ તેના નિર્ધારિત સમય તા.૨૪ જાન્યુઆરી ૨૦૨૮ સુધીમાં પૂર્ણ થાય તેવી શક્યતા નહીંવત છે.

### પરેડ સહિતના મુદ્દે રૂ.7.5 લાખ ચુકવવા માનવ અધિકાર પંચનો સરકારને આદેશ

# અમરેલી પાયલ ગોટી લેટરકાંડમાં રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગનો મોટો ચુકાદો

**સિટી ન્યૂઝ@અમરેલી**

અમરેલીના ચર્ચાસ્પદ પાયલ ગોટી લેટરકાંડ મામલે રાષ્ટ્રીય માનવાધિકાર આયોગ (NHRC) દ્વારા મહત્વનો ચુકાદો આપવામાં આવ્યો છે. આયોગે પાયલ ગોટીને રૂ.૭.૫ લાખનું વળતર ચૂકવવા રાજ્ય સરકારને આદેશ કર્યો છે. ગાંધીનગરમાં યોજાયેલી વિશિષ્ટ સુનાવણી દરમિયાન આ મહત્વનો આદેશ કરવામાં આવ્યો હોવાનું સામે આવ્યું છે.પાયલ ગોટી લેટરકાંડને લઈને ગેરકાયદે ધરપકડ, પરેડ સહિતના મુદ્દાઓને આધારે રાષ્ટ્રીય માનવાધિકાર આયોગ સમક્ષ ફરિયાદ કરવામાં આવી હતી. આ ફરિયાદની સુનાવણી દરમિયાન સમગ્ર મામલે માનવાધિકારના પાસાઓની ચર્ચા કરવામાં આવી હતી.પાયલ ગોટી લેટરકાંડ બાદ પોલીસે કરેલી કાર્યવાહી સામે અનેક સવાલો ઉઠ્યા હતા. ખાસ કરીને ગેરકાયદે ધરપકડ અને પરેડ કરાવવાના આક્ષેપોને લઈને રાષ્ટ્રીય માનવાધિકાર આયોગમાં ફરિયાદ કરવામાં આવી હતી. આ ફરિયાદના આધારે આયોગ દ્વારા મામલાની સુનાવણી હાથ ધરવામાં આવી હતી. ગાંધીનગરમાં આયોજિત વિશિષ્ટ સુનાવણી દરમિયાન આયોગે સમગ્ર મામલે પોતાનો નિર્ણય સંભળાવ્યો હતો. જેમાં પાયલ ગોટીને રૂ.૭.૫ લાખનું વળતર ચૂકવવા રાજ્ય સરકારને આદેશ કરવામાં આવ્યો છે.આયોગ દ્વારા સુનાવણી દરમિયાન વળતર ચૂકવવાનો આદેશ કરવામાં આવ્યો છે. હવે આ મામલે રાષ્ટ્રીય માનવાધિકાર આયોગનો વિગતવાર લેખિત હુકમ ટૂંક સમયમાં સામે આવવાની શક્યતા છે. લેખિત હુકમમાં કયા આધાર અને કારણોને ધ્યાનમાં રાખીને વળતર ચૂકવવાનો આદેશ કરવામાં આવ્યો છે તેની વધુ વિગતો સ્પષ્ટ થશે. અમરેલીના પાયલ ગોટી લેટરકાંડને લઈને અગાઉથી જ રાજકીય અને સામાજિક સ્તરે ચર્ચા ચાલી રહી હતી. હવે રાષ્ટ્રીય માનવાધિકાર આયોગના રૂ.૭.૫ લાખના વળતર ચૂકવવાના આદેશથી સમગ્ર મામલો ફરી ચર્ચામાં આવ્યો છે.



# ધોરાજીમાં 6 વર્ષના બાળક સાથે દુષ્કર્મ, સગીરે વીડિયો ઉતારી વાયરલ કર્યો

## 13 વર્ષના સગીર સામે ગંભીર ગુનો; 16 વર્ષના કિશોરે ઘટનાનો વીડિયો બનાવ્યાનો પરિવારનો આક્ષેપ, પોલીસે બંનેને ઝડપી લીધા

સિટી ન્યૂઝ@ધોરાજી

ધોરાજી શહેરમાંથી માનવતાને શર્મસાર કરતી અને સમાજને હચમચાવી મૂકે તેવી એક અત્યંત આઘાતજનક ઘટના સામે આવી છે. ધોરાજીમાં માત્ર ૬ વર્ષના એક માસૂમ બાળક સાથે ૧૩ વર્ષના એક તરૂણે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચર્યું હોવાની વિગતો પ્રકાશમાં આવતા સમગ્ર પંથકમાં ભારે ખળભળાટ મચી ગયો છે આ ઘૃણાસ્પદ કૃત્ય સમયે હાજર અન્ય એક ૧૬ વર્ષના કિશોરે પોતાના મોબાઈલ ફોનમાં સમગ્ર ઘટનાનો વિડીયો શૂટ કર્યો હતો અને ત્યારબાદ તેને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વાયરલ કરી દીધો હતો. પ્રાપ્ત માહિતી મુજબ, ફરિયાદીએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેમણે સંતાનમાં એક છ વર્ષનો પુત્ર છે, જે સિનિયર કે.જી.માં અભ્યાસ કરે છે. ફરિયાદીના એક સંબંધીએ તેમને વોટ્સઅપમાં એક વિડીયો મોકલ્યો હતો.જે વિડીયો ફરિયાદીએ જોતા તેમના ઘર નજીક રહેતો ૧૩ વર્ષનો સગીર ફરીયાદીના છ વર્ષના પુત્રને મોઢા પર ચુંબન કરતો હતો. બાદમાં ૧૩ વર્ષના સગીરે પોતાનું પેન્ટ ઉતારી તેનું ગુપ્તાંગ ફરીયાદીના છ વર્ષીય પુત્રના મુખમાં પ્રવેશ કરાવતો હોય તેવું વિડીયોમાં જોવા મળ્યું હતું. સમગ્ર વિડીયો જોઈ ફરીયાદીના પગ તળેથી જમીન સરકી ગઈ હતી. જે બાદ ફરિયાદીએ તેમના છ વર્ષના માસુમ પુત્ર સાથે બેસી કુનેહપૂર્વક વાતચીત કરી ઘટના અંગે પૂછતાં માસુમે પિતાને જણાવ્યું હતું કે, તેમના ઘર નજીક રહેતો ૧૩ વર્ષના સગીર સાથે તે ગત તા.૨૮ ઓગસ્ટના રોજ રમવા ગયો હતો. ત્યારે ૧૩ વર્ષનો તરૂણ બાળકને તેના પિતાની માલિકીની બોલેરો વાહનમાં બેસવા જણાવ્યું હતું.જેથી બાળક બોલેરોમાં બેસી ગયો હતો. ત્યારે ૧૩ વર્ષના સગીર સાથે અન્ય એક ૧૬ વર્ષનો કિશોર પણ હાજર હતો. જે બાદ ૧૩ વર્ષીય સગીરે બાળકને ચુંબન કરી શ્રુષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચર્યું હતું.જયારે ૧૬ વર્ષનો કિશોર સમગ્ર બનાવનો વિડીયો મોબાઈલમાં ઉતારતો હતો. આ ચકચારી ઘટના સમયે ત્યાં હાજર ૧૬ વર્ષના અન્ય એક કિશોરે આખી ઘટનાનો વિડીયો ઉતાર્યો હતો. આ નરાધમો એટલા પર જ ન અટકતા, તેમણે આ સંવેદનશીલ વિડીયોને સોશિયલ મીડિયા પર વહેતો કરી દીધો હતો, જે જોતજોતામાં વાયરલ થઈ ગયો હતો.આ સંવેદનશીલ અને શરમજનક ઘટનાનો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં જ ભોગ બનનાર બાળકના પરિવારજનો અને સ્થાનિક અગ્રણીઓ તાત્કાલિક પોલીસ સ્ટેશને દોડી ગયા હતા. બાળકના પરિવારની ફરિયાદના આધારે પોલીસે તુરંત જ એક્શન મોડમાં આવીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે આ મામલે કડક કલમો હેઠળ ગુનો દાખલ કર્યો હતો.

# મોરબીના દહીંસરા પાસે ડમ્પરની અડફેટે દંપતીનાં ઘટનાસ્થળે જ થયું મોત

## દરગાહેથી દર્શન કરી પરત ફરતા બાઈકને નંબર પ્લેટ વગરના ડમ્પરે ટક્કર મારી; ૨૦ વર્ષનો પુત્ર અને ૧૮ વર્ષની પુત્રી નોંધારા બન્યાં

સિટી ન્યૂઝ@મોરબી

માળિયા મિયાણા તાલુકાના પીપળીયા ચાર રસ્તા નજીક નાના દહીંસરાના પાટિયા પાસે સાંજના સમયે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. મોરબીના નવલખી રોડ પર આવેલા રિદ્ધિ પાર્કમાં રહેતા અને લોટની ચક્કી ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા રહીમભાઈ ઈશાકભાઈ ચિચોદરા (ઉ.વ. ૫૦) તથા તેમના પત્ની મેરુનબેન રહીમભાઈ ચિચોદરા (ઉ.વ. ૪૮) બાઈક પર દહીંસરા સ્થિત પીરની દરગાહે દર્શન કરવા ગયા હતા.દર્શન કરીને પરત ફરી રહ્યા હતા ત્યારે વાસુકી કોલ નજીક સામેથી આવી રહેલા કોલસા ભરેલા એક નંબર પ્લેટ વગરના ડમ્પરે તેમના બાઈકને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માતમાં બાઈક સવાર દંપતી રોડ પર પટકાતાં ગંભીર ઈજાઓ પહોંચી હતી અને બંનેના ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યાં હતાં. અકસ્માત બાદ ડમ્પર ચાલક વાહન સાથે ફરાર થઈ ગયો હતો.મૃતક દંપતીને સંતાનમાં ૨૦ વર્ષનો પુત્ર અને ૧૮ વર્ષની પુત્રી છે. બંનેએ એકસાથે માતા-પિતાની છત્રછાયા ગુમાવતા પરિવાર પર આભ તૂટી પડ્યું હતું. દંપતીના મોતના સમાચારથી પરિવારમાં તેમજ આસપાસના વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું.

### બેફામ ડમ્પરો સામે સ્થાનિકોમાં રોષ

અકસમાતને પગલે સ્થાનિકોમાં રોષ જોવા મળ્યો હતો. સ્થાનિક સલીમભાઈ સહિતના રહીશોએ જણાવ્યું હતું કે આ માર્ગ પર આશરે ૭૦૦ જેટલા ડમ્પરો બેફામ દોડે છે અને ચાલકો ઓવરટેક કરવાની હોડ લગાવે છે. અનેક વાહનો નંબર પ્લેટ વગર દોડતા હોવા છતાં તંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી કરવામાં આવતી ન હોવાનો તેમણે આક્ષેપ કર્યો હતો.સ્થાનિકોએ અકસ્માત સર્જનાર ડમ્પર ચાલક સામે તાત્કાલિક કડક કાર્યવાહી કરવા તેમજ બેફામ દોડતા ડમ્પરો પર લગામ કસવાની માગ કરી છે. જો કાર્યવાહી નહીં થાય તો આગામી દિવસોમાં રસ્તા રોકો આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

# ગઢકાના મંદિરમાં વૃદ્ધાનો 3.15 લાખનો ચેઈન ચોરાયો

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ નજીક ગઢકા ગામના દ્વારકાધીશ મંદિરમાં ધજા આરોહણના કાર્યક્રમ દરમિયાન અમરેલીથી આવેલા ૬૦ વર્ષીય કિરણબેન આખજાનો રૂ. ૩.૧૫ લાખની કિંમતનો સોનાનો ચેઈન ચોરાઈ ગયો હતો. બનાવ અંગે આજી ડેમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. કિરણબેન તેમના જમાઈ કલ્પેશભાઈ કલોલાના ધજા આરોહણના પ્રસંગે ગત ૨૮ ઓગસ્ટે પરિવાર સાથે મંદિરે ગયા હતા. પ્રસંગ પૂર્ણ થયા બાદ કારમાં બેસતી વખતે નણંદે ગળામાં ચેઈન નહીં હોવાનું જણાવતાં આસપાસ શોધખોળ કરી હતી, પરંતુ ચેઈન મળી આવ્યો ન હતો. CCTV અને ડ્રોન કેમેરાના ફૂટેજમાં ૩ અજાણી મહિલાઓ કેદ થઈ હોવાનું સામે આવ્યું છે. ચેઈન ચોરીની શંકાના આધારે આજી ડેમ પોલીસ સાથે ક્રાઈમ બ્રાન્ચે તપાસ હાથ ધરી છે.

# પરિણીતાના મોઢા પર ફોન મારી પતિએ ઢીકાપાટુનો માર માર્યો

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટના કૃષ્ણનગર મેઈન રોડ વિસ્તારમાં રહેતી પરિણીતાને પતિએ ફોન મોઢા પર મારી ઢીકાપાટુનો માર માર્યાની ફરિયાદ મહિલા પોલીસ મથકમાં નોંધાઈ છે. વૈશાલીબા જાડેજાએ પતિ વિરેન્દ્રસિંહ જાડેજા સામે ફરિયાદમાં જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૦૯માં પ્રેમસંબંધ બાદ બંનેના લગ્ન થયા હતા. લગ્નના થોડા સમય બાદ પતિ નજીવી બાબતે ઝઘડો કરી ત્રાસ આપતો હોવાથી અગાઉ પણ મહિલા પોલીસમાં ફરિયાદ કરી હતી. તેમ છતાં પતિનો ત્રાસ ચાલુ રહ્યો હતો. મંગળવારે વૈશાઈબા ઘરે સૂતા હતા ત્યારે પતિએ આવી કોઈ વાત કર્યા વગર ફોન તેમના મોઢા પર મારી ઢીકાપાટુનો માર માર્યો હતો. દરમિયાન પુત્રી જાગી જતાં ૧૧૨ને જાણ કરી હતી. જેથી પતિ ત્યાંથી નાસી ગયો હતો. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### રાજકોટ મહાપાલિકાએ જાહેરનામું બહાર પાડ્યું

# પર્યુષણ પર્વમાં 8 દિવસ કતલખાના બંધ

» માંસ, મટન, મચ્છી અને ચિકનના વેંચાણ પર સંપૂર્ણ પ્રતિબંધ

» નિયમભંગ કરનારા સામે JPMC એક્ટ હેઠળ કડક કાર્યવાહી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

જૈન સમાજના પવિત્ર અને આસ્થાના મહાપર્વ પર્યુષણ પર્વને અનુલક્ષીને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા મહત્વપૂર્ણ અને સંવેદનશીલ નિર્ણય લેવામાં આવ્યો છે. જૈન ધર્મમાં અહિંસા અને જીવદયાનું વિશેષ મહત્વ હોવાથી મનપા કમિશનર દ્વારા આગામી ૮ સપ્ટેમ્બરથી લઈને ૧૬ સપ્ટેમ્બર સુધી શહેરભરના તમામ કતલખાનાઓ બંધ રાખવાનો આદેશ કરવામાં આવ્યો છે. આ અંગે આરોગ્ય શાખા દ્વારા સત્તાવાર જાહેરનામું બહાર પાડી સમગ્ર શહેરમાં તેની ચુસ્ત અમલવારી કરવા સૂચના આપવામાં આવી છે.

મહાનગરપાલિકાના જાહેરનામા અનુસાર, આ નિર્ધારિત દિવસો દરમિયાન માત્ર કતલખાના જ નહીં પરંતુ શહેરના સમગ્ર વિસ્તારમાં ખુલ્લા કે બંધ સ્થળોએ માંસ, મટન, મચ્છી અને ચિકનનું વેચાણ કરવા પર પણ સંપૂર્ણ પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. પવિત્ર તહેવાર દરમિયાન ધાર્મિક લાગણી જળવાઈ રહે અને જીવહિંસા અટકે તે હેતુથી આ સમગ્ર સમયગાળા દરમિયાન માંસાહારી ખાદ્યસામગ્રીના વેચાણ પર મનાઈ રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનારા વેપારીઓ કે સંચાલકો સામે પાલિકા તંત્ર કડક હાથે કામ લેશે. મનપા કમિશનર દ્વારા સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે કે સંબંધિત તમામે આ નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

જો કોઈ આ જાહેરનામાનું ઉલ્લંઘન કરશે તો તેની સામે ધી જી.પી.એમ.સી. એક્ટ-૧૯૪૯ની કલમ ૩૨૯ અને ૩૩૬ તેમજ રાજકોટ મહાનગરપાલિકાના બાયલોઝ મુજબ કાયદેસરની ધોરણસર કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# ડેટિંગ એપની એજન્સીના નામે 17 લાખનું ફ્રોડ કરનાર રાજસ્થાનથી ઝડપાયો

» આરોપીના પિતાના બેંક ખાતામાં ફ્રોડની રકમ જમા થઈ હતી, બીજા ગુના અંગે તપાસ

**સિટી ન્યૂઝ@રાજકોટ**




ટોકી નામની ડેટિંગ એપની એજન્સી' અપાવી દેવાના નામે રૂા. ૧૭લાખની ઓનલાઈન છેતરપિંડી કરનાર રાજસ્થાનના ચુરૂ જિલ્લાના મોલીસર બાડા ગામના સુરેન્દ્ર હિરાલાલ સિહાગને રાજકોટ રેન્જની સાયબર ક્રાઈમ પોલીસે રાજસ્થાનથી ઝડપી લઈ ત્રણ દિવસના રિમાન્ડ પર મેળવ્યો છે.ટોકી એપમાં ચેટ કરવા માટે કોઈન મેળવવા પડે છે. ત્યાર બાદ જ મહિલાઓ સાથે ચેટ થઈ શકે છે. ભોગ બનનાર યુવાન ખૂબ જ કોઈનની ખરીદી કરતો હોવાથી આરોપીએ તેનો સંપર્ક કરી એજન્સી અપાવી દેવાની લાલચ આપી કહ્યું કે, તેમ કરવાથી કોઈનની ખરીદી ઉપર ૨૫ ટકા કમિશન અને અન્ય લાભો મળશે. જેથી ભોગ બનનાર યુવાન આરોપીની વાતમાં આવી ગયો હતો અને તેણે આપેલા બેંક એકાઉન્ટમાં રૂા. ૧૭.૮૧ લાખ મોકલી આપ્યા હતા. ત્યારબાદ તેની પાસેથી વધુ રકમની માગણી કરાઈ હતી. એજન્સી પણ નહીં મળતાં છેતરાઈ ગયાનો અહેસાસ થતાં સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

# રાજકોટના લાખાજીરાજ રોડ પર મહિલાના થેલામાંથી 99 હજારની માલમત્તા ભરેલા પર્સની ચોરી

### ભીડનો લાભ લઈ મોંઢે ચૂંદડી બાંધી ચોરી કરી લેતી મહિલા ખિસ્સાકાતરુઓ સકંજામાં

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના લાખાજીરાજ રોડ પર સતનામ ડ્રેસીસમાં તહેવારો સંદર્ભે ખરીદી કરવા ગયેલી મહિલાનું ધ્યાન ચૂકવી મોઢે ચૂંદડી બાંધેલી એક મહિલા થેલામાંથી રોકડ અને સોનાના દાગીના સહિત કુલ રૂ.૯૯ હજારની માલમત્તા ભરેલા પર્સની ચોરી કરી ગયાનો બનાવ પોલીસ ચોપડે નોંધાયો છે. થેલામાંથી પર્સ ચોરતી મહિલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હોય પોલીસે સકંજામાં લઈ વધુ તપાસ હાથ ધરી છે.

રાજકોટના ઘનશ્યામનગર શેરી નં.3માં રહેતી મનીષા રાજેશભાઈ સોંદરવાએ પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે અજાણી સ્ત્રીનું નામ આપ્યું છે. તા.30-૮ના રોજપુત્રી હેમાંગી સાથે લાખાજીરાજ રોડ પર સતનામ ડ્રેસીસ નામની દુકાનમાં ખરીદી કરવા ગઈ હતી અને કપડાંની ખરીદી કર્યા બાદ ખભે લટકાવેલા થેલામાંથી પર્સ કાઢવા જતા તે જોવા મળ્યું ન હતું. આથી દુકાનમાં આવેલા સીસીટીવી કેમેરા ચેક કરાવતા એક મોઢે ચૂંદડી બાંધેલી અજાણી સ્ત્રીફરિયાદીના પર્સનીચોરી કરતા નજરે પડી હતી. આ પર્સમાં ફરિયાદીની મોટી દીકરી નિધિના ઓરિજિનલ ડોક્યુમેન્ટ, રૂ.૭૦ હજારની ૫ ગ્રામ સોનાની વીંટી, રૂ.૧૫૦૦૦નું એક સોનાનું પેન્ડલ અને રૂ.૧૦ હજારની સોનાની બૂટી મળી કુલ રૂ.૯૯૦૦૦ની માલમત્તા ભરેલી હતી જે આરોપી ચોરી ગઈ હતી. પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે ચોરી કરનાર મહિલાની શોધખોળ આદરી આરોપીને સકંજામાં લઈ વધુ તપાસ હાથ ધરી છે.

# વાંકાનેરના લાકડધારની સિરામિક ફેક્ટરીમાં શેડ તૂટતાં શ્રમિકનું મોત

**સિટી ન્યૂઝ@વાંકાનેર**

વાંકાનેર તાલુકાના લાકડધાર ગામની સીમમાં આવેલી બ્રાવેટો ગ્રેનાઈટો નામની સિરામિક ફેક્ટરીમાં કરૂણ અકસ્માત સર્જાયો હતો. ફેક્ટરીમાં પતરાના શેડ ઉપર ચડીને કામગીરી કરી રહેલા મોરબીના શ્રમિકનું અચાનક પતરું તૂટી જતાં નીચે પટકાવાથી મોત નીપજ્યું હતું. શૈલેષ હસમુખભાઈ લકુમ (ઉ.વ. ૩૪, રહે. ટીંબડી પાટિયા પાસે, આનંદ હોટલ પાછળ, મોરબી) ફેક્ટરીના પતરાના શેડ ઉપર કામગીરી કરી રહ્યા હતા. દરમિયાન અચાનક શેડનું પતરું તૂટી જતાં તેઓ નીચે પટકાયા હતા. અકસ્માતમાં માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું મોત નીપજ્યું હતું. બનાવ અંગે વાંકાનેર તાલુકા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી સમગ્ર ઘટનાની આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# અમીન માર્ગના સ્પાની આડમાં ચાલતું કૂટણખાનું ઝડપાયું

### માલવિયાનગર પોલીસનો દરોડો; મહિલા મેનેજર ઝડપાઈ, અન્ય રાજ્યોની 5 યુવતી રેસ્ક્યુ કરાઈ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેરના પોશ વિસ્તાર અમીન માર્ગ પર આવેલા ધ મૂન લાઈટ્સ સ્પાની આડમાં કૂટણખાનું ચાલતું હોવાની બાતમીના આધારે માલવિયાનગર પોલીસે દરોડો પાડી મહિલા મેનેજરને ઝડપી લીધી હતી. પોલીસે સ્પામાંથી અન્ય રાજ્યોની ૫ યુવતીઓને રેસ્ક્યુ કરી હતી. જ્યારે સ્પાનો માલિક નરેન્દ્ર એમ. ચાવડા પોલીસ દરોડા દરમિયાન ફરાર થઈ ગયો હતો. મળતી માહિતી મુજબ, માલવિયાનગર પોલીસ મથકના PI કૈલાની ટીમને અમીન માર્ગ પર આવેલા ધ મૂન લાઈટ્સ સ્પામાં અન્ય રાજ્યોની યુવતીઓ પાસે દેહવ્યાપાર કરાવવામાં આવતો હોવાની બાતમી મળી હતી. જેના આધારે PSI કે.ડી. મારૂ અને સ્ટાફે દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન સ્પાની મેનેજર કિંજલ કિશોર દેસાઈ મળી આવતા પોલીસે તેની ધરપકડ કરી હતી અને ત્યાં રહેલી ૫ યુવતીઓને રેસ્ક્યુ કરવામાં આવી હતી. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં સ્પા સંચાલકો ગ્રાહકો પાસેથી રૂ. ૪,૦૦૦ વસૂલી યુવતીઓને રૂ. ૧,૦૦૦ આપતા હોવાની વિગતો સામે આવી હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે સ્પાના માલિક નરેન્દ્ર એમ. ચાવડાની શોધખોળ સહિત સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે.

### રાજકોટમાં સ્પાની આડમાં કૂટણખાનાં સામે કાર્યવાહી

- ૨૯ જુલાઈઃ ગોપાલ ચોક નજીક હેલ્થ સેન્ટરની આડમાં એક વર્ષથી ચાલતા કૂટણખાનામાં દરોડો પાડી મહિલા શિક્ષિકા સહિત ૨ને ઝડપી લેવાયા હતા.
- ૩ ઓગસ્ટઃ દોઢ ફૂટ રોડ પર આવેલા ધ મોકસ સ્પામાં દરોડો પાડી આસામ, નેપાળ અને મિઝોરમ સહિતની ૭ યુવતીઓને રેસ્ક્યુ કરવામાં આવી હતી.
- ૫ ઓગસ્ટઃ કિશાનપરા ચોક પાસેના ગ્રીનએપલ સ્પામાંથી મેઘાલય, મુંબઈ અને રાજકોટ સહિતની ૪ યુવતીઓને રેસ્ક્યુ કરી સંચાલક અને મેનેજર સહિત ૩ની ધરપકડ કરાઈ હતી.
- ૧૭ ઓગસ્ટઃ B-૨ ફેમિલી સ્પાની આડમાં કૂટણખાનું ચલાવવાના કેસમાં મહિલા સહિત ૨ને ઝડપી લેવાયા હતા.

# નિવૃત CRPF આસિસ્ટન્ટ કમાન્ડન્ટ બની ફર્નિચરના નામે ફ્રોડ કરનાર ઝડપાયો

### હોલસેલ ભાવે ફર્નિચર આપવાની વાત કરી રૂ. 12 હજાર પડાવ્યા; રાજસ્થાનથી સાયબર ક્રાઈમે આરોપીને દબોચ્યો



**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ ગ્રામ્ય સાયબર ક્રાઈમ પોલીસે નિવૃત આસિસ્ટન્ટ કમાન્ડન્ટની ખોટી ઓળખ આપી સસ્તા ભાવે ફર્નિચર આપવાના બહાને છેતરપિંડી કરનાર શખ્સને રાજસ્થાનથી ઝડપી લીધો છે. આરોપીએ ડાયરેક્ટ કંપનીમાંથી હોલસેલ ભાવે ફર્નિચર વેચતો હોવાનું જણાવી ફરિયાદી પાસેથી રૂ. ૧૨ હજાર એડવાન્સ પેંટે પડાવ્યા બાદ ફોન ઉપાડવાનું બંધ કરી દીધું હતું.સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, આરોપીએ ખોટું નામ ધારણ કરી પોતે નિવૃત CRPF આસિસ્ટન્ટ કમાન્ડન્ટ હોવાનું તેમજ હાલ ફર્નિચર કંપનીના એજન્ટ તરીકે કામ કરતો હોવાનું જણાવ્યું હતું. ડાયરેક્ટ કંપનીમાંથી હોલસેલ ભાવે ફર્નિચર મળતું હોવાનું કહી ફરિયાદીનો વિશ્વાસ કેળવ્યો હતો. ફરિયાદીએ આરોપી પાસેથી રૂ. ૬૦ હજારમાં ફર્નિચર ખરીદવાનું નક્કી કર્યું હતું. આરોપીએ ફર્નિચરના એડવાન્સ પેંટે રૂ. ૧૨ હજાર ચૂકવવાનું કહેતા ફરિયાદીએ આરોપીના જણાવેલા મોબાઈલ નંબર પર ઓનલાઈન પેમેન્ટ કર્યું હતું. રકમ મળ્યા બાદ આરોપીએ ફરિયાદીના ફોન રિસીવ કરવાનું બંધ કરી છેતરપિંડી કરી હતી. ગુનાની તપાસ દરમિયાન સાયબર ક્રાઈમ PI આર.જે. ગોધમ અને ટીમે સંડોવાયેલા બેન્ક એકાઉન્ટ ફ્રીઝ કરાવવાની કાર્યવાહી કરી હતી. મોબાઈલ નંબર તથા ફેસબુક IDના આધારે ટેકનિકલ તપાસ કરતા આરોપી રાજસ્થાનમાં હોવાની માહિતી મળી હતી. જેથી સાયબર ક્રાઈમ અને શાપર પોલીસની ટીમ રાજસ્થાન પહોંચી નુરદીન અસલુપ મેવને ઝડપી લીધો હતો. પોલીસે તેની પાસેથી રોકડ અને મોબાઈલ કબજે કરી રિમાન્ડ મેળવ્યો છે.



# 21 વર્ષીય યુવતીનું ઈન્સ્ટા પર ફેક આઈડી બનાવી રીલ્સ પોસ્ટ કરી બદનામ કરવાનો કારસો

### વડોદરા રહેતી બહેનપણીએ ફોન કરી જાણ કરતા ભાંડો ફૂટ્યો : અજાણ્યા શખ્સ સામે ફરિયાદ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

સોશિયલ મીડિયા પર યુવતીઓની પ્રોફાઈલમાંથી તસવીરો અને વીડિયો ચોરી કરીને ફેક એકાઉન્ટ બનાવી હેરાનગતિ કરવાના કિસ્સાઓ સતત વધી રહ્યા છે. રાજકોટમાં આવો જ એક વધુ કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. જેમાં શહેરના કોઠારિયા રોડ પર રહેતી અને ખાનગી કંપનીમાં નોકરી કરતી ૨૧ વર્ષીય યુવતીના ફોટા તેમજ રીલ્સની ચોરી કરી ઈન્સ્ટાગ્રામ પર ફેક આઈડી બનાવનાર અજાણ્યા શખ્સ સામે સાયબર ક્રાઈમ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.

રાજકોટના કોઠારિયા રોડ પર આનંદનગર વિસ્તારમાં રહેતી ૨૧વર્ષીય યુવતી ગોંડલ રોડ પર ખાનગી ટેલિકેર કંપનીમાં નોકરી કરે છે. ફરિયાદી પોતાના અસલ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર પોતાના ફોટા અને રીલ્સ પોસ્ટ કરતા હતા. ગત તા.૨૬ જુલાઈના રોજ વડોદરા રહેતી તેમની બહેનપણી શાલિનીએ ફોન કરીને જણાવ્યું હતું કે, ઈન્સ્ટાગ્રામ પર 'sanju_૦૦૭_ff નામના આઈડીમાં તારો ડીપી રાખ્યો છે અને તારી રીલ્સ પણ અપલોડ કરવામાં આવી છે.ફરિયાદીએ આ આઈડી ચેક કરતા માલૂમ પડયું હતું કે, કોઈ અજાણ્યા શખ્સે તેમની જાણ બહાર અને મંજૂરી વિના ફોટા તથા રીલ્સ ચોરીને ફેક પ્રોફાઈલ બનાવી દીધી હતી. આ મામલે યુવતીએ તાત્કાલિક સાયબર હેલ્પલાઈન ૧૯૩૦ પર અરજી કરી હતી. જે અરજીની તપાસ બાદ રાજકોટ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના પીએસઆઈ એસ.વી. ભાયાણી દ્વારા આઈટી એક્ટની કલમ ૬૬(સી) હેઠળ ગુનો દાખલ કરી ફેક આઈડી ધારકને ઝડપી પાડવા કવાયત હાથ ધરી છે.

### DYSP-PIની હાજરીમાં યુવક પર છરીથી હૂમલો

# ભૂજમાં કોર્ટમાં છરીબાજી !

## હૂમલાખોર શખ્સની સ્થળ પરથી અટકાયત

**સિટી ન્યૂઝ@ભુજ**

કચ્છના ભુજ ખાતે આવેલી કોર્ટના પરિસરમાં જૂની અદાવતને લીધે એક યુવક પર છરી વડે જાનલેવા હુમલો કરવામાં આવતાં ભારે ચકચાર મચી ગઈ છે. કોર્ટ જેવા અત્યંત સુરક્ષિત અને સંવેદનશીલ સ્થળે બનેલી આ લોહિયાળ ઘટનાને પગલે સમગ્ર પોલીસ વિભાગમાં દોડધામ મચી ગઈ હતી. જૂની વૈમનસ્યનું વેર રાખીને હુમલાખોરે સરેઆમ છરીના ઘા મારીને યુવકને લોહીલુહાણ કરી નાખ્યો હતો, જેના કારણે કોર્ટ સંકુલમાં હાજર લોકોમાં ભય અને સનસનાટીનો માહોલ સર્જાયો હતો.

આ ઘટનાની સૌથી ચોંકાવનારી બાબત એ છે કે જ્યારે આ હુમલો થયો ત્યારે કોર્ટ પરિસરમાં જ DySP અને PI સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ તેમજ મોટી સંખ્યામાં પોલીસ કાફલો હાજર હતો. ઉચ્ચ અધિકારીઓની હાજરી વચ્ચે જ હુમલાખોરે હિંમત દાખવીને યુવક પર હુમલો કરી દીધો હતો. ઘટના બનતાં જ સ્થળ પર અફરાતફરી મચી ગઈ હતી. જોકે, સ્થાનિક પોલીસે તાત્કાલિક ત્વરિત કાર્યવાહી હાથ ધરીને ગંભીર રીતે ઘવાયેલા યુવકને વધુ સારવાર અર્થે તુરંત જ હોસ્પિટલમાં ખસેડ્યો હતો.



કોર્ટ જેવા હાઈ-સિક્યોરિટી ઝોનમાં સરેઆમ હિંસક હુમલો થતાં જ લોકોના મોટા ટોળાં ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા. પોલીસે સમયસૂચકતા દાખવીને હુમલો કરનાર શખ્સને સ્થળ પરથી જ દબોચી લીધો હતો અને તેની અટકાયત કરીને કાયદેસરની કડક કાર્યવાહી હાથ ધરી છે. જોકે, કાયદાના ધામમાં અને પોલીસ અધિકારીઓની હાજરી વચ્ચે જ શસ્ત્ર સાથે પ્રવેશીને આ પ્રકારનો હુમલો આચરવામાં આવતાં કોર્ટ પરિસરની સુરક્ષા વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઊભા થયા છે.

# PI જયેશ વાઢિયા સામેના આક્ષેપો પાયાવિહોણા હોવાનો તુષિત પાણેરીનો દાવો

### રામનાથ મહાદેવ મંદિરના ટ્રાફિક બંદોબસ્તને લઈ વિવાદ; ફરજના ભાગરૂપે કાર્યવાહી કરાઈ હોવાનો બચાવ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેરના એ-ડિવિઝન પોલીસ મથકના PI જયેશ વાઢિયાની કામગીરીને લઈને ચાલી રહેલા વિવાદ વચ્ચે તુષિત પાણેરીએ નિવેદન આપી તેમના પર કરવામાં આવેલા આક્ષેપોને પાયાવિહોણા ગણાવ્યા છે. તેમણે જણાવ્યું છે કે રામનાથ મહાદેવ મંદિર વિસ્તારમાં શ્રાવણ માસ દરમિયાન મોટી સંખ્યામાં ભાવિકો આવતા હોવાથી ટ્રાફિક વ્યવસ્થા જાળવવા પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો અને PI વાઢિયા બંદોબસ્તના ઇન્ચાર્જ તરીકે ફરજ બજાવી રહ્યા હતા.



તુષિત પાણેરીના જણાવ્યા મુજબ, રાજકોટ પોલીસ દ્વારા રામનાથ મહાદેવ મંદિર વિસ્તારમાં આશરે ૧૫૦ પોલીસ જવાનોનો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. PI વાઢિયા સ્ટાફ સાથે રાઉન્ડમાં હતા ત્યારે જાહેર માર્ગો પર ટ્રાફિકને અડચણરૂપ દબાણો દૂર કરવાની કામગીરી કરી રહ્યા હતા. આ દરમિયાન ભાવિકોને ફરાળી ચેવડો પીરસવા માટે જાહેર માર્ગનો ઉપયોગ થતો હોવાનું જણાતા ટ્રાફિક વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને કાર્યવાહી કરવામાં આવી હોવાનું તેમણે જણાવ્યું છે.

પાણેરીએ કહ્યું કે ધાર્મિક સેવા અને ભક્તિભાવથી કાર્યક્રમ કરવો હોય તો હોલ અથવા સમાજની વાડીમાં આયોજન કરી શકાય, પરંતુ જાહેર માર્ગ પર ટ્રાફિકને અડચણ થાય તેવી સ્થિતિ ઊભી કરવી યોગ્ય નથી. પોલીસની ટ્રાફિક વ્યવસ્થા અંગેની ફરજને ધાર્મિક કાર્યમાં આઘાત તરીકે રજૂ કરવી યોગ્ય ન હોવાનું પણ તેમણે જણાવ્યું છે.

આ સાથે પાણેરીએ પોલીસ કમિશનર બ્રિજેશ કુમાર ઝાને રામનાથ મહાદેવ મંદિર વિસ્તારમાંથી પોલીસ બંદોબસ્ત હટાવી દેવાની રજૂઆત કરી હતી અને જો ટ્રાફિક વ્યવસ્થા અંગે વાંધો હોય તો આયોજનકર્તાઓએ જ વ્યવસ્થા સંભાળવી જોઈએ તેવી ટિપ્પણી કરી હતી. પાણેરીએ વધુમાં સ્પષ્ટ કર્યું કે તેઓ PI જયેશ વાઢિયાને વ્યક્તિગત રીતે ઓળખતા નથી કે આજદિન સુધી રૂબરૂ મળ્યા નથી. રામનાથપરા વિસ્તારમાંથી મળેલી માહિતીના આધારે તેમણે આ નિવેદન આપ્યું હોવાનું જણાવ્યું હતું.

# જો જમીનમાં આવશો તો લોહી ઉડશે કહી યુવાનને પિતરાઈ ભાઈની ધમકી

### વારસાઇ જમીનમાં નામ ચડાવવાના મુદ્દે માથાકૂટઃ આજી ડેમમાં ફરિયાદ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

જસદણના રાણીંગપર ગામે આવેલી સંયુક્ત જમીનમાં નામ ચડાવવાના મુદ્દે રાજકોટમાં રહેતા યુવાન અને તેના ભાઈને પિતરાઈ ભાઈએ જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો બનાવ પોલીસ ચોપડે નોંધાયો છે.


રાજકોટના આજી ડેમ ચોકડી પાસે માનસરોવર પાર્ક શેરી નં.૩માં રહેતા ગેલાભાઈ વિભાભાઈ અલગોતરે પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે જસદણના રાણીંગપર ગામે રહેતા પિતરાઈ ભાઈ હાજા ભના અલગોતરનું નામ આપ્યું છે. ગત તા.૨૦ના રોજ ફરિયાદીને ફોન આવ્યો હતો અને કહેલ કે તે આ જમીનમાં નામ કેમ ચડાવ્યા અને આવતા ગુરુવાર સુધીમાં તમારા બધાના નામ કાઢી નાખજો તેમ કહેતા ફરિયાદીએ તેને કહેલ કે, આ જમીન તો આપણા સંયુક્તમાં છે અને તમારે પણ વારસાઈમાં નામ ચડાવવા હોય તો ચડાવી દેજો તેમ સમજાવેલ હતું. ત્યારબાદ ફરિયાદીના ગામમાં રહેતા ભાઈના પત્ની ભાવુબેનનો પણ તેમને ફોન આવ્યો હતો કે, હમણા થોડીવાર પહેલા હાજાભાઈનો મારામાં ફોન આવેલ કે જો જમીનમાં આવશો તો લોહી ઉડશે.

# DCPએ પોતાના ખિસ્સામાં હાથ નાખ્યો અને રીઝવાને બંધ મુઠીમાં કંઈક આપ્યું




રીઝવાને ચ્હાના કપમાં રહેલો છેલ્લો ઘુંટ મારતા કહ્યુ, સર ઈન્ફરમેશન પક્કી હૈ, લેકિન ધ્યાન રખના કહી મેરા નામ જાહીર ના હોય જાય, વો લોગ મેરા મર્ડર ભી કર શકતે હે, ડીસીપી કંઈ બોલ્યા નહીં પણ તેમા પગ ઉપર હાથ મુકી, તેનો પગ દબાવ્યો અને જાણે કહેતા હોય કે ચિંતા કરતો નહીં, હું બધુ જોઈ લઈશ. રીઝવાન જોઈ રહ્યો હતો કે આટલી મોટી ખબર હોવા છતાં ડીસીપી ના ચહેરા ઉપર કોઈ હાવભાવ બદલાયા ન્હોતા, તે શાંતિથી જરાય ઉત્સાહ બતાડ્યા વગર રીઝવાન ને સાંભળી રહ્યા હતા. રીઝવાન ઉભો થયો, સર મેં નિકલુ કોઈ આપકે સાથ દેખ લેગા તો બવાલ હો જાયેગા. ડીસીપી સિન્હા Sinha પણ ઉભા થયા તેમણે પેન્ટના ખીસ્સામાં હાથ નાખ્યો અને બંધ મુઠ્ઠી બહાર કાઢી રીઝવાન ના ઉપરના ખીસ્સામાં કંઈક મુક્યુ.રીઝવા ને તરત સાહેબનો હાથ પકડતા કહ્યુ નહીં સર, યહ તો મેરી ભી જીમ્મેવારી હૈ, બહુત કમ બાર હમે દુસરે કે લીયે જીને કા મૌકા મીલતા હૈ. સર આપ વો જાલીમો કો જીંદા છોડના મત, મીલે તો ગોલી માર દેના, ઉનકે કારણ હમ મુસલમાન બદનામ હોતો હૈ. ડીસીપી એ પોતાનો હાથ છોડવતા કહ્યુ રીઝવાન રખલો. રીઝવાન ની ના છતાં ડીસીપી સિન્હા Sinha એ તેના ખીસ્સામાં ૧૦ હજાર રૂપિયા મુક્યા હતા. આમ તો રીઝવાન પણ પહેલા મહેમુદ ની ગેંગ સાથે કામ કરતો હતો. પણ હવે તેને ઈન્ફરમેશનના સારા પૈસા મળવા લાગ્યા તેના કારણે તેણે મહેમુદ નો સાથ છોડી દીધો હતો. જો કે ડીસીપી ને શંકા હતી કે રીઝવાન ના પાડે છે છતાં તે કોઈક ૨ નંબરનો ધંધો તો કરતો હશે, તો પણ રીઝવાન તેમના માટે ઘણો કામનો હતો.રીઝવાન ત્યાંથી ચાલતો નિકળ્યો, એટલે ડીસીપી એ બુમ પાડી કહ્યુ રીઝવાન રીક્ષા મેં ચલે જાઓ. રીઝવાને કહ્યુ સર સ્કૂટર હે નાકા પે રખા હૈ, તે રીઝવાન ને જતો જોઈ રહ્યા, તે દેખાતો બંધ થયો પછી ડીસીપી સિન્હા Sinha એ કંઈક વિચાર કર્યો અને ફોન જોડ્યો. ફોનની ત્રીજી રીંગમાં ફોન ઉપડી ગયો, ડીસીપી સિન્હા Sinha એ આદેશાત્માક સ્વરમાં કહ્યુ જાડેજા મેં ૧૫-૨૦ મિનીટમેં આ રહા હું, એક ટીમ તૈયાર રખો,પછી સહેજ રોકાઈ કહ્યુ દેખો કંટ્રોલરૂમ કો બોલો અને હેડક્વાર્ટર સે ક્વિક રીસ્પોશન્સ ટીમ કો ભી બુલા લો. ડીસીપીએ બાઈક સ્ટાર્ટ કર્યુ અને તે પાછા ક્રાઈમ બ્રાન્ચ તરફ જવા લાગ્યા. જો કે પાછા ફરતી વખતે તેમનું મન એકદમ શાંત અને હળવુ હતું.

રીઝવાન જ્યારે વાત કરી રહ્યો હતો ત્યારે તેમનું મન પોતાની પત્ની અને દીકરીના વિચારોમાં હતું. તેઓ દીકરીને ખુબ વ્હાલ કરતા હતા પણ આજે સ્થિતિ એવી હતી કે દીકરી બીમાર હોવા છતાં તે પોતે દીકરીને દવાખાને લઈ જઈ શકે એટલો સમય પણ ન્હોતો.તેના કારણે તેમને બહુ ખરાબ પણ લાગી રહ્યુ હતું અને જ્યારે તેમની પત્નીએ દીકરીને દવાખાને લઈ જવાનું કહ્યુ ત્યારે તેઓ નાહક ગુસ્સે થઈ ગયા હતા તેવુ તેમને લાગી રહ્યુ હતું. એટલે જ તેમણે રીઝવાન ની વાત ચાલુ હતી ત્યારે પોતાની પત્નીને મેસેજ કરી સોરી કહ્યુ હતું. તેમની પત્ની તેમના કામને સમજી શકતી હતી. તેણે કહ્યુ હતું કે મારે અખબારમાં તમારો ફોટો જોવો છે. તેનો અર્થ તમે જલદી બ્લાસ્ટના આરોપીઓને પકડી લો તેવી તે શુભેચ્છા આપતી હતી. ડીસીપી મનોમન બબડ્યા કે તારી શુભેચ્છા જ કદાચ મને મદદ કરી રહી છે. પત્નીની માફી માંગી મન હળવુ થઈ ગયુ હતું.બીજી એક સારી વાત રીઝવાન ની લાગી હતી. બોમ્બ ફોડનાર મુસલમાન હતા અને રીઝવાન પણ મુસલમાન હતો. સામાન્ય રીતે રીઝવાન કોઈને કોઈ બહાને પૈસા માંગવા આવી જતો હતો પણ આજે તેમણે પૈસા આપ્યા તો પણ તે પૈસા લેવા તૈયાર ન્હોતો. ડીસીપી ને બ્લાસ્ટ કરનારા સામે જેટલો ગુસ્સો હતો એટલો જ ગુસ્સો રીઝવાન ને પણ હતો. રીઝવાન ગુનેગાર હતો પણ તેની અંદરનો માણસ જીવતો હતો, તે મુસલમાન હતો પણ ત્રાસવાદી ન્હોતો. ડીસીપી ને સામાન્ય હિન્દુ માણસમાં થતી ગરબડ સમજાતી હતી. રીઝવાન પણ સમાજમાં કદાચ તેનો ભોગ બનતો હતો એટલે રીઝવાને તેઓ પકડાય તો ગોળી મારી દો તેવુ કહ્યુ હશે. ડીસીપી પોતાની પત્ની અને રીઝવાન ના વિચારમાં હતો. તેમને જમાલપુર Jamalpur આવી ગયુ તેનો અંદાજ જ રહ્યો નહીં, તેઓ ક્રાઈમ બ્રાન્ચ ના દરવાજામાં દાખલ થયા ત્યારે બહાર પહેરો ભરી રહેલા જવાને તેમની નોંધ સુધ્ધા લીધી નહીં. રોજ જ્યારે ડીસીપી ની કાર ક્રાઈમ બ્રાન્ચ આવે ત્યારે આ જ જવાન કડક સલામ કરતો હતો, પણ તે જવાનને કલ્પના ન્હોતી કે સામેથી બાઈક ઉપર પસાર થઈ રહેલા ડીસીપી સિન્હા Sinha હતા.જેવા સિન્હા છેક અંદરના દરવાજા સુધી બાઈક લઈ પહોંચ્યા ત્યારે એક



પ્રશાંત દયાળ

કોન્સ્ટેબલ તેમને ઓળખી ગયો, તે તરત દોડતા આવ્યા. બાઈક ઉપરથી ઉતરી પેલા કોન્સ્ટેબલને બાઈક આપતા કહ્યુ દેખો જાડેજા કે સ્કવોર્ડ મેં કિસીકા બાઈક થા દે દો ઉસે અને પછી તે ક્રાઈમ બ્રાન્ચ માં દાખલ થયા. તેઓ સીધા પોતાની ચેમ્બરમાં પહોંચ્યા, કોન્સ્ટેબલ તરત પાણીનો ગ્લાસ લઈ આવ્યો. જેમણે ડીસીપીને બાઈક ઉપર જતા અને આવતા જોયા હતા તેમના મનમાં સવાલ હતો કે સાહેબ આવી રીતે ક્યાં ગયા હશે? પાણી પીધા પછી થોડોક વિચાર કર્યો અને બેલ મારી કોન્સ્ટેબલને બોલાવી કહ્યુ જાડેજા કો બુલા લો ઔર સુનો જેસીપી સર બૈઠે હે? કોન્સ્ટેબલે કહ્યુ જી જેસીપી સર અભી આયે હૈ. ઠીક હૈ પહલે જાડેજા કો બુલાવો. ડીસીપી ની એક આદત હતી તેઓ વિચાર કરવા લાગે એટલે પોતાના બંન્ને હાથ પાછળ તરફ બંન્ને પંજાએ બીજા સાથે જોડી માથાની પાછળ ટેકો આપતા હતા. થોડીવારમાં જાડેજા આવ્યા, સર કહી સામે ઉભા રહ્યા, ડીસીપી સિન્હા Sinha એ પુછ્યુ જાડેજા આપકી ટીમ તૈયાર હૈ? જાડેજા એ સર, ડીસીપી એ કહ્યુ ટીમ મેં કિતને આદમી હૈ? જાડેજા એ કહ્યુ ૧૦ કોન્સ્ટેબલ, ૨ PSI હૈ, સર. સિન્હાએ વિચાર કરી કહ્યુ કોઈ બાત નહીં, સભી કો કહના વેપન ઔર બુલેટપ્રુફ જાકીટ Bulletproof jacket લે લો, મેરા જાકીટ ભી લે લેના, ઔર ક્યુઆરટી કા ક્યા હવા? જાડેજા એ કહ્યુ સર કંટ્રોલ કો મેસેજ કર દિયા હૈ, બસ વે આતા હીં હોંગે. ડીસીપી એ કહ્યુ ઠીક વો આ જાયે તો સબ કો ફોલીન કરો, મેં બ્રીફીંગ દેના ચાહતા હું.જાડેજા એ કહ્યુ, સર. ડીસીપી એકદમ ઉભા થયા અને જાડેજા ને કહ્યુ મેં જેસીપી સાબ સે બાત કરકે આતા હું બડી ઈન્ફરમેશન, શાયદ ફાયરીંગ ભી કરના પડે તૈયાર રહે, તેમ કહી ડીસીપી સિન્હા Sinha ઉપરના માળે જેસીપી ની ઓફિસમાં ગયા. રીઝવાન પાસેથી મળેલી માહિતી ઉપર હવે ઓપરેશન કરવાનું હતું. ઈન્ફરમેશન સાચી છે કે ખોટી તે તપાસવાનો વખત પણ ન્હોતો, સીધુ એક્ટ જ કરવાનુ હતું, પણ તે પહેલા તે અંગે જાણકારી અને કોઈ સુચન હોય તો જેસીપી સાથે વાત કરી લેવાની હતી. લગભગ ૧૫ મિનિટ સુધી ડીસીપી અને જેસીપી વચ્ચે બંધ બારણે વાત થઈ હતી. (ક્રમશઃ)





# સુર મહિમાની સંગીત સંધ્યામાં જૂના-નવા ગીતોની રમઝટ

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટના સંગીત ક્ષેત્રે સતત સક્રિય સુર મહિમા ગ્રુપના આયોજન હેઠળ શનિવારે હેમુગઢવી મિની હોલ ખાતે સુર હમારા-પ્યાર આપકા શીર્ષક હેઠળ સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સુર મહિમા ગ્રુપના જાણીતા કલાકારોએ જૂના-નવા ફિલ્મી ગીતોની એકથી એક ચડિયાતી રજૂઆત કરી સંગીતપ્રેમીઓને મંત્રમુગ્ધ કર્યા હતા.સમગ્ર હોલ સંગીતપ્રેમી ઓડિયન્સથી ખીચોખીચ ભરાયેલો રહ્યો હતો. કલાકારોની ગીતોની રજૂઆતને શ્રોતાઓએ તાળીઓના ગડગડાટથી વધાવી હતી. કાર્યક્રમના મુખ્ય આયોજકો વિશાલ કાગોડિયા (સિંગર), પ્રકાશ સોલંકી અને હેતલ ઠક્કરની

### » સુર હમારા-પ્યાર આપકા કાર્યક્રમમાં સંગીતપ્રેમીઓથી હેમુગઢવી મિની હોલ ખીચોખીચ ભરાયો

મહેનતથી સંગીત સંધ્યા સફળ રહી હતી.

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે વૈભવ ચોકસી (ગ્રાહક સુરક્ષા પરિષદ, ગાંધીનગર), પ્રશાંત શાહ (નવનાત વણિક રાષ્ટ્રીય પ્રમુખ), કીરીટ ઘેલાણી (ગ્રાહક સુરક્ષા સમિતિ, રાજકોટ), જીજ્ઞેશ વાગડિયા (સોની સમાજ અગ્રણી), અસ્મિતા પટાડિયા (સોની મહિલા અગ્રણી), સુરેશ મારૂ (રિટાયર્ડ ASI), સંજય પંડ્યા (સિંગર SP) અને જીજ્ઞેશ બારભાયા (રુદ્ર ગોલ્ડ) ઉપસ્થિત રહ્યા હતા.




# પીપળલગ ગામે તળાવમાં ડૂબી બે સગા ભાઈઓના મોત

સિટી ન્યૂઝ@અમરેલી

અમરેલી તાલુકાના પીપળલગ ગામે રાત્રિના સમયે તળાવમાં ડૂબી જવાથી બે સગા ભાઈઓના કરૂણ મોત નીપજતાં પરિવારમાં શોકનો માહોલ છવાયો હતો. ઘટનાની જાણ થતાં સ્થાનિકોએ અમરેલી ફાયર કંટ્રોલ રૂમને જાણ કરી હતી. જેથી ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી તળાવના ઊંડા પાણીમાં બંને બાળકોની શોધખોળ હાથ ધરી

### » રાત્રિના સમયે બનેલી ઘટનાથી અરેરાટી; ફાયર વિભાગે ભારે જહેમત બાદ બંને મૃતદેહ બહાર કાઢ્યા

હતી.ફાયર વિભાગની ટીમે ભારે જહેમત અને શોધખોળ બાદ બંને બાળકોના મૃતદેહ તળાવમાંથી બહાર કાઢ્યા હતા. ત્યારબાદ બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. તળાવમાં ડૂબી જવાથી મોતને ભેટેલા બંને બાળકો સગા ભાઈઓ હોવાનું સામે આવ્યું છે. મૃતકોમાં સંજય કાળુભાઈ ભાસ્કર (ઉંમર ૧૨ વર્ષ) અને પ્રિનક કાળુભાઈ ભાસ્કર (ઉંમર ૧૦ વર્ષ)નો સમાવેશ થાય છે. બે માસૂમ સગા ભાઈઓના અકાળે મોતથી પરિવાર પર આભ તૂટી પડ્યું હતું. દરમિયાન બંને બાળકો કયા કારણોસર રાત્રિના સમયે તળાવ સુધી પહોંચ્યા અને પાણીમાં ડૂબ્યા તે અંગે પોલીસે તપાસ શરૂ કરી છે.

# આરોગ્યનગરમાં ચકલા-પોપટનો જુગાર રમાડતા બે ઝડપાયા

## નાઈટ પેટ્રોલિંગ દરમિયાન પોલીસે દરોડો પાડી 990ના મુદ્દામાલ સાથે બંનેને રંગેહાથ પકડ્યા

સિટી ન્યૂઝ@રાજકોટ

વાંકાનેર શહેરના આરોગ્યનગર વિસ્તારમાં સીટી પોલીસની ટીમે નાઈટ પેટ્રોલિંગ દરમિયાન જાહેરમાં ચકલા-પોપટનો જુગાર રમતા બે શખ્સોને રંગેહાથ ઝડપી પાડ્યા હતા. પોલીસે બંને પાસેથી રોકડ સહિત રૂ. ૯૯૦નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, વાંકાનેર સીટી પોલીસની ટીમ આરોગ્યનગર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી ત્યારે જાહેરમાં ચકલા-પોપટના ચિત્રો ગોઠવી જુગાર રમતા-રમાડતા અજયસિંહ વનરાજસિંહ ઝાલા અને કરણ હસુભાઈ લોધા (બંને રહે. આરોગ્યનગર, વાંકાનેર) મળી આવ્યા હતા. પોલીસે તાત્કાલિક દરોડો પાડી બંનેને રોકડા રૂ. ૯૯૦ના મુદ્દામાલ સાથે સ્થળ પરથી ઝડપી લીધા હતા.

આ મામલે વાંકાનેર સીટી પોલીસે બંને શખ્સો સામે જુગારધારાની કલમો હેઠળ ગુનો નોંધી વધુ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ડેરી સંચાલક સાથે કેટરર્સના ધંધાર્થી દ્વારા 2.11 લાખની છેતરપીંડી: ચેક પણ ચોરી ગયા

## રાજકોટના ચુનારાવાડ ચોકમાં દુકાન ધરાવતા મીઠાઈના વેપારીની પિતા-પુત્ર સામે ફરીયાદ

સિટી ન્યૂઝ@રાજકોટ

શહેરમાં ભાવનગર રોડ પર આર. એમ.સી. ઓફિસ પાસે સિલ્વર નેસ્ટ સોસાયટીમાં રહેતા અને ચુનારાવાડ ચોક પાસે ડેરી ચલાવતા વેપારી સાથે કેટરર્સના ધંધાર્થી પિતા-પુત્ર મીઠાઈ સહીતની વસ્તુઓ લઈ જઈ રૂ.૨.૧૧ લાખ નહી આપી છેતરપીંડી કર્યાનું તેમજ તેની દુકાનમાંથી સિક્યુરીટી માટે આપેલો ચેક પણ નજર ચુકવી ચોરી કરી ગયાની ફરીયાદ કરતા થોરાળા પોલીસે ગુનો નોધી બેલડીને ઝડપી લેવા કાર્યવાહી કરી છે.

પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ સિલ્વર નેસ્ટ સોસાયટીમાં રહેતા દિવ્યેશભાઈ મુકેશભાઈ રામાણીએ ફરીયાદ કરી હતી. જેમા આરોપી તરીકે મોરબી રોડ પર રામાણી સોસાયટીમાં ભાડાના મકાનમાં રહેતો ભાવેશ જેઠાભાઈ વિરડીયા અને તેનો પુત્ર મહેકના નામો આપ્યા હતા. ફરીયાદમાં જણાવ્યુ હતુ કે. સને.૨૦૨૨ દરમ્યાન કેટરર્સના ધંધાર્થી ભાવેશ અવાર નવાર ઓર્ડર મુજબ ઉધારીમાં મીઠાઈ તેમજ દહી લઈ જતા હોય જે કટકે કટકે રૂ.૨.૧૧ લાખ થઈ જતા તેને ઉઘરાણી કરતા તેને એક ચેક આપ્યો હતો.બાદમાં દિવ્યેશભાઈ દુકાને હતા ત્યારે મહેક આવ્યો હતો અને મીઠાઈનો શું વહીવટ છે, અને તમારી પાસે લખાણ હોય તો બતાવો કહેતા તેને તારા પિતાને લઈને આવજે. જેથી તે નહી માનતા તેને ચોપડો બતાવ્યો હતો. અને તે દુકાનમાં કામ કરતા હતા જેથી ચોપડામાં ભાવેશએ આપેલો ચેક રાખ્યો હોય જે નજર ચુકવી ચોરી કરી નાસી ગયાની ફરીયાદ કરતા જમાદાર શિયાર સહીતે ગુનો નોંધી કાર્યવાહી કરી છે.

# દુષ્કાળ જાહેર કરવા મુદ્દે AAPએ રાજકોટ કલેક્ટરને આવેદન આપ્યું

સિટી ન્યૂઝ@રાજકોટ



## અસરગ્રસ્ત તાલુકાઓમાં અનાવૃષ્ટિ જાહેર કરી રાહત પેકેજની માંગ; ખેડૂતોને સૌનીનું પાણી અને પશુપાલકોને ઘાસચારાની માંગ

રાજકોટ જિલ્લાના વિવિધ તાલુકાઓમાં ઓછા વરસાદને કારણે અનાવૃષ્ટિ જેવી સ્થિતિ સર્જાઈ હોવાનો મુદ્દો ઉઠાવી આમ આદમી પાર્ટીના રાજકોટ શહેર સંગઠન દ્વારા કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. શહેર પ્રમુખ રાજેશ ડાંગરિયાની આગેવાનીમાં પદાધિકારીઓ અને કાર્યકરોએ ખેડૂતો તથા પશુપાલકો માટે રાહત પેકેજ જાહેર કરવાની માંગ કરી હતી.

રાજેશ ડાંગરિયાએ જણાવ્યું હતું કે ઓછા વરસાદને કારણે ખેડૂતોના પાકને નુકસાન થયું છે અને ખેતી ઉત્પાદન ઘટતાં ખેડૂતોની આર્થિક સ્થિતિ નાજુક બની છે. બીજી તરફ પશુઓ માટે પાણી અને ઘાસચારાની પણ કટોકટી ઊભી થઈ છે. આ સ્થિતિને ધ્યાનમાં લઈ રાજકોટ જિલ્લાના તમામ અસરગ્રસ્ત તાલુકાઓમાં અનાવૃષ્ટિ જાહેર કરવાની માંગ કરવામાં આવી છે.

AAP દ્વારા ખેડૂતોને તાત્કાલિક યોગ્ય પેકેજ મારફતે સહાય ચૂકવવા, સૌની યોજનાનું પાણી ઉપલબ્ધ કરાવવા તથા પશુપાલકોને પૂરતો ઘાસચારો પૂરો પાડવા રજૂઆત કરાઈ છે.

આ ઉપરાંત દેવભૂમિ દ્વારકા જિલ્લાના જામખંભાળિયામાં દુષ્કાળ ઘોષણા સત્યાગ્રહ હેઠળ AAPના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી સત્યાગ્રહ કરી રહ્યા છે, તેને રાજકોટ શહેર સંગઠન તેમજ રાજકોટ જિલ્લા સંગઠન દ્વારા સમર્થન જાહેર કરવામાં આવ્યું છે.

# જન્માષ્ટમી રથયાત્રામાં યોગદાન આપનાર અગ્રણીઓને સ્મરણાંજલિ

## વિવિધ ક્ષેત્રે સેવા આપનાર દિવંગત આગેવાનોના યોગદાનને યાદ કરાયું; રથયાત્રાના આયોજનમાં મહત્વની ભૂમિકા

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટમાં યોજાતી કૃષ્ણ જન્મોત્સવ રથયાત્રાને સફળ બનાવવા માટે વર્ષોથી વિવિધ ક્ષેત્રના અનેક આગેવાનો, સામાજિક કાર્યકરો અને સંસ્થાઓએ મહત્વનું યોગદાન આપ્યું છે. આવા દિવંગત અગ્રણીઓના યોગદાનને યાદ કરી તેમને ભાવપૂર્વક સ્મરણાંજલિ અર્પણ કરવામાં આવી છે.

કૃષ્ણ જન્મોત્સવ સમિતિ સાથે માર્ગદર્શક તરીકે જોડાયેલા સ્વ. ચીમનભાઈ શુક્લ, સ્વ. પ્રવીણકાકા મણિયાર, સ્વ. ડો. કુંવરજીભાઈ જાદવ, સ્વ. ડો. પી.વી. દોશી, સ્વ. કાંતિભાઈ વૈદ્ય, યશવંતભાઈ ભટ્ટ, સ્વ. લાભુભાઈ ત્રિવેદી ગુરુ, સ્વ. ડો. પ્રફુલભાઈ દોશી, સ્વ. પ્રવીણભાઈ કારિયા, સ્વ. લાલજીભાઈ રાજદેવ, સ્વ. ચંદ્રકાન્તભાઈ પાવાગઢી, સ્વ. હરિભાઈ ડોડીયા, સ્વ. વજુભાઈ માવાણી, સ્વ. નરોતમભાઈ પોપટ, સ્વ. જનકભાઈ કોટક, સ્વ. રામભાઈ ઠાકર, સ્વ. વજુભાઈ વાળા, સ્વ. નરેન્દ્રભાઈ ડી. જાની અને સ્વ. ચંદ્રકાન્તભાઈ હિરાણી સહિતના અગ્રણીઓએ રથયાત્રા સાથે વિવિધ રીતે કામગીરી કરી હતી.

આ ઉપરાંત રથયાત્રાના શણગાર અને સુશોભનમાં પણ અનેક આગેવાનોનું યોગદાન રહ્યું હતું. સ્વ. હરીશભાઈ ખંભાયતા દ્વારા રથયાત્રાના સુશોભન સાથે જોડાયેલી કામગીરી કરવામાં આવી હતી. સોરઠીયાવાડી ચોકના સુશોભન અને લાઈટિંગમાં દોઢ દાયકા સુધી સ્વ. રમેશભાઈ ચાંગાણી અને સ્વ. હરિભાઈ ઘવાએ યોગદાન આપ્યું હતું.

રથયાત્રાની ટ્રાન્સપોર્ટ કમિટીમાં પણ દિવંગત આગેવાનોએ મહત્વની જવાબદારી સંભાળી હતી. સ્વ. નાથાભાઈ ડોડીયા, સ્વ. રણજીતસિંહ ડોડીયા, સ્વ. નૌતમભાઈ રાઘવાણી, સ્વ. દેવજીભાઈ વાઘેલા અને રાણા બાપુ સહિતના આગેવાનો ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા સાથે જોડાયેલા રહ્યા હતા.

રાજકોટની કૃષ્ણ જન્મોત્સવ રથયાત્રાની પરંપરા અને આયોજનને મજબૂત બનાવવામાં આ તમામ દિવંગત અગ્રણીઓએ આપેલા યોગદાનને આજે પણ યાદ કરવામાં આવે છે. તેમના કાર્ય અને સેવાભાવને કારણે રથયાત્રાની વિવિધ વ્યવસ્થાઓને વેગ મળ્યો હતો.

# જન્માષ્ટમીમાં પશ્ચિમ રેલવે 4 જોડી સ્પેશિયલ ટ્રેન દોડાવશે

સિટી ન્યૂઝ@રાજકોટ

» રાજકોટ ડિવિઝનના વિવિધ રૂટ પર અનરિઝર્વ્ડ ટ્રેનો; ૨થી ૭ સપ્ટેમ્બર સુધી વધારાના ફેરા

જન્માષ્ટમીના તહેવારને ધ્યાનમાં રાખીને મુસાફરોની સુવિધા માટે પશ્ચિમ રેલવે દ્વારા રાજકોટ ડિવિઝન સંબંધિત વિવિધ રૂટ પર ૪ જોડી અનરિઝર્વ્ડ ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેનો વિશેષ ભાડા પર દોડાવવાનો નિર્ણય લેવાયો છે. રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કમર્શિયલ મેનેજર સુનીલ કુમાર મીનાના જણાવ્યા મુજબ તમામ ટ્રેનોમાં જનરલ કેટેગરીના અનરિઝર્વ્ડ કોચ રહેશે.

રાજકોટ-દ્વારકા સ્પેશિયલઃ ટ્રેન નંબર ૦૯૫૨૭ રાજકોટ-દ્વારકા ૩ સપ્ટેમ્બરે રાત્રે ૦૦:૩૦ વાગ્યે રાજકોટથી ઉપડી ૦૫:૫૦ વાગ્યે દ્વારકા પહોંચશે. પરત ટ્રેન નંબર ૦૯૫૨૮ દ્વારકા-રાજકોટ ૩ સપ્ટેમ્બરે ૦૬:૫૦ વાગ્યે ઉપડી ૧૨:૦૦ વાગ્યે રાજકોટ પહોંચશે. હાપા, જામનગર, કનાલુસ, ખંભાળિયા અને ભાટિયા સ્ટોપ રહેશે.

દ્વારકા-ગાંધીનગર કેપિટલઃ ટ્રેન નંબર ૦૯૫૨૨ દ્વારકાથી ૩, ૪ અને ૫ સપ્ટેમ્બરે ૦૬:૫૦ વાગ્યે ઉપડી ૧૭:૦૦ વાગ્યે ગાંધીનગર કેપિટલ પહોંચશે. પરત ટ્રેન નંબર ૦૯૫૨૧ ગાંધીનગર કેપિટલથી આ જ તારીખે ૨૦:૦૦ વાગ્યે ઉપડી બીજા દિવસે ૦૫:૫૦ વાગ્યે દ્વારકા પહોંચશે. આ ટ્રેન રાજકોટ સહિત ભાટિયા, ખંભાળિયા, કનાલુસ, જામનગર, હાપા, વાંકાનેર, થાન, સુરેન્દ્રનગર, લખતર, વિરમગામ, આંબલી રોડ અને ચાંદલોડિયા બી કેબિન ખાતે ઊભી રહેશે.

રાજકોટ-દ્વારકા બીજી સ્પેશિયલઃ ટ્રેન નંબર ૦૯૫૩૩ રાજકોટ-દ્વારકા ૩થી ૬ સપ્ટેમ્બર દરમિયાન રાજકોટથી ૨૦:૦૦ વાગ્યે ઉપડી બીજા દિવસે ૦૧:૨૦ વાગ્યે દ્વારકા પહોંચશે. પરત ટ્રેન નંબર ૦૯૫૩૪ દ્વારકાથી ૪થી ૭ સપ્ટેમ્બર દરમિયાન ૦૧:૫૦ વાગ્યે ઉપડી ૦૬:૨૫ વાગ્યે રાજકોટ પહોંચશે. આ ટ્રેન હાપા, જામનગર, કનાલુસ, ખંભાળિયા અને ભાટિયા ખાતે ઊભી રહેશે.

બોટાદ-સુરેન્દ્રનગર સ્પેશિયલઃ ટ્રેન નંબર ૦૯૨૨૮ બોટાદથી ૨થી ૬ સપ્ટેમ્બર દરમિયાન ૧૨:૧૦ વાગ્યે ઉપડી ૧૩:૪૦ વાગ્યે સુરેન્દ્રનગર પહોંચશે. પરત ટ્રેન નંબર ૦૯૨૨૭ સુરેન્દ્રનગરથી ૧૪:૦૫ વાગ્યે ઉપડી ૧૫:૪૫ વાગ્યે બોટાદ પહોંચશે. કુંડલી, રાણપુર, ચુડા, લીંબડી, વઢવાણ સિટી, જોરાવરનગર અને સુરેન્દ્રનગર ગેટ સ્ટોપ રહેશે.

વિગતવાર માહિતી માટે મુસાફરો www.enquiry.indianrail.gov.in પર તપાસ કરી શકશે.

# ગજાનન ધામે 1800 પરિવારોને રાહત દરે ફરસાણ-મીઠાઈ આપી

## જન્માષ્ટમી નિમિત્તે 15 વર્ષથી સેવાકાર્ય; 1.5 કિલો ફરસાણ-મીઠાઈનું પેકેટ માત્ર રૂ. 180માં

સિટી ન્યૂઝ@રાજકોટ




શ્રી બાલાજી હનુમાન પ્રેરિત સૌરાષ્ટ્રની જાણીતી સંસ્થા શ્રી ગજાનન ધામ દ્વારા જન્માષ્ટમી નિમિત્તે છેલ્લા ૧૫ વર્ષથી રાહત દરે ફરસાણ અને મીઠાઈનું વિતરણ કરવામાં આવે છે. આ સેવાકીય પ્રવૃત્તિ અંતર્ગત ગઈકાલે ૧૮૦૦ પરિવારોને ફરસાણ-મીઠાઈનું વિતરણ કરવામાં આવ્યું હતું, જ્યારે આજે પણ ૧૮૦૦ પરિવારોને આ લાભ આપવામાં આવશે.સંસ્થા દ્વારા જરૂરિયાતમંદ અને સામાન્ય પરિવારો તહેવારની ઉજવણી આનંદપૂર્વક કરી શકે તે હેતુથી રાહત દરે ફરસાણ-મીઠાઈ આપવામાં આવે છે. જેમાં ૫૦૦ ગ્રામ સ્પેશિયલ મોહનથાળ, ૫૦૦ ગ્રામ તીખા ગાંઠિયા અને ૫૦૦ ગ્રામ ભાવનગરી ગાંઠિયાનો કુલ ૧.૫ કિલો જથ્થો માત્ર રૂ. ૧૮૦માં આપવામાં આવી રહ્યો છે.

આ સેવાકીય કાર્યને બિરદાવવા બાલા હનુમાનજી મંદિરના મહંત કેશવદાસજી મહારાજ, ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ, ડેપ્યુટી મેયર દક્ષાબેન વસાણી, કોર્પોરેટર વર્ષાબેન પાંધી, કોર્પોરેટર ખ્યાતીબેન ગોહેલ, રાજકોટ શહેર ભાજપના પૂર્વ પ્રમુખ પ્રતાપભાઈ કોટક સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત કમલેશભાઈ જોષીપુરા, કમલેશભાઈ મીરાણી, મનીષભાઈ રાડિયા, મહેશભાઈ પરમાર, RCC બેન્કના ચેરમેન પુરુષોત્તમભાઈ પીપળીયા, હસુભાઈ ભગદેવ, હસુભાઈ ચંદારાણા, વસંતભાઈ, સતિષભાઈ ગમારા, જીતુલભાઈ કોટેચા, જગદીશભાઈ કોટેચા, ભાગ્યેશભાઈ વોરા, વિનુભાઈ પારેખ સહિત વિવિધ સમાજના અગ્રણીઓ અને રાજકીય હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી ગજાનન ધામનો મુખ્ય ઉદ્દેશ નાના અને જરૂરિયાતમંદ પરિવારો પણ જન્માષ્ટમી જેવા તહેવારો સારી રીતે ઉજવી શકે તેવો છે. શ્રી કરણસિંહજી બાલાજી મંદિર, બાઈ સાહેબબા ગર્લ્સ સ્કૂલ પાસે, ભુપેન્દ્ર રોડ, રાજકોટ ખાતે યોજાયેલા આ સેવાકાર્યને સફળ બનાવવા ગજાનન ધામ પરિવારના કાર્યકરો ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

# હેમરાજ પાડલીયાના જન્મદિવસની ગુજરાતભરમાં સેવાકીય ઉજવણી

સિટી ન્યૂઝ@ગાંધીનગર



"સેવા પરમો ધર્મ"ના સંદેશને સાર્થક કરતાં ઋષિવંશી સમાજ સેવા સંઘ-ગુજરાતના સ્થા. પ્રમુખશ્રી તથા ભાજપા બક્ષીપંચ મોરચાના સામાજિક સંકલન સેલના પ્રદેશ કન્વીનર અને પંચાયત પરિષદના રાષ્ટ્રીય સચિવ માનનીય શ્રી હેમરાજભાઈ પાડલીયાના જન્મદિવસ નિમિત્તે તા. ૩ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ ગુજરાતભરમાં વિવિધ સેવાકીય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ ગાંધીનગર સહિત સુરત, વડોદરા, અમદાવાદ, પાલનપુર, રાજકોટ, જામનગર, મોરબી, બોટાદ, જસદણ, દામનગર, દેવગઢ બારીયા, કપડવંજ, પોરબંદર, ભાવનગર, અમરેલી, સાવરકુંડલા, ધોરાજી અને સુરેન્દ્રનગર સહિતના શહેરો- તાલુકાઓમાં સેવાકીય પ્રવૃત્તિઓ યોજાશે.આ અભિયાન અંતર્ગત ગાયોને લીલું ઘાસ, કબૂતરોને ચણ, શ્વાનોને દૂધ-બિસ્કિટનું વિતરણ તેમજ ગાંધીનગર ખાતે વૃક્ષારોપણ સહિતની જીવદયા, પર્યાવરણ સંરક્ષણ અને સમાજસેવા આધારિત પ્રવૃત્તિઓ કરવામાં આવશે.ઋષિવંશી સમાજ સેવા સંઘ-ગુજરાત દ્વારા આગેવાનો, કાર્યકરો અને સેવાભાવી લોકોને અભિયાનમાં જોડાવા અપીલ કરવામાં આવી છે. જન્મદિવસની ઉજવણી એટલે સેવા ના સંદેશ સાથે જન્મદિવસને સેવામય અને સમાજ માટે પ્રેરણારૂપ બનાવવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો છે.ઋષિવંશી સમાજ સેવા સંઘ-ગુજરાતના સંગઠનમંત્રી સુનીલભાઈ પાડલીયાએ યાદીમાં જણાવ્યું છે.

# સ્વ. પ્રવીણભાઈ મણીઆરની જન્મજયંતીએ 45 બોટલ રક્ત એકત્ર

સિટી ન્યૂઝ@રાજકોટ



સ્વ. પ્રવીણભાઈ મણીઆર (કાકા)ની ૯૨મી જન્મજયંતી નિમિત્તે શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના સહયોગથી રાજકોટ સિવિલ હોસ્પિટલના જરૂરિયાતમંદ દર્દીઓના લાભાર્થે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પમાં ૪૫ રક્તદાતાઓએ રક્તદાન કરી કુલ ૪૫ બોટલ રક્ત એકત્ર કરાયું હતું. ચોમાસાની સિઝનમાં રક્તની જરૂરિયાત વધતી હોવાથી સિવિલ હોસ્પિટલમાં તમામ પ્રકારના બ્લડ ગ્રુપની તાતી જરૂરિયાત હોવાનું જણાવાયું છે. રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સમગ્ર સૌરાષ્ટ્રમાંથી દર્દીઓ નિશુલ્ક સારવાર માટે આવતા હોવાથી જરૂરિયાતમંદ દર્દીઓને સમયસર રક્ત મળી રહે તે માટે વધુમાં વધુ લોકો રક્તદાન કરે તેવી અપીલ કરવામાં આવી છે. જન્મદિવસ, સ્મૃતિદિન કે અન્ય પ્રસંગોએ રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવે તો રક્તની અછત દૂર કરવામાં મદદ મળી શકે તેમ જણાવાયું છે. આ ઉપરાંત સિવિલ હોસ્પિટલના લાભાર્થે રક્તદાન, ચક્ષુદાન, અંગદાન, સ્કીનદાન તથા જીવદયા સહિતની સેવાકીય પ્રવૃત્તિઓ માટે શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણી મો. ૯૪૨૮૨ ૦૦૬૬૦ પર સંપર્ક કરવા જણાવાયું છે.



## રુદ્રાક્ષનો મહિમા

# "રુદ્રાક્ષ એટલે સાક્ષાત શિવ"

## શિવનો સાક્ષાત વાસ જો હોય તો તે રુદ્રાક્ષમાં છે

### "તત્વમાં શ્રેષ્ઠ તત્વ એ રુદ્રાક્ષ છે"

કહેવાય છે કે આપણા જેવા વિચાર તેવી આપણી વાણી (વાત) હોય છે, જેવી વાણી તેવું વર્તન,વર્તન તેવી ટેવ આ તમામનું નિરૂપણ એટલે ભાગ્ય. આપણા મનને અંતઃકરણ કહેવાય છે આપણું ભાગ્ય ધર્મથી જ બદલી શકાય છે. માટે ભાગ્ય અને અંતઃકરણ એક સિક્કાની બે બાજુ છે. ભાગ્ય બદલવા માટે અંતઃકરણની શુધ્ધતા જરૂરી છે.તે માટે (૧) ભસ્મ (૨) રુદ્રાક્ષ . રુદ્રાભિષેક નું શિવ પૂજનમાં અતિ મહત્વ છે.

**ઓમ નમો ભવાય શર્વાય,**
**રુદ્રાય વરદાય ચ,**
**પશુના પત્યે નમઃ**
**નિત્યં ઉગ્રાય ચ કપર્દને**

શિવનો સાક્ષાત વાસ જો હોય તો તે રુદ્રાક્ષમાં છે.માટે રુદ્રાક્ષને શરીરમાં ધારણ કરી રાખવાથી શિવમય રહેવાય છે. મન શુદ્ધ અને સાત્વિક ચોખ્ખું રહે છે. આ અંગે શ્લોક પણ છે.

**'હસ્તે, કર્ણે તથા શીર્ષ ,**
**કંઠે રુદ્રાક્ષ ધારયત' ।**
**અવદ્ય સર્વ ભૂતાના;**
**રુદ્રવત ચરતે ભુવિ ॥**

હે કૃપાળુ શિવ, આપ રુદ્ર સ્વરૂપ હોઈ આપશ્રીનું રુદ્રાક્ષમાં સ્થાન છે.આપે રુદ્રાક્ષને આપના હાથમાં, મસ્તકે, કાનમાં અને ગળામાં ધારણ કરેલ છે તે આ માયાવી લોક પર તેજસ્વી રુદ્ર સ્વરૂપે નિર્ભય રીતે ફરી શકે છે. તેથી જ સતયુગથી આજના યુવાવસ્થાના કળિયુગ સુધી રુદ્રાક્ષનો મહિમા સૌને વાચા આપે છે. રુદ્રાક્ષ માટે "રુદ્રાક્ષ ઉપનિષદ" પણ રચાયું છે. તે પણ ખુબ પવિત્ર છે.

રુદ્રાક્ષની ઉત્પતિ અંગે અનેક તર્કો છે. કહેવાય છે કે શિવજી અને પાર્વતીજી દક્ષના યજ્ઞ પછી અલગ થયા અને પાર્વતીજીનો દેહ લઇ શિવ જયારે દુઃખી અવસ્થામાં (વિરહ) ત્રણે લોકમાં ઘૂમતા હતા ત્યારે પત્નિના વિયોગને અંતે તેમની આંખમાંથી આંસુની ધારાઓ ઝરણા રૂપે વહેવા લાગી આ આંસુમાંથી રુદ્રાક્ષનો જન્મ થયો છે. અન્ય વાયકા એ છે કે એક અશુર દૈત્ય એવા ત્રિપુરાસુરના નાશ કરવા શિવજીએ જયારે નેત્રો બંધ કર્યા ત્યારે તેમની આંખોમાંથી પાણીના બે ટીપા જમીન પર પડ્યા તે રુદ્રાક્ષમાં પલટાઈ ગયા રુદ્ર અને અક્ષ આ બે શબ્દોથી રુદ્રાક્ષ શબ્દનું નિરૂપણ થયું.

શાસ્ત્રોમાં અને પુરાણોમાં રુદ્રાક્ષનું ધાર્મિક મહત્વ બતાવતા કહેવાયું છે કે નદીઓમાં ઉત્તમ ગંગા, મુનિઓમાં શ્રેષ્ઠ કશ્યપ મુની , પુરુષોમાં ઉત્તમ વિષ્ણુ ,દેવમાં શ્રેષ્ઠ મહાદેવ તેમ તત્વમાં શ્રેષ્ઠ તત્વ એ રુદ્રાક્ષ છે. "રુદ્રાક્ષ" શબ્દ નામનો ઉચ્ચાર કરવાથી પણ અનોન્ય અનેક પુણ્ય પ્રાપ્ત થાય છે. તેના દર્શનથી સ્પર્શથી માનસિક,શારીરિક આધ્યાત્મિક તથા બુદ્ધિમાં અનેક ગણો વધારો થાય છે. રુદ્રાક્ષ શરીરને પણ અનેક રીતે નિરોગી રાખે છે. જપ માળામાં પણ રુદ્રાક્ષની માળા શ્રેષ્ઠ ગણાય છે. ચંદ્ર ગ્રહણ , સુર્યગ્રહણના સમયે રુદ્રાક્ષ ધારણ કરવાનો ઉત્તમ સમય છે. "ઓમ અઘોરેભ્યો , ઘોરેભ્યો, ઘોરેભ્યો સર્વભ્યો નમસ્તેસ્તુ દુર ઉપેત્ય" મંત્ર દ્વારા તેને અંગ પર ધારણ કરાય છે. રુદ્રાક્ષના કુલ ૨૧ પ્રકાર છે તેવું કહેવાય છે. ઉપનિષદમાં વર્ણવેલ છે રુદ્રાક્ષ ધારણ કરવાથી ચામડીના રોગો, ક્ષય , હ્રદય રોગ જેવા હઠીલા રોગોમાં રાહત મળે છે. રુદ્રાક્ષને કારણે શરીરને કવચ પ્રાપ્ત થાય છે. શિવનું નામ ગંગા સમાન પવિત્ર છે. ભસ્મ એ યમુના સમાન પવિત્ર , રુદ્રાક્ષ સરસ્વતી સમાન કહેવાય છે. પવિત્ર માનવીના મુખમાં શિવનું નામ સ્મરણ , શરીરે રુદ્રાક્ષ અને લલાટે ભસ્મ અવશ્ય હોવું જોઈએ. જયારે દરેક દુઃખનું સમાધાન પણ રુદ્રાક્ષ છે. દરેકના કર્મો આધારિત દુઃખને દૂર કરનાર પણ રુદ્રાક્ષ જ છે. જયારે વિશેષ એ છે કે શરીરની મનની નકારાત્મક એનર્જી રુદ્રાક્ષને કારણે અવશ્ય દૂર થાય છે .



ડો. રાજેશ એચ. ત્રિવેદી
લાયબ્રેરીયન
પી ડી યુ મેડીકલ કોલેજ- રાજકોટ
મો ન.- 9898027514

**રુદ્રાક્ષ શબ્દ નામનો ઉચ્ચાર કરવાથી પણ અનોન્ય અનેક પુણ્ય પ્રાપ્ત થાય છે : શિવજીની સાથે - સાથે રુદ્રાક્ષમાં પણ તેટલી જ પવિત્રતા છે**

જયારે વૈજ્ઞાનિક રીતે વાત કરીએ તો ફ્લોરીડા યુનીવર્સીટી એ પણ રુદ્રાક્ષ (વૃક્ષ)ને કારણે અનેક વૈજ્ઞાનિક હકારાત્મક ઉપલબ્ધીઓને અનુમોદન આપેલ છે. આજે આ ઔષધીનું વેપારીકરણ થવાથી બજારુ વસ્તુ થઈ ગઈ છે. જે દુઃખની વાત છે. સફેદ,કાળા,લાલ,જેવા રંગોમાં પણ રુદ્રાક્ષ ઉપલબ્ધ હોય છે. શિવના ઉપાસકો કહે છે, લક્ષ્મીને કમળ ,વિષ્ણુને તુલશી, ગણેશને ગલગોટો વ્હાલો છે. તેમ શિવને રુદ્રાક્ષ ને બીલી-પત્ર વહાલા છે.

કહેવાય છે કે રુદ્રાક્ષથી અકાળે મૃત્યુ પણ દૂર થાય છે. એક અલૌકિક વાત છે કે ભદ્રશેન નામે કાશ્મીરી રાજા હતા તેનો પુત્ર "સુધર્મા" અનોન્ય શિવ ભક્ત . તેઓ શરીરે ભસ્મ ધારણ કરતા અને ગળામાં રુદ્રાક્ષની માળાઓ પણ ધારણ કરતા . રાત-દિવસ શિવ ગાનમાં રહેતા તેઓના મુખે માત્ર શિવ નામ જ રહેતું .આ રાજાને ત્યાં પરાશર મુનિ પધાર્યા અને તેમણે કહ્યું ," હે રાજા, સુધર્મા નું આજથી સાતમાં દિવસે મૃત્યુ થશે." ઋષિની વાત સાંભળી રાજા આકુળ-વ્યાકુળ થઈ ગયા. તેમણે તેમના યુવાન પુત્રના અકાળે અવસાન ટાળવા માટે પરાશર મુનિને વિનંતી કરી. મુનિએ કહ્યું કે ,"દશ હજાર રુદ્રાક્ષથી અભિષેક થાય તો રાજકુમારનું મૃત્યુ દૂર થશે " પરાશર મુનિની વાત સાંભળી પોતાના રાજ્યના પંડિતોને (બ્રાહ્મણોને)આમંત્રિત કરી ઋષિ (શાસ્ત્રીજી)ના કહેવા પ્રમાણે " રુદ્રાભિષેક " શરૂ થયો , પરંતુ સાતમાં દિવસે યુવરાજ સુધર્મા નું મૃત્યુ થયું . પરાશર મુનિએ રુદ્રાભિષેક કરેલ પાણીથી મરેલા સુધર્માને સ્નાન કરાવ્યું અને પવિત્ર રુદ્રાક્ષ તેના મુખમાં મુક્યું. અને રાજકુમાર ઉભો થયો . તેને પૂછવામાં આવતા તેને કહેલું કે યમરાજ તેને લઇ જતા હતા ત્યારે એક અદભૂત પ્રતાપી જટાધારી સંત-મુનિ પ્રગટ થયા અને યમરાજા પાસેથી તેમને મુક્ત કરાવ્યો . આમ , મૃત્યુ માંથી પણ રુદ્રાક્ષ દ્વારા ચમત્કારિક બચાવ થાય છે.

આમ, શિવજીની સાથે - સાથે રુદ્રાક્ષમાં પણ તેટલી જ પવિત્રતા છે. અને તેનાથી પણ શિવ આપણા દુઃખ દર્દો દૂર કરે છે . આમ, અગાઉ વાત કરી તેમ રુદ્રાક્ષ વિશે એક આખો ગ્રંથ નિરૂપણ થયેલ છે.

**'મૃત્યુંજય મહાદેવ**
**ત્રાહિમામ શરણાગતમ,**
**જન્મ મૃત્યુર્જરા રોગઃ**
**પીડિત કર્મ બંધને'**




# ₹.125 કરોડથી ભાવનગર પરા યાર્ડનું રિમોડેલિંગ થશે

**સિટી ન્યૂઝ@ભાવનગર**

મુસાફરોને વધુ સારી અને સુવિધાજનક રેલ મુસાફરી ઉપલબ્ધ કરાવવા પશ્ચિમ રેલવે દ્વારા ભાવનગર પરા યાર્ડના વ્યાપક રિમોડેલિંગ અને અપગ્રેડેશન માટે આશરે ૧૨૫ કરોડની પરિયોજનાને મંજૂરી આપવામાં આવી છે. રેલવે બોર્ડ દ્વારા મંજૂરી મળતાં ભાવનગર વિસ્તારમાં રેલ પરિચાલન ક્ષમતામાં નોંધપાત્ર વધારો થવાની શક્યતા છે.

મંડળ રેલ પ્રબંધક દિનેશ વર્માએ જણાવ્યું હતું કે પરિયોજના પૂર્ણ થયા બાદ ભાવનગર વિસ્તારમાં રેલ પરિચાલનને નવી ગતિ મળશે. ભાવનગર ટર્મિનસ પરનું પરિચાલન સંબંધિત દબાણ ઘટશે અને ભવિષ્યમાં વધુ ટ્રેનોના સંચાલન માટે જરૂરી ક્ષમતા વિકસિત થશે.

**» રેલ પરિચાલન ક્ષમતા વધશે; ભાવનગર ટર્મિનસ પરનું દબાણ ઘટવાની સાથે મુસાફરોને સુવિધા મળશે**

પરિયોજનાના અમલથી ટ્રેનોની સમયબદ્ધતામાં સુધારો થવાની સાથે રેલવે પરિચાલન વધુ સુવ્યવસ્થિત બનશે. ભાવનગર પરા યાર્ડ ખાતે મુસાફરોની સુવિધા અને રેલ પરિચાલનને લગતાં વિવિધ આધુનિક કામો કરવામાં આવશે. આ પ્રોજેક્ટથી ભાવનગર વિસ્તારમાં રેલવે માળખું વધુ મજબૂત બનવાની સાથે મુસાફરોને પણ વધુ સારી સુવિધાઓ ઉપલબ્ધ થશે.

# પથનાટ્યથી જન્માષ્ટમીની ઉજવણી, લાખો યુવાનો જોડાશે

## 15 રાજ્યો અને 15થી વધુ દેશોમાં 17,000 ટીમો કરશે રજૂઆત; 29 ઓગસ્ટથી 6 સપ્ટેમ્બર સુધી કાર્યક્રમ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

સ્વાધ્યાય પરિવારના લાખો યુવાનો દ્વારા શ્રીકૃષ્ણ જન્માષ્ટમીની ઉજવણી અનોખી રીતે પથનાટ્યના માધ્યમથી કરવામાં આવી રહી છે. વૈશ્વિક સ્વાધ્યાય કાર્યના પ્રવર્તક પદ્મવિભૂષણ પાંડુરંગશાસ્ત્રી આઠવલે (પૂજનીય દાદાજી)ની પ્રેરણાથી શરૂ થયેલો આ પ્રયોગ છેલ્લા ૨૪ વર્ષથી સતત ચાલી રહ્યો છે.

ભગવાન શ્રીકૃષ્ણનો જન્મોત્સવ માત્ર દહીંહાંડી કે મટકી ફોડવા પૂરતો સીમિત ન રહે અને શ્રીકૃષ્ણના વિચારો સમાજના દરેક વ્યક્તિ સુધી પહોંચે તે હેતુથી યુવાનોને પથનાટ્યની સંકલ્પના આપવામાં આવી હતી. હાલ સ્વાધ્યાય કાર્યની ધુરા સંભાળતા ધનશ્રી શ્રીનિવાસ તળવલકર




(પૂજનીય દીદીજી)ના માર્ગદર્શન હેઠળ દેશ-વિદેશમાં યુવાનો આ પથનાટ્ય રજૂ કરી રહ્યા છે.

આ વર્ષે દેશના ૧૫ રાજ્યો ઉપરાંત ઈંગ્લેન્ડ, અમેરિકા, કેનેડા, આફ્રિકા, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, સિંગાપોર અને બેંગકોક સહિત ૧૫થી વધુ દેશોમાં અંદાજે ૧૭,૦૦૦ ટીમો પથનાટ્ય રજૂ કરશે. આ પ્રવૃત્તિમાં લગભગ પોણા બે લાખ યુવાનો જોડાશે. વિવિધ ભાષાઓમાં ૨૯ ઓગસ્ટથી ૬ સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન પથનાટ્યના કાર્યક્રમો યોજાશે.

વિશેષ વાત એ છે કે યુવાનો કોઈપણ પ્રકારના પ્રલોભન કે ભૌતિક અપેક્ષા વિના પોતાના અભ્યાસ, નોકરી અને વ્યવસાયમાંથી સમય કાઢીને આ પ્રવૃત્તિમાં જોડાઈ રહ્યા છે. પથનાટ્યમાં જીવનરૂપી હાંડીમાં રહેલું સાચું માખણ શું છે? તે વિચાર રજૂ કરવામાં આવે છે.

સત્તા, સંપત્તિ, રોટી કે હક્ક જેવા ભૌતિક પાસાંથી જ સમાજનું સંપૂર્ણ ઉત્થાન શક્ય નથી, પરંતુ ભગવાનના દૈવી માર્ગે ચાલીને પ્રેમ અને હૃદયસ્થ ઈશ્વર સાથેના સંબંધથી સમાજ સાચી સમૃદ્ધિ તરફ આગળ વધી શકે તેવો સંદેશ પથનાટ્યના માધ્યમથી આપવામાં આવી રહ્યો છે. જન્માષ્ટમીની ઉજવણીમાં છેલ્લા ૨૪ વર્ષથી યુવાનોની આ નિરપેક્ષ પ્રવૃત્તિને આશાસ્પદ પ્રયાસ તરીકે જોવામાં આવી રહી છે.

# મનોજ રાઠોડના જન્મદિવસે શુભેચ્છાઓનો ધોધ વરસ્યો

## રાજકોટ જિલ્લા ભાજપ ઉપપ્રમુખ સહિતની જવાબદારી સંભાળતા રાઠોડ લોકપ્રશ્નોના ઉકેલ માટે સક્રિય

**સિટી ન્યૂઝ@રાજકોટ**



રાજકોટ જિલ્લા ભાજપ ઉપપ્રમુખ, ગુજરાત સરકારની પુરવઠા સલાહકાર સમિતિના સભ્ય અને રાજકોટ ૭૧ વિધાનસભા વિસ્તારના યુવા આગેવાન મનોજ રાઠોડનો આજે જન્મદિવસ છે. જન્મદિવસ નિમિત્તે રાજકીય આગેવાનો, કાર્યકરો, શુભેચ્છકો અને મિત્રવર્તુળ દ્વારા તેમને શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે. સામાન્ય ખેડૂત પરિવારમાંથી આવતા મનોજ રાઠોડ છેલ્લા ૨૫ વર્ષથી લોધીકા, કોટડા સાંગાણી સહિતના વિસ્તારોમાં ભાજપની સંગઠનાત્મક અને લોકોપયોગી કામગીરી સાથે જોડાયેલા છે. તેઓ લોધીકા તાલુકા પંચાયતના સૌથી નાની વયના પ્રમુખ બન્યા હતા. પ્રમુખ તરીકેના કાર્યકાળ દરમિયાન મેટોડા GIDCની સબસિડી મુદત વધારવા પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ સમક્ષ રજૂઆત કરી હતી.તેમણે લોધીકા તાલુકા પંચાયતની સમાજ કલ્યાણ સમિતિના ચેરમેન સહિત ભાજપમાં તાલુકા મંત્રી, જિલ્લા યુવા મોરચાના ઉપપ્રમુખ, જિલ્લા ભાજપ મંત્રી સહિતની વિવિધ જવાબદારીઓ સંભાળી છે. મહિલા શિક્ષણ શિબિર, આરોગ્ય કેમ્પ, રક્તદાન કેમ્પ અને વૃક્ષારોપણ સહિતની પ્રવૃત્તિઓમાં પણ તેઓ સક્રિય રહ્યા છે.રાજકોટને મેડિકલ કોલેજ ફાળવવા માટેના આંદોલનમાં ચીમનકાકા સાથે કામગીરી કરી હોવાનો પણ ઉલ્લેખ કરાયો છે. તેમજ વિકસિત ભારત યાત્રા અને એક પેડ મા કે નામ વૃક્ષારોપણ અભિયાનમાં જવાબદારી સંભાળી રાજકોટ જિલ્લાને ઉત્કૃષ્ટ કામગીરી માટે આગળ લાવવામાં ભૂમિકા ભજવી હતી. લોકપ્રશ્નોના ઉકેલ માટે સતત સક્રિય રહેતા મનોજ રાઠોડને જન્મદિવસે શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે.

# રાજકોટમાં મહિલાઓ માટે નિઃશુલ્ક ગાયનેક તબીબી સેવાનો લાભ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ફેમીલી પ્લાનિંગ એસોસિએશન ઓફ ઇન્ડિયા (FPAI) રાજકોટ બ્રાંચ દ્વારા મહિલાઓ માટે નિશુલ્ક સ્ત્રીરોગ નિદાન અને દવા વિતરણની સેવા શરૂ કરવામાં આવી છે. સ્ત્રીરોગ નિષ્ણાત ડો. નીરજ જાદવ દ્વારા દર મંગળવાર અને શુક્રવારે સાંજે ૪થી ૬ વાગ્યા દરમિયાન નિશુલ્ક તબીબી સેવા આપવામાં આવે છે.આરોગ્ય કેન્દ્ર ખાતે મહિલાઓને નિશુલ્ક નિદાન સાથે શક્ય તેટલી દવાઓ પણ વિનામૂલ્યે આપવામાં આવે છે. જરૂરિયાતમંદ મહિલાઓને આ સેવાનો લાભ લેવા અપીલ કરવામાં આવી છે.આ સેવા FPAI રાજકોટ બ્રાંચ, ૧-રામનગર (બંધ શેરી), ઈન્ડિયન ઓવરસીઝ બેન્કની પાછળ, ગોંડલ રોડ, રાજકોટ ખાતે ઉપલબ્ધ છે. વધુ માહિતી માટે સોમવારથી શુક્રવાર સવારે ૧૦થી સાંજે ૬ વાગ્યા દરમિયાન મો. ૯૬૮૭૮૨૮૮૮૨ પર સંપર્ક કરી શકાય છે. શનિવાર અને રવિવારે આરોગ્ય કેન્દ્ર બંધ રહેશે.

# ખોડલધામ દશાબ્દી મહોત્સવમાં 1008 કુંડી મહાયજ્ઞનું આયોજન

## યજમાન બનવા નામ નોંધણી શરૂ; એક કુંડમાં મુખ્ય યજમાન સહિત 8 લોકો બેસી શકશે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

વિશ્વપ્રસિદ્ધ શ્રી ખોડલધામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠાને ૨૧ જાન્યુઆરી ૨૦૨૭ના રોજ ૧૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. આ નિમિત્તે શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા નરેશ પટેલના માર્ગદર્શન હેઠળ ૧૯થી ૨૧ જાન્યુઆરી ૨૦૨૭ દરમિયાન ત્રણ દિવસીય શ્રી ખોડલધામ દશાબ્દી મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. મહોત્સવમાં ૧૦૦૮ કુંડી મહાયજ્ઞ સહિત વિવિધ ધાર્મિક, સામાજિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે.

દશાબ્દી મહોત્સવના ભાગરૂપે યોજાનાર ૧૦૦૮ કુંડી મહાયજ્ઞમાં યજમાન બનવા ઈચ્છુકો માટે નામ નોંધણીનો પ્રારંભ કરવામાં આવ્યો છે.



૧૯થી ૨૧ જાન્યુઆરી દરમિયાન સવારે બપોર સુધી ખોડલધામ મંદિર પરિસરમાં આધ્યાત્મિક વાતાવરણમાં મહાયજ્ઞ યોજાશે. મહાયજ્ઞમાં કુલ ૧૦૦૮ કુંડ રાખવામાં આવ્યા છે. એક કુંડમાં મુખ્ય યજમાન સહિત કુલ ૮ લોકો બેસીને આહૂતિ આપી શકશે.

યજમાન બનવા ઈચ્છુકો નિશ્ચિત



અનુદાન નોંધાવીને ઓનલાઈન અથવા ઓફલાઈન બુકિંગ કરાવી શકશે. નોંધણી માટે મો. 7486079647




અથવા 8511121248 પર સંપર્ક કરી શકાશે. ઉપરાંત રાજકોટ સ્થિત શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના મુખ્ય કાર્યાલય ખાતે રૂબરૂ સંપર્ક કરી નામ નોંધાવી શકાશે.

દશાબ્દી મહોત્સવ દરમિયાન ૧૦૦૮ કુંડી મહાયજ્ઞ ઉપરાંત મહારાસ, મહા ધર્મસભા, લોક ડાયરો, પ્રદર્શન, મહા ધ્વજારોહણ અને મહાઆરતી સહિતના વિવિધ કાર્યક્રમો યોજાશે. ત્રણ દિવસીય મહોત્સવને લઈને ટ્રસ્ટ દ્વારા તૈયારીઓ શરૂ કરવામાં આવી છે.

# સરલાજી મહાસતિજીની ગુણાનુવાદ સભા સંપન્ન

## રોયલપાર્ક જૈન મોટા સંઘ ખાતે ભાવાંજલિ અર્પણ; વિવિધ સંપ્રદાયનાં સાધ્વીજીઓ સહિત શ્રાવકો ઉપસ્થિત રહ્યા

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રોયલપાર્ક સ્થિત જૈન મોટા સંઘની સી.એમ. શેઠ પૌષધશાળા ખાતે ગોંડલ સંપ્રદાયના પ્રાણ પરિવારનાં વડીલ સાધ્વી રત્ના પૂ. સરલાજી મહાસતિજીની ગુણાનુવાદ સભા યોજાઈ હતી. ધોરાજીમાં ચાતુર્માસ દરમિયાન લાભ આપી રહેલા પૂ. સરલાજી મહાસતિજીનું ૩૧ ઓગસ્ટના રોજ સમાધિભાવે કાળધર્મ થતાં તેમની સ્મૃતિમાં આ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

સભામાં ગોંડલ સંપ્રદાયના પૂ. જશ, ઉત્તમ, પ્રાણ પરિવાર તેમજ સંઘાણી સંપ્રદાયનાં મહાસતિજીઓ ઉપસ્થિત રહ્યા હતા અને પૂ. સરલાજી મહાસતિજીના ગુણોનું સ્મરણ કરી ભાવાંજલિ અર્પણ કરી હતી. ગોંડલ સંપ્રદાયના અગ્રણી ચંદ્રકાંતભાઈ શેઠે જણાવ્યું હતું કે પૂ. સરલાજી મહાસતિજીના કાળધર્મથી ગોંડલ સંપ્રદાય અને જિન શાસનને મોટી ખોટ પડી છે.







પૂ. સરલાજી મહાસતિજીનું આયુષ્ય આશરે ૮૬ વર્ષનું હતું અને તેમણે ૫૯ વર્ષ સુધી સંયમ જીવનનું પાલન કર્યું હતું. ડો. પૂ. અમિતાજી મહાસતિજીએ જણાવ્યું હતું કે તપ સમ્રાટ પૂ. રતિલાલજી મહાસાહેબે તેમને કરેમિ ભંતેનો પાઠ ભણાવ્યો હતો. સંઘાણી સંપ્રદાયના પૂ. ભારતીબાઈ મહાસતિજીએ પણ ભાવાંજલિ અર્પણ કરી હતી.

૩૧ ઓગસ્ટે ધોરાજી સંઘ ખાતેથી જય જય નંદા, જય જય ભદ્દાના જયઘોષ સાથે પૂ. સરલાજી મહાસતિજીની પાલખીયાત્રા નીકળી હતી, જેમાં રાજકોટ, જુનાગઢ સહિત સૌરાષ્ટ્રના વિવિધ સંઘોના પ્રતિનિધિઓ જોડાયા હતા. ગુણાનુવાદ સભામાં ગોંડલ રોડ વેસ્ટ સંઘ, વીતરાગ સંઘ, રૂડાનગર સંઘ, મનહરપ્લોટ સંઘ, શેઠ ઉપાશ્રય સંઘ સહિતના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે પૂ. કલ્પનાબાઈ મ.સ., ડો. પૂ. અમિતાબાઈ મ.સ., પૂ. વર્ષાબાઈ મ.સ., પૂ. માલતીબાઈ મ.સ., પૂ. લીનાબાઈ મ.સ. સહિત સાધ્વીજીઓએ ભાવાંજલિ અર્પણ કરી હતી. અંતે પૂ. સરલાજી મહાસતિજીના આત્માને ચિરશાંતિ અને સમાધિ પ્રાપ્ત થાય તથા જિન શાસનને પામી શીઘ્ર પંચમ ગતિ પ્રાપ્ત કરે તેવી પ્રાર્થના કરવામાં આવી હતી.

# જન્માષ્ટમી નિમિત્તે વિવેકાનંદ યુથ ક્લબે 300 જરૂરિયાતમંદ પરિવારોને કીટ આપી



» સતત 36મા વર્ષે સેવા કાર્ય; 8 જીવનજરૂરી ચીજવસ્તુઓની કીટનું વિતરણ; મેયર ડો. નેહલ શુક્લના હસ્તે કીટ વિતરણ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટની જાણીતી સેવા સંસ્થા વિવેકાનંદ યુથ ક્લબ દ્વારા જન્માષ્ટમીના પાવન પર્વ નિમિત્તે સતત ૨૬મા વર્ષે જરૂરિયાતમંદ પરિવારો માટે સેવા કાર્ય કરવામાં આવ્યું હતું. સંસ્થા દ્વારા શહેરના વિધવા, નિરાધાર, થેલેસેમિક બાળકોના પરિવારો તથા જરૂરિયાતમંદ એવા 300 પરિવારોને જીવનજરૂરી ચીજવસ્તુઓની કીટનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું.

સમાજના જરૂરિયાતમંદ પરિવારો પણ જન્માષ્ટમીના તહેવારનો આનંદ માણી શકે તેવા શુભ આશયથી સુખી અને માનવતાપ્રેમી દાતાઓના સહયોગથી આ સેવા પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. કીટમાં ખાંડ, તેલ, ચણાનો લોટ, મેંદો, રવો, સીંગદાણા, મકાઈના થવા, મમરા સહિતની ૮ જીવનજરૂરી ચીજવસ્તુઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

કીટ વિતરણ કાર્યક્રમમાં રાજકોટના યુવા મેયર ડો. નેહલ શુક્લ મુખ્ય ઉપસ્થિત રહ્યા હતા. તેમના હસ્તે તેમજ મોઢ વણિક સમાજના અગ્રણી કિરીટભાઈ પટેલ, મહાનગરપાલિકાના શાસક પક્ષના નેતા ડો. હિરેન ખીમાણીયા, નિવૃત્ત પ્રિન્સિપાલ પન્નાબેન પંડયા, શહેર ભાજપના પૂર્વ મહામંત્રી કિશોરભાઈ રાઠોડ, કોર્પોરેટર ચંદાબેન વાળા સહિતના મહાનુભાવોના હસ્તે લાભાર્થી પરિવારોને કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ગૌસેવા પ્રેમી રમેશભાઈ ઠક્કર, બ્રહ્મ અગ્રણી જનાર્દન આચાર્ય, વૃક્ષપ્રેમી દિનેશભાઈ વોરા, યસ ફ્રેન્ડ ક્લબના માણસુરભાઈ વાળા, ફ્રીડમ યુવા ગ્રુપના પ્રવીણભાઈ ચાવડા, ઉદગમ સ્કૂલના હર્ષદભાઈ જલુ, ભારત વિકાસ પરિષદના દશરથસિંહ જાડેજા, સ્ટેટ બેન્ક પરિવારના પંકજ ઓઝા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે વિવેકાનંદ યુથ ક્લબના અનુપમ દોશી, પંકજ રૂપારેલિયા, સુનિલ વોરા, નલિન તન્ના, હસુભાઈ શાહ, જયેન્દ્રભાઈ મહેતા, દિનેશભાઈ ગોવાણી, ઉપમન્યુ રાવલ, પરિમલભાઈ જોશી સહિતના કાર્યકર્તાઓએ જહેમત ઉઠાવી હતી. સંસ્થા દ્વારા જન્માષ્ટમીના પર્વે જરૂરિયાતમંદ પરિવારોની મદદરૂપ બની માનવતાનું ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું હતું.

# નેપાલી પરિવારોને જન્માષ્ટમી ધર્મયાત્રામાં જોડાવા અપીલ

» 4 સપ્ટેમ્બરે યોજાનારી ધર્મયાત્રામાં નેપાલી સંસ્કૃતિની ઝલક દર્શાવતો ફ્લોટ પણ જોડાશે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

વિશ્વ હિન્દુ પરિષદ પ્રેરિત જન્માષ્ટમી મહોત્સવ સમિતિ રાજકોટ દ્વારા ૪ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ ધર્મયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ધર્મયાત્રામાં રાષ્ટ્રીયતા, હિન્દુ સંસ્કૃતિ અને વર્તમાન પરિસ્થિતિ અંગે જનજાગૃતિ આવે તેવા વિવિધ આયોજન કરવામાં આવ્યા છે.

શ્રી નેપાલી જનજાગૃતિ એકતા સમાજ રાજકોટ દ્વારા રાજકોટ જિલ્લામાં વસતા નેપાલી પરિવારોને ધર્મયાત્રામાં તન, મન અને ધનથી જોડાવા અપીલ કરવામાં આવી છે. સંસ્થાના કાર્યકર્તાઓ ભરતસિંહભાઈ રસાયેલી, કમલેશ ટમટ્ટા, મોહનલાલ લાલસિંગ ઠાકુર, સંદિપ ક્ષત્રિય અને વિક્રમભાઈ ટમટ્ટાએ નેપાલી સમાજના પરિવારોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા અનુરોધ કર્યો છે.ધર્મયાત્રામાં નેપાલી સંસ્કૃતિની અનુભૂતિ કરાવવા સંસ્થા દ્વારા વિશેષ ફ્લોટનું આયોજન કરવામાં આવ્યું છે. ફ્લોટને સુશોભિત કરવા માટે સુરેશભાઈ ટમટ્ટા, ટંક વિશ્વકર્મા, કરન ટમટ્ટા, રામપ્રસાદ ભંડારી, રમેશ પરિયાર, રમેશ ટમટ્ટા, બલબહાદુર પરિયાર, દિલીપ તીરૂવા, જનક ટમટ્ટા, નીતેશ ટમટ્ટા, નરેશ વિશ્વકર્મા, પુરન વિશ્વકર્મા, દેવ ઓડ, મોહનભાઈ લાલસિંગભાઈ સહિતના યુવા કાર્યકર્તાઓએ કામગીરી કરી છે. નેપાલી સંસ્કૃતિ અને પરંપરાની ઝલક સાથે ફ્લોટ ધર્મયાત્રામાં આકર્ષણનું કેન્દ્ર બનશે. સમાજના વધુમાં વધુ પરિવારો ધર્મયાત્રામાં જોડાય તેવી અપીલ સંસ્થાના પ્રમુખ વિક્રમભાઈ ટમટ્ટા દ્વારા કરવામાં આવી છે.





# શ્રાવણ મહિનાના ત્રીજા સોમવારે સોમનાથ મહાદેવના ચરણોમાં વંદન

**સિટી ન્યૂઝ@રાજકોટ**

સમગ્ર સૌરાષ્ટ્રમાં પવિત્ર શ્રાવણ મહિનો ચાલી રહેલ હોય, શ્રાવણ માસના ત્રીજા સોમવારના દિવસે નિધિ સ્કૂલના મેનેજિંગ ટ્રસ્ટી યશપાલસિંહ ચુડાસમા તેમજ તેમના પારિવારિક સભ્યો ખુમાનસિંહ જાડેજા (અકરી - કચ્છ),ઋતુરાજસિંહ જાડેજા (કાનભા - મઉ), રાજાભાઈ ગોહિલ (રાજસ્થળી), મહીપતભાઈ બસિયા (જૂનાગઢ), મયંકભાઈ ચાવડા, (અમદાવાદ), રાજુભાઈ ખુમાણ (જુનાગઢ), મંથન ઉપાધ્યાય (રાજકોટ) દ્વારા સોમનાથ મહાદેવને ધ્વજા રોહણ કરેલ હતું ,તેમ જ શિવ પૂજન કરેલ હતું, આ તકે "હર હર મહાદેવ" ના નાદ સાથે સોમનાથ મહાદેવને ધ્વજારોહણ કરેલ હતું, તેમ જ "સર્વે ભવન્તુ સુખી નઃ" થાય તેવી પ્રાર્થના કરેલ હતી.

# રાજકોટ-સિકંદરાબાદ એક્સપ્રેસ ટ્રેનમાં કાયમી ધોરણે એક વધારાનો થર્ડ એસી કોચ ઉમેરાયો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

મુસાફરોની સગવડ માટે રેલવે દ્વારા રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી રાજકોટ-સિકંદરાબાદ એક્સપ્રેસ અને સિકંદરાબાદ-રાજકોટ એક્સપ્રેસ ટ્રેનોમાં કાયમી ધોરણે એક વધારાનો થર્ડ એસી કોચ જોડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. વધુ માહિતી આપતા રાજકોટ ડિવિઝનના સીનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર (સીનિયર ડીસીએમ) શ્રી સુનિલ કુમાર મીનાએ જણાવ્યું હતું કે ટ્રેન નંબર ૨૨૭૧૭ રાજકોટ-સિકંદરાબાદ એક્સપ્રેસ તથા ટ્રેન નંબર ૨૨૭૧૮ સિકંદરાબાદ-રાજકોટ એક્સપ્રેસમાં તાત્કાલિક અસરથી કાયમી ધોરણે એક વધારાનો થર્ડ એસી કોચ જોડવામાં આવ્યો છે. આ ટ્રેનમાં હવે કુલ ૨૦ એલએચબી (LHB) કોચ હશે, જેમાં ૨ સેકન્ડ એસી, ૬ થર્ડ એસી, ૬ સ્લીપર, ૪ જનરલ કોચ, ૧ લગેજ વેન અને ૧ જનરેટર વેન સામેલ છે.


# રાજકોટ એસ.ટી. બસપોર્ટ પર બેઠક ઘટતાં મુસાફરોને હાલાકી


## 1200થી વધુ બસોની અવરજવર વચ્ચે બેઠક વ્યવસ્થા ઘટાડ્યાનો આક્ષેપ; પ્લેટફોર્મ 21-22 પર પંખાની સુવિધા નહીં

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ એસ.ટી. બસપોર્ટ પર મુસાફરોને પડતી પ્રાથમિક સુવિધાઓ અંગે ગુજરાત એસ.ટી. મુસાફર હિતરક્ષક સમિતિએ વિભાગીય નિયામક સામે રોષ વ્યક્ત કર્યો છે. સમિતિના ગજેન્દ્રસિંહ ઝાલા, એડવોકેટ ઈન્દુભા રાઓલ, પૂર્વ કોર્પોરેટર દિલીપભાઈ આસવાણી, નાગજીભાઈ વિરાણી સહિતના આગેવાનોએ જણાવ્યું છે કે રાજકોટ બસપોર્ટ પર મુસાફરોની સંખ્યા સતત મોટી હોવા છતાં બેઠક સહિતની સુવિધામાં વધારો કરવાને બદલે ઘટાડો કરવામાં આવ્યો છે.

સમિતિના જણાવ્યા મુજબ રાજકોટ એસ.ટી. બસપોર્ટ પર દરરોજ ૧૨૦૦થી વધુ બસોની અવરજવર રહે છે અને અંદાજે ૫૦ હજારથી વધુ મુસાફરોની આવનજાવન થાય છે. તહેવારો દરમિયાન મુસાફરોની સંખ્યા વધુ વધી જાય છે. આવી સ્થિતિમાં મુસાફરોને પૂરતી બેઠક





વ્યવસ્થા અને અન્ય પ્રાથમિક સુવિધાઓ મળવી જરૂરી છે.

સમિતિએ જણાવ્યું કે એક સમયે પ્લેટફોર્મ પર મુસાફરો માટે બેસવાની ચાર હરોળ હતી. પોલીસ ચોકીની સામે પણ બેઠક વ્યવસ્થા હતી. પરંતુ પોલીસ ચોકી સામેની બેઠક વ્યવસ્થા દૂર કરવા ઉપરાંત ચાર હરોળમાંથી બે હરોળ દૂર કરવામાં આવી છે. આમ, બેઠક વ્યવસ્થામાં નોંધપાત્ર ઘટાડો થયો છે. હાલની બે હરોળમાંથી પણ કેટલીક બેઠકો હટાવવામાં આવી હોવાનો દાવો સમિતિએ કર્યો છે.

બેઠકોની અછતને કારણે ખાસ કરીને તહેવારો દરમિયાન મુસાફરો, વિદ્યાર્થીઓ અને અપડાઉન કરતા લોકોને બસની રાહ જોતી વખતે કલાકો સુધી ઊભા રહેવું પડે છે અથવા જમીન પર બેસવાની ફરજ પડે છે. પ્લેટફોર્મ નંબર ૨૧ અને ૨૨ પર બેઠક વ્યવસ્થાની સાથે પંખાની સુવિધા પણ ન હોવાનો મુદ્દો સમિતિએ ઉઠાવ્યો છે.

સમિતિએ વધુમાં જણાવ્યું કે એસ.ટી.ના ભાડામાં ટૂંકા ગાળામાં ૩૮% જેટલો વધારો કરવામાં આવ્યો છે અને મુસાફરોને સારી સુવિધા તથા આધુનિક માળખું મળે તે હેતુથી ભાડા વધારાને મંજૂરી આપવામાં આવી હતી. બીજી તરફ કરોડોની આવક છતાં બસપોર્ટ પર બેઠક અને પંખા જેવી પ્રાથમિક સુવિધાઓ પૂરતી ન હોવાને લઈને સવાલો ઉઠાવવામાં આવ્યા છે.મુસાફર હિતરક્ષક સમિતિએ અગાઉ પણ આ અંગે વિભાગીય નિયામકનું લેખિતમાં ધ્યાન દોર્યું હોવાનું જણાવ્યું છે. સમિતિએ માંગ કરી છે કે બસપોર્ટ પર તાત્કાલિક પૂરતી બેઠક વ્યવસ્થા કરવામાં આવે તેમજ પંખા સહિતની પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે. મુસાફરોને લાંબા સમય સુધી ઊભા રહેવાની ફરજ ન પડે તે માટે તંત્ર યોગ્ય કાર્યવાહી કરે તેવી માંગ કરવામાં આવી છે.




**IPO DETAILS**

| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
|---|---|---|---|---|---|
| PURPLE STYLE LABS | 31/8 | 02/9 | 546 - 575 | 26 | 14,950 |
| RAYS OF BELIEF | 01/9 | 03/9 | 227 - 239 | 62 | 14,818 |
| DEEPA JEWELLERS | 01/9 | 03/9 | 168 - 177 | 84 | 14,868 |
| PRANAV CONSTRUCTIONS | 07/9 | 09/9 | 118 - 124 | 120 | 14,880 |
| VEEGALAND DEVELOPERS | 10/9 | 15/9 | 130 - 140 | 107 | 14,980 |

**SME DETAILS**

| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
|---|---|---|---|---|---|
| PHYCHEM TECHNOLOGIES | 31/8 | 02/9 | 51 - 54 | 4000 | 2,16,000 |
| SHANTI INORGANICS | 31/8 | 02/9 | 79 - 83 | 3200 | 2,65,600 |
| ASHUTOSH FIBRE | 31/8 | 02/9 | 87 - 92 | 2400 | 2,20,800 |
| FARM PEACE | 01/9 | 03/9 | 59 | 4000 | 2,36,000 |
| FLY-HI MARITIME TRAVELS | 01/9 | 03/9 | 102 | 2400 | 2,44,800 |
| QUALIANCE INTERNATIONAL | 04/9 | 08/9 | 120 - 127 | 2000 | 2,54,000 |

## આજના કંપની વિશેના નવીનતમ સમાચાર

- SML મહિન્દ્રા લિમિટેડ (અગાઉ SML ઈસુઝુ) એ ઓગસ્ટ ૨૦૨૬માં કુલ ૧,૧૭૫ યુનિટના વેચાણની નોંધણી કરી છે, જે ઓગસ્ટ ૨૦૨૫માં વેચાયેલા ૮૪૨ યુનિટની સરખામણીમાં વાર્ષિક ધોરણે ૪૦% નો વધારો દર્શાવે છે.
- બજાજ ઓટો દ્વારા ઑગસ્ટ ૨૦૨૬ કુલ ૫,૩૫,૭૬૪ યુનિટ્સ નું વેચાણ કર્યું છે, જે ઑગસ્ટ ૨૦૨૫ ના ૪,૧૭,૬૧૬ યુનિટ્સની સરખામણીએ ૨૮% નો વાર્ષિક વધારો દર્શાવે છે.
- એસ્કોર્ટ્સ કુબોટા દ્વારા ઑગસ્ટ ૨૦૨૬ દરમિયાન કુલ ૧૦,૦૭૨ ટ્રેક્ટર્સ નું વેચાણ કર્યું છે, જે ઑગસ્ટ ૨૦૨૫ ના ૮,૪૫૬ યુનિટ્સની સરખામણીએ ૧૯.૧% નો વાર્ષિક વધારો દર્શાવે છે.
- મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા દ્વારા ઑગસ્ટ ૨૦૨૬ ઓટોમોટિવ સેગમેન્ટમાં કુલ ૧,૦૭,૬૪૮ વાહનો નું વેચાણ કર્યું છે, જે ઑગસ્ટ ૨૦૨૫ ના ૭૫,૯૦૧ યુનિટ્સની સરખામણીએ ૪૨% નો વાર્ષિક વધારો દર્શાવે છે.
- હ્યુન્ડાઈ મોટર ઈન્ડિયા દ્વારા ઑગસ્ટ ૨૦૨૬ કુલ ૬૫,૭૯૬ યુનિટ્સ નું વેચાણ નોંધાવ્યું છે, જે ઑગસ્ટ ૨૦૨૫ ના ૬૦,૫૦૦ યુનિટ્સની સરખામણીએ ૮.૮% નો વાર્ષિક વધારો દર્શાવે છે.
- અશોક લેલેન્ડ લિ.એ જણાવ્યું છે કે કંપની ઓગસ્ટ, ૨૦૨૬ મહિનામાં કુલ (સ્થાનિક અને નિકાસ) ૨૧,૦૩૮ વાહનોનું વેચાણ કર્યું છે, જ્યારે ઓગસ્ટ, ૨૦૨૫ મહિનામાં ૧૫,૨૩૯ વાહનોનું વેચાણ કર્યું હતું, જે ૩૮ ટકાની વૃદ્ધિ દર્શાવે છે.

DISCLAIMER: અમે સેબીના રજિસ્ટર્ડ ઇન્વેસ્ટમેન્ટ એડવાઈઝર નથી અને અહીં અમે લે-વેંચની કોઇ સલાહ આપી રહ્યા નથી. આ લખાણ માત્ર માર્ગદર્શન પરતું છે. રોકાણ કરતાં પહેલાં આપનાં રજિસ્ટર્ડ ઇન્વેસ્ટમેન્ટ સલાહકારની સલાહ લેવી.

સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...

# તમારી સમસ્યા હવે છુપાશે નહીં!

## તમારી કોલોની – તમારો વોર્ડ – તમારો હક

**લાઈટ** બંધ રહે છે?



**ગંદુ પાણી** આવે છે?



**રસ્તા** તૂટેલા છે?



**ગંદકી અને સફાઈની** સમસ્યા છે?



હવે સીધી ફરિયાદ કરો – "સિટી ન્યૂઝ રાજકોટ" સુધી!

તમારી સમસ્યાનો **ફોટો / વિડિયો** મોકલો

અમે તેને સંબંધિત **અધિકારીઓ** સુધી પહોંચાડશું

ચૂંટણી હોય કે ન હોય –
"સિટી ન્યૂઝ" હંમેશાં રાજકોટની પડખે!



WhatsApp કરો:
**+91 81409 88883**

રાજકોટ

સ્વચ્છ અને સુવિધાયુક્ત રાજકોટ માટે
આપનો સહકાર જરૂરી